અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ ઓક્ટોબર ૨૦૨૩, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો વદ બીજ | અંક : ૬૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### ગાંધી-ગોડસે વિચારધારાની લડાઈ છે : રાહુલ ગાંધી



। કાલાપીપલ, તા.૩૦ ।

મધ્યપ્રદેશમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટે રાજકીય પક્ષોનો પ્રચાર તેજ થઈ ગયો છે ત્યારે આજે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી મધ્યપ્રદેશના કાલાપીપલ વિધાનસભા મતવિસ્તારના પોલાઈકલાનમાં કોંગ્રેસની જન આક્રોશ યાત્રામાં ભાગ લીધો હતો. શાજાપુરમાં જાહેરસભાને સંબોધતા તેમણે સરકાર પે ઘણા આક્રમક પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ તેના સંબોધનની શરૂઆત સાથે જ કહ્યું કે, આ વિચારધારાની લડાઈ છે. એક બાજુ ગાંધીની વિચારધારા છે તો બીજી બાજુ ગોડસેની વિચારધારા છે. એક તરફ નફરત, હિંસા અને અહંકાર છે તો બીજી બાજુ પ્રેમ અને ભાઈચારો છે. સરકાર અને મોદી સરકારને ટાર્ગેટ કરતા તેમણે કહ્યું કે, તેઓ જ્યાં જાય છે ત્યાં નફરત ફેલાવે છે. હવે તો સરકારથી મધ્યપ્રદેશના યુવાનો અને ખેડૂતો પણ નફરત કરી રહ્યા છે.

### ચૂંટણી બોન્ડ કાયદેસરની લાંચ હોવાનો ચિદમ્બરમનો આક્ષેપ



। નવી દિલ્હી, તા.૩૦ ।

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી.ચિદમ્બરમે શનિવારે ચૂંટણી બોન્ડને કાયદેસરની લાંચ ગણાવી હતી અને મોટો દાવો કરતાં કહ્યું કે ચાર ઓક્ટોબરે તેનો નવો ઈશ્યૂ જારી થશે જે ભાજપ માટે એક સોનેરી પાક સમાન બની ગયો છે. સરકારે શુક્રવારે ચૂંટણી બોન્ડનો ૨૮મો ઈશ્યૂ જારી કરવા માટે મંજૂરી આપી દીધી હતી. તે ચાર ઓક્ટોબરથી ૧૦ દિવસ વેચાણ માટે ઉપલબ્ધ રહેશે. આ નિર્ણય રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, તેલંગાણા અને મિઝોરમમાં આ વર્ષે પ્રસ્તાવિત વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને લેવાયો છે. આ રાજ્યોમાં ચૂંટણીની તારીખો ગમે ત્યારે જાહેર થઈ શકે છે.

## ૧લી ઓક્ટોબરથી વિદેશ પ્રવાસ પણ મોંઘો થઈ જશે

# ૭ લાખ રૂપિયાથી વધુના ટૂર પેકેજ પર ૨૦ ટકા ટીસીએસ લાગશે

**અગાઉ આ નિયમો ૧ જુલાઈથી લાગુ થવાના હતા, પરંતુ સરકારે આ માટે લોકોને ત્રણ મહિનાનો સમય આપ્યો**

। નવી દિલ્હી, તા.૩૦ ।

આજથી ઓક્ટોબર મહિનો શરૂ થશે, આ સાથે આજથી એટલે કે ૧લી ઓક્ટોબરથી વિદેશ પ્રવાસ પણ મોંઘો થઈ જશે. વાસ્તવમાં આવતીકાલથી વિદેશી ટૂર પેકેજ મોંઘા થવા જઈ રહ્યા છે. તે જ સમયે, વિદેશ પ્રવાસ માટે, ૭ લાખ રૂપિયાથી વધુના ટૂર પેકેજ પર ૨૦ ટકા TCS ચૂકવવા પડશે. તમને જણાવી દઈએ કે, હાલમાં ૭ લાખ રૂપિયાથી વધુના વિદેશી ટૂર પેકેજ પર ૫ ટકા TCS વસૂલવામાં આવે છે, જે આવતીકાલથી ૨૦ ટકા થઈ જશે. RBI ની LRS એટલે કે લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ હેઠળ, ૧ ઓક્ટોબર, ૨૦૨૩ થી વિદેશી રેમિટન્સ પર ૨૦ ટકા TCS ચૂકવવા પડશે. અગાઉ આ નિયમો ૧ જુલાઈથી લાગુ થવાના હતા, પરંતુ સરકારે આ માટે લોકોને ત્રણ મહિનાનો સમય આપ્યો છે અને ૧ ઓક્ટોબરથી નવા નિયમો લાગુ કરવા જઈ રહી છે. વિદેશ પ્રવાસના પેકેજ પર લાદવામાં આવેલા TCSની વધુ અસર વિદેશ પ્રવાસના શોખીન લોકો પર પડશે. તેની સૌથી વધુ અસર તે લોકો પર પડશે જેઓ ટુર પેકેજ લઈને વિદેશ જતા રહે છે. રૂ. ૭ લાખથી વધુની કિંમતના ટૂર પેકેજ પર ૨૦ ટકા TCS એટલે કે ટેક્સ કલેક્ટેડ એટ સોર્સ ચૂકવવો પડશે.



**RBIના LRS હેઠળ, રૂ. ૭ લાખથી વધુના વિદેશી રેમિટન્સ પર ૫ ટકા TCS વસૂલવામાં આવે છે**

તમને જણાવી દઈએ તો સરકારના ટૂર પેકેજ પર ૨૦ ટકા TCSના નિર્ણયની અસર પ્રવાસન ઉદ્યોગ પર પડી શકે છે. ત્યારે ટ્રાવેલ એજન્ટ એસોસિએશન ઓફ ઈન્ડિયાએ સરકારને વિદેશ પ્રવાસ પેકેજ પર ૨૦ ટકા TCS નાબૂદ કરવાની માંગ કરી છે. તેમનું કહેવું છે કે આના કારણે ડોમેસ્ટિક ટૂર ઓપરેટરોને નુકસાન થશે. આ નિર્ણયથી વિદેશમાં એજ્યુકેશન પર ૭ લાખ જેટલો ખર્ચ થશે તેનાથી વધુ નહી પરંતુ જૂના શાસનની જેમ, ૭ લાખ રૂપિયાથી વધુના તબીબી અને શિક્ષણ ખર્ચ પર ૫ ટકા TCS વસૂલવાનું ચાલુ રહેશે. હાલમાં, RBIના LRS હેઠળ, રૂ. ૭ લાખથી વધુના વિદેશી રેમિટન્સ પર ૫ ટકા TCS વસૂલવામાં આવે છે. પરંતુ સરકારે તેને વધારીને ૨૦ ટકા કરી દીધો છે. અગાઉ, વિદેશમાં આંતરરાષ્ટ્રીય ક્રેડિટ કાર્ડ દ્વારા કરવામાં આવતા ખર્ચને પણ તેના કાર્યક્ષેત્રમાં લાવવામાં આવ્યો હતો. પણ બેંકો અને કાર્ડ નેટવર્કની તૈયારીમાં વિલંબને કારણે સરકારે ક્રેડિટ કાર્ડ્સ પર TCS અંગેના નિર્ણયને થોડા સમય પુરતો મુલતવી રાખ્યો છે. નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર, ડેબિટ કાર્ડ દ્વારા કરવામાં આવતી ચુકવણીઓ LRSમાં સામેલ છે પરંતુ ક્રેડિટ કાર્ડ દ્વારા વિદેશમાં કરવામાં આવતા ખર્ચ તેના કાર્યક્ષેત્રમાં આવતા નથી.

## જમ્મુ-કાશ્મીરમાં ફરીથી સેના-આતંકીઓની અથડામણ

# કુપવાડામાં ઘૂસણખોરીનો પ્રયાસ કરતા બે આતંકીવાદીઓ ઠાર

**માછિલ સેક્ટરના કુમકરી હ્યહામામાં ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ કરાયો**



। કુપવાડા, તા.૩૦ ।

જમ્મુ કાશ્મીરના કુપવાડા સેક્ટરમાં ફરી એક વખત સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે. અહીં સેના અને પોલીસે જોઈન્ટ એપરેશનમાં ઘૂસણખોરીનો પ્રયત્ન કરી રહેલા બે આતંકવાદીઓને ઠાર કર્યા છે. ભારતીય સેવાના સૂત્રોએ જણાવ્યું કે, કુપવાડાના માછિલ સેક્ટરના કુમકરી હ્યહામામાં ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ કરી દેવામાં આવ્યો છે. ગુરૂવાર અને શુક્રવારની રાત્રિ દરમિયાન બે આતંકવાદીઓ પાકિસ્તાન સરહદ પરથી ભારતીય સરહદમાં ઘૂસણખોરીનો પ્રયત્ન કરી રહ્યા હતા. ત્યારે ત્યાં તૈનાત સૈનિકોએ ઘૂસણખોરોને પડકાર ફેંક્યો હતો અને ત્યારબાદ એક્કાઉન્ટર શરૂ થઈ ગયું હતું. આ ગોળીબારમાં બે આતંકવાદીઓ માર્યા ગયા છે. ઈન્ડિયન આર્મીને કોઈપણ પ્રકારની જાનહાનિના સમાચાર નથી. જમ્મુ કાશ્મીર પોલીસના ઈનપુટ પર હજુ પણ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. મૃતદેહોને મેળવવા માટે વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલું છે. સ્થાનિક સૂત્રોએ જણાવ્યું કે, હજુ વધુ આતંકવાદીઓની ઘૂસણખોરીની આશંકા છે. આ ઉપરાંત મૃતદેહોને મેળવવા માટે પણ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો છે. સામાન્ય લોકોને આ વિસ્તારમાં આવવા પર હાલમાં રોક લગાવી દેવામાં આવી છે. આ મહિનાની ૧૪ તારીખે જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં પણ એક્કાઉન્ટર થયુ હતું. આ એક્કાઉન્ટરમાં ભારતીય સેનાના બે અધિકારીઓ અને એક જવાન ઉપરાંત જમ્મુ કાશ્મીર પોલીસના ડીએસપી શહીદ થઈ ગયા હતા.

## કેન્દ્રીય પ્રધાનનું ચોંકાવનારું નિવેદન

# લોકસભાની ચૂંટણીમાં નાગપુરમાં બેનર-પોસ્ટર નહીં લગાડુ : ગડકરી

**નેતા ચૂંટણી પ્રચારમાં કોઈને ચા પણ નહીં પીવડાવે, ન તો હું લાંચ લઇશ અને ન તો કોઈને લેવા દઈશ : ગડકરી**



। નાગપુર, તા.૩૦ ।

બેબાક નિવેદનો માટે જાણીતા પ્રસિદ્ધ ભાજપ નેતા અને કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી તથા વરિષ્ઠ ભાજપ નેતા નિતિન ગડકરીએ કહ્યું કે તે ચૂંટણી પ્રચાર દરમિયાન તેમના લોકસભા ક્ષેત્ર નાગપુરમાં કોઈ બેનર કે પોસ્ટર નહીં લગાવે. સાથે જ તેમણે એમ પણ કહ્યું કે લોકોને ચા પણ નહીં પીવડાવે.

ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રના વાશિમમાં ત્રણ રાષ્ટ્રીય રાજમાર્ગ પરિયોજનાઓના ઉદઘાટન દરમિયાન નિતિન ગડકરીએ આ વાત કહી હતી. સાથે જ તેમણે વડાપ્રધાન મોદીના એ નિવેદનને પણ દોહરાવ્યું કે જેમાં તેઓ કહે છે કે ના ખાઈશ અને ન તો ખાવા દઈશ.

ગડકરીએ કહ્યું કે આ લોકસભા ચૂંટણી માટે મેં નિર્ણય કર્યો છે કે કોઈ બેનર કે પોસ્ટર નહીં લગાવીએ.

લોકોને ચા પણ નહીં પીવડાવીએ. જેમણે વોટ આપવા છે તે વોટ આપશે અને જેમણે નથી આપવા તે નહીં આપે. ન તો હું લાંચ લઈશ અને ન તો કોઈને લેવા દઈશ. મને વિશ્વાસ છે કે હું ઈમાનદારીથી તમારા સૌની સેવા કરી શકીશ.

## રિઝર્વ બેન્કે લોકોને નોટો બદલવામાં રાહત આપી

# રૂપિયા ૨૦૦૦ની નોટો હવે ૭ ઓક્ટોબર સુધી બદલી શકાશે

**આરબીઆઈએ ૧૯ મે, ૨૦૨૩માં ૨૦૦૦ રૂપિયાની નોટને સર્ક્યુલેશનથી બહાર કરી હતી, બદલવાની છેલ્લી તારીખ ૩૦ સપ્ટેમ્બર હતી**

। નવી દિલ્હી, તા.૩૦ ।

૨,૦૦૦ રૂપિયાની નોટો બદલવાની અંતિમ તારીખ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ નક્કી કરવામાં આવી હતી જેમાં હવે આરબીઆઈ લોકોને થોડી રાહત આપી સમયગાળાને વધાર્યો છે. આરબીઆઈએ ૨,૦૦૦ રૂપિયાની નોટો બદલવાની અંતિમ તારીખ ૦૭ ઓક્ટોબર ૨૦૨૩ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. તમારી પાસે પડેલી ૨૦૦૦ રૂપિયાની નોટો શક્ય તેટલી વહેલી તકે નજીકની બેંકમાં બદલો. આરબીઆઈએ ૧૯ મે, ૨૦૨૩ માં ૨૦૦૦ રૂપિયાની નોટને સર્ક્યુલેશનથી બહાર કરી હતી. તેમજ માર્કેટમાં ફરતી આ નોટને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ પહેલા બેંકમાં જમા કરાવવાની સુચના આપી હતી. જેમાં હવે સાત દિવસનો વધારો કર્યો છે. વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન દેશમાં ૨૦૦૦ની નોટ સૌથી વધુ પ્રચલિત હતી. આ દરમિયાન બજારમાં ૨૦૦૦ની ૩૩,૬૩૦ લાખ નોટો ચલણમાં હતી. તેમની કુલ કિંમત ૬.૭૨ લાખ કરોડ રૂપિયા હતી. ૨૦૨૧માં કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે લોકસભામાં માહિતી આપી હતી કે, છેલ્લા બે વર્ષથી ૨૦૦૦ રૂપિયાની એક પણ નોટ છાપવામાં આવી નથી.

## જયપુરમાં બે બાઈકની ટક્કર બાદ સાંપ્રદાયિક હિંસા

# જયપુરમાં સાંપ્રદાયિક હિંસા બાદ મોટી સંખ્યામાં ફોર્સ તૈનાત



। જયપુર, તા.૩૦ ।

રાજસ્થાનની રાજધાની જયપુરમાં ગઈકાલે બે બાઈકના અકસ્માત થયા બાદ બે જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી થયા બાદ મારામારી થઈ હતી જેમાં એક ચોક્કસ સમુદાયના યુવકનું મોત થયુ હતું. આ ઘટના બાદ આજે સાંપ્રદાયિક હિંસા ભડકી હતી, જેના પગલે મોટી સંખ્યામાં ફોર્સ તૈનાત કરવામાં આવી હતી. ગઈકાલે બે બાઈક વચ્ચેની ટક્કર સુભાષ ચોક પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. અકસ્માતની ઘટના સાંપ્રદાયિક હિંસામાં પરિવર્તિત થઈ હતી. બે જૂથો વચ્ચે આજે પણ શહેરમાં તંગદિલી ભર્યું વાતાવરણ સર્જાયું હતું અને ઘટનાને પગલે આજે બજારો બંધ રાખવામાં આવી હતી. જો કે હજારો લોકો આજે રસ્તા પર ઉતરી જતા પરિસ્થિતિ વણસતી જોઈને પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આ મામલે મુખ્યમંત્રી અશોક ગેહલોતે લોકોને શાંતિ જાળવવાની અપીલ પણ કરી છે. લાંબી ચર્ચા બાદ પીડિત પરિવારને ૫૦ લાખની આર્થિક સહાય અને પરિવારના એક સભ્યને કોન્ટ્રાક્ટ નોકરી આપવા સંમત થયા હતા.

# હિંમતનગરમાં ૨૧ વર્ષના યુવાનનું ઘરમાં જ હાર્ટએટેકથી મોત થયું

**કેવિન રાવલે રોબોટિક્સ સાયન્સનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો, યુવાન પુત્રના અકાળે મોતથી પરિવારજનો આઘાતમાં**

। હિંમતનગર, તા.૩૦ ।

રાજ્યમાં યુવાનોમાં હાર્ટ એટેકનું પ્રમાણ સતત વધી રહ્યું છે અને છેલ્લા ઘણા દિવસથી હાર્ટ એટેકથી મૃત્યુ થવાના કિસ્સાઓ વધી રહ્યા છે ત્યારે હવે હિંમતનગરમાં ૨૧ વર્ષીય યુવકનું હાર્ટ એટેકથી મૃત્યું થયું છે. ગુજરાતમાં હાર્ટ એટેકથી થતા મૃત્યુના કિસ્સાઓ સતત વધી રહ્યા છે ત્યારે આજે વધુ એક યુવાનનું હાર્ટ એટેકથી મોત થયું છે. હિંમતનગરમાં ૨૧ વર્ષીય યુવાન કેવિન રાવલનું હાર્ટ એટેકથી મોત થયું છે. ગઈકાલે મોડી રાત્રે કેવિન રાવલ તેના ઘરમાં ઢળી પડ્યો હતો જેથી તેને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યા તબીબોએ યુવકને મૃત જાહેર કર્યો હતો. કેવિન રાવલે રોબોટિક્સ સાયન્સનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. અચાનક યુવાન પુત્રના અકાળે મોતથી પરિવારજનો આઘાતમાં સરી પડ્યાં હતા. હજુ ત્રણ દિવસ પહેલા જ અમદાવાદના યુવકનું હાર્ટ એટેકથી મોત થયું હતું. હર્ષ સંઘવી નામનો યુવક રાજસ્થાન તીર્થ યાત્રાથી પરત ફરી રહ્યો હતો ત્યારે બસમાં જ અચાનક હાર્ટ એટેક આવ્યો હતો. આ ઉપરાંત જામનગર અને સુરતમાં હાર્ટ એટેકના બે બનાવ બન્યા હતા, જેમાં જામનગરમાં પટેલ પાર્ક વિસ્તારમાં ૧૯ વર્ષીય યુવકનું ગરબા પ્રેક્ટિસ કરતાં હૃદય રોગના હુમલાથી અપમૃત્યુ થયુ હતું અને સુરતના કતારગામ જીઆઈડીસી વિસ્તારમાં યુવાનનું ઊંઘમાં હાર્ટ અટેકથી મોત થયું હતું.



### અમદાવાદ સાયબર યુનિટને મોટી સફળતા | અમદાવાદ સાયબર યુનિટ અને કસ્ટમ વિભાગે મોટી માત્રામાં આવી પુસ્તકો અને રમકડા પકડી પાડ્યા છે

# પુસ્તકોના પાનને ડ્રગ્સમાં પલાળીને કરવામાં આવતી હતી ડિલીવરી

| અમદાવાદ, તા.૩૦ |

રાજ્યમાં છાશવારે ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ થઈ રહ્યો છે. ત્યારે અમદાવાદ સાયબર યુનિટે પાર્ટી ડ્રગ્સ ઓનલાઈન ઓર્ડર કરવાના આંતરરાષ્ટ્રીય રેકેટનો પર્દાફાશ કર્યો છે. અમેરિકા, કેનેડા અને ફુકેતમાં બેઠેલા આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયા દેશના અલગ અલગ ભાગોમાં નવી જ મોડસ ઓપરન્ડી દ્વારા ડ્રગ્સ મોકલતા હોવાનુ કૌભાંડ ઝડપી પાડવામાં આવ્યું છે. આ ડ્રગ્સ આંતરરાષ્ટ્રીય કુરિયર કંપની મારફતે પુસ્તકો અને રમકડાની આડમાં મંગાવવામાં આવતુ હતુ. જોકે, આની મોડસ ઓપરેન્ડી એકદમ નવી અને હેરાન કરનારી છે. આ ડ્રગ્સ પુસ્તકોનાં પાનામાં મોકલવામાં આવતું હતુ. અમદાવાદ સાયબર યુનિટ અને કસ્ટમ વિભાગે મોટી માત્રામાં આવી પુસ્તકો અને રમકડા પકડી પાડ્યા છે. હાલ આ ટીમ દ્વારા ડ્રગ્સ પેડલર્સ અને ખરીદનારાઓને ટ્રેસ કરી લેવાયા છે.

આ અંગે હાલ મળતી માહિતી પ્રમાણે, આ ડ્રગ્સને પુસ્તકોના પાનાને ડ્રગ્સમાં પલાળીને રાખવામાં આવે છે. જે બાદ આ પુસ્તકોની ડિલીવરી કરવામાં આવે છે. ડ્રગ્સના ઉપયોગ માટે આ પુસ્તકોનાં



પાનને ફાળીને તેને ક્રશ કરીને તેનો ડ્રગ્સના ફોર્મમાં ઉપયોગ કરવામાં આવતો હતો. આ એક અગલ પ્રકારની મોડસ ઓપરન્ડી જોવા મળી છે.

માહિતી એવી પણ મળી રહી છે કે, માત્ર પુસ્તકોના પાનામાં જ નહીં તેના હાર્ડ કવરમાં પણ પાર્ટી ડ્રગ્સ મંગાવવામાં આવી રહ્યુ હતુ. આવી માહિતી સામે આવતા પોલીસના અધિકારીઓ પણ હેરાન રહી ગયા હતા.

આ પુસ્તકો અને રમકડાને આંતરરાષ્ટ્રીય કુરિયર કંપનીના ગોડાઉન છે તેમાંથી પકડવામાં આવ્યા છે. આ સાથે સાયબર યુનિટ પાસે જે લોકોએ આ પુસ્તકો અને રમકડાં વિદેશોથી મંગાવ્યા છે તેમની માહિતી પણ ટ્રેસ કરી લેવામાં આવી છે. આવનારા સમયમાં આ રેકેટ સાથે સંકળાયેલા પેડલરો અને આ પુસ્તકો રમકડાં મંગાવનારાઓની પણ ધરપકડ થઈ શકે છે. આ ડાર્ક વેબનું જે ષડયંત્ર ચાલી રહ્યુ હતુ તેનું પેમેન્ટ ક્રિપ્ટો કરન્સી અને ક્રેડિટ કાર્ડથી કરવામાં આવતું હતુ.(પ્રતિકાત્મક તસવીર)

હાલ કેનેડા અને ભારતના રાજનૈતિક રીતે જે સંબંધો વળસ્યા છે ત્યારે કેનેડામાં બેસીને ભારતના અલગ અલગ વિસ્તારોમાં ડ્ર્ગ્સ મોકલવાની વાતમાં અનેક ખુલાસા થઈ રહ્યા છે. જેના કારણે પણ અમદાવાદ સાયબર યુનિટે ઝડપેલા આ આંતરરાષ્ટ્રીય રેકેટનો પર્દાફાશ ઘણો જ મહત્ત્વનો છે.

### એક અઠવાડિયામાં ટેન્ડર પ્રક્રિયા કરાશે શરૂ

## અમદાવાદમાં ભ્રષ્ટાચારનો પર્યાય બનેલા હાટકેશ્વર બ્રિજને તોડવામાં આવશે

### હાટકેશ્વરબ્રિજ કેસમાં અજય એન્જિનિયરિંગના ડાયરેક્ટર સહિત ૧૦ સામે ચાર્જશીટ તૈયાર કરાઇ હતી



| અમદાવાદ, તા.૩૦ |

અમદાવાદ ખોખરા હાટકેશ્વર બ્રિજ કાંડ મામલે હવે મનપા કમિશનર એમ થેન્નારસનનું નિવેદન સામે આવ્યું છે. ભ્રષ્ટાચારનો પર્યાય બનેલા હાટકેશ્વર બ્રિજને તોડવામાં આવશે. આગામી એક અઠવાડિયામાં ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવશે તેવું પણ જણાવવામાં આવ્યું છે. મનપા કમિશ્નર એન. થેન્નારસને સામાન્ય સભામાં આ સ્પષ્ટતા કરી છે. અમદાવાદ ખોખરા હાટકેશ્વર બ્રિજ કાંડ મામલે હવે મનપા કમિશનર એમ થેન્નારસનનું નિવેદન સામે આવ્યું છે. ભ્રષ્ટાચારનો પર્યાય બનેલા હાટકેશ્વર બ્રિજને તોડવામાં આવશે. આગામી એક અઠવાડિયામાં ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવશે તેવું પણ જણાવવામાં આવ્યું છે. મનપા કમિશ્નર એન. થેન્નારસને સામાન્ય સભામાં આ સ્પષ્ટતા કરી છે. બ્રિજને તોડવાના કામને લઈ આગામી એક અઠવાડિયામાં ટેન્ડર પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. મનપા કમિશ્નર એન. થેન્નારસને સામાન્ય સભામાં આ અંગે સ્પષ્ટતા કરી હતી. બ્રિજ તોડી નવો બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા કરાશે. જ્યુડિશિયલ બાબત હોવાના કારણે ટેન્ડર પ્રક્રિયા મોડી થઈ હોવાનો સ્વીકાર કર્યો. હાટકેશ્વર બ્રિજ કેસમાં અજય એન્જિનિયરિંગના ડાયરેક્ટર સહિત ૧૦ લોકો સામે ચાર્જશીટ તૈયાર કરાઈ હતી. ચાર્જશીટમાં ૬૫ થી વધુ સાક્ષીઓ અને અનેક દસ્તાવેજી પુરાવાઓ સામેલ હતા. ચાર્જશીટમાં ૧૨ થી વધુ ભાગેડુ આરોપી પણ દર્શાવાયા હતા. હાટકેશ્વર બ્રિજ બન્યાના થોડા સમયમાં જ વાહનો આ બ્રિજ બંધ માટે કરાયો હતો. તંત્ર દ્વારા બ્રિજની કામગીરીમાં તમામ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. બ્રિજ બનાવતા દરમિયાન થયેલી ગેરીરીતિના સતત તપાસ બાદ આખરી નિર્ણય લેવામાં આવ્યો છે જે નિર્ણય બ્રિજ તોડવા માટેનો છે.

## ગુજરાતના ખેડૂતોના ઉભા પાકને બહોળું રક્ષણ મળશે

| ગાંધીનગર, તા.૩૦ |

ભારત સદીઓથી કૃષિ પ્રધાન દેશ રહ્યો છે, અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દેશના ખેડૂતોની આવક વધારીને તેમને સમૃદ્ધ બનાવવાનો નિર્ધાર કર્યો છે. વડાપ્રધાનના નિર્ધારને પરિપૂર્ણ કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર હરહંમેશથી પ્રયત્નશીલ રહી છે. રાજ્યના ખેડૂતોને પ્રાધાન્ય આપી રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના હિત અને સર્વાંગી વિકાસ માટે અનેક મહત્વપૂર્ણ નિર્ણય કર્યા છે. ખેડૂતો તરફથી મળેલી રજૂઆતોને હકારાત્મક વાચા આપતા ચાલુ વર્ષના બજેટમાં ખેતરની ફરતે સોલાર ફેન્સીંગ બનાવવા માટે સોલાર પાવર કીટની ખરીદી માટે ખેડૂતોને નાણાંકીય સહાય આપવાની યોજનામાં અઢી ગણો વધારો કરીને રૂ. ૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું



હતું કે, રાજ્યભરમાં વન્ય અને રખડતા પ્રાણીઓ દ્વારા ખેડૂતોના ઊભા પાકને થતા નુકશાનને અટકાવવા રાજ્ય સરકાર દ્વારા ખેતરની ફરતે લોખંડની કાંટાળી તારની વાડ બનાવવાની યોજના ૧૮ વર્ષથી અમલમાં છે. પરંતુ રક્ષિત વાડ માટે વ્યક્તિગત ધોરણે કામગીરી કરવી હોય તો તેવા કિસ્સામાં રાજ્ય સરકાર દ્વારા ગત વર્ષ ૨૦૨૨-૨૩માં વૈકલ્પિક યોજના સ્વરૂપે ખેતરની ફરતે સોલાર ફેન્સીંગ બનાવવા માટે સોલાર પાવર કીટની ખરીદી માટે ખેડૂતોને નાણાંકીય સહાય આપવાની યોજના રૂ.૨૦ કરોડની જોગવાઈ સાથે અમલમાં મૂકવામાં આવી હતી. ચાલુ વર્ષે આ યોજના માટે બજેટમાં રૂ.૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે યોજનાના બજેટમાં અઢી ગણો વધારો થતા ગત વર્ષની સરખામણીમાં ૧૩ હજાર ખેડૂતોની જગ્યાએ ચાલુ વર્ષે ૩૩ હજાર ખેડૂતોને આ યોજનાનો લાભ મેળવી શકશે. આ યોજના માટે રાજ્યના તમામ ખાતેદાર ખેડૂતને કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂ.૧૫,૦૦૦ બંનેમાંથી જે ઓછું હોય તે મુજબ ખાતા દીઠ સહાય આપવામાં આવશે. આ યોજનાનો લાભ મેળવવા ઈચ્છુક ખેડૂતો માટે આઈ-ખેડૂત પોર્ટલ ટૂંક સમયમાં જ ખુલ્લું મૂકવામાં આવશે.

### માત્ર છ વર્ષમાં જ ફરીવાર સમારકામ કરવાની ફરજ પડી

## રેલનગર અંડરબ્રિજ વાહનચાલકો માટે બંધ, બે મહિના સમારકામ ચાલશે

### મળતી માહિતી અનુસાર, તળિયામાં કેમિકલ નાખી વોટરપ્રૂફિંગ કરવામાં આવશે, જેથી બારેમાસ આવતું પાણી અટકી જશે

| રાજકોટ, તા.૩૦ |

રાજકોટના મહત્વના ગણાતા રેલનગરમાં આવેલા અંડરબ્રિજમાં માત્ર છ વર્ષમાં જ ફરીવાર સમારકામ કરવાની ફરજ પડી છે. મહત્વનુ છે કે જ્યાં સુધી સમારકામ ચાલશે ત્યાં સુધી એટલે કે, બે મહિના સુધી વાહનચાલકોએ હાલાકીનો સામનો કરવાનો વારો આવશે. વાહનચાલકોએ માધાપર ચોકડી અને પોપટપરાના નાળાવાળા રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. જેથી બે મહિના સુઝધી બેથી ત્રણ કિલોમીટર ફરીને જવાનો વારો આવશે. રાજકોટના રેલનગરમાં આવેલા અંડરબ્રિજમાં માત્ર છ વર્ષમાં જ ફરીવાર સમારકામ કરવાનો વારો આવ્યો. આ અંડરબ્રિજનું સમારકામ શરૂ કરી દીધું છે. આ સમારકામ ૬૦ દિવસ એટલે કે, બે મહિના ચાલશે. તેથી બે મહિના સુધી આ અંડરબ્રિજ વાહનચાલકો માટે બંધ રહેશે. મળતી માહિતી અનુસાર, તળિયામાં કેમિકલ નાખી વોટરપ્રૂફિંગ કરવામાં આવશે. જેથી બારેમાસ આવતું પાણી અટકી જશે. આ સિવાય અહીં પંપિંગ મશીનો પણ બદલવામાં આવશે. તો બ્રિજનો ઢાળ પણ સરખો કરવામાં આવશે. તેથી વાહનચાલકોને પણ આગામી દિવસોમાં કોઈ મુશ્કેલીનો સામનો કરવાનો વારો નહીં આવે. હવે સવાલ એ છે કે, ૬ વર્ષમાં જ એવું તો શું થયું કે અંડરબ્રિજનું સમારકામ કરવાની ફરજ પડી. આ મામલે અધિકારીઓને પૂછતા તેમણે કહ્યુ કે, આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ રહે છે અને તેનો ઢોળ બ્રિજ તરફ છે. તેથી અંડરબ્રિજમાં પણ પાણી ભરાઈ જાય છે.

### ઘોઘાવાડા તાબે રઘનાથપુરાની દુર્ઘટના ઘટી

## ખેડામાં કપડા સૂકવવા જતા વીજ કરંટ લાગતા દેરાણી જેઠાણીના મોત

| ખેડા, તા.૩૦ |

ખેડા વિસ્તારમાથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં કઠલાલ તાલુકામાં કરંટ લાગતા બે મહિલાના મોત થયા છે. ઘોઘાવાડા તાબે રઘનાથપુરામાં આ દુર્ઘટના ઘટી છે. ટેરેસ પર કપડા સૂકવવા જતા મહિલાને વીજ કરંટ લાગ્યો હતો. વસ્તારમાથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીં કઠલાલ તાલુકામાં કરંટ લાગતા બે મહિલાના મોત થયા છે. ઘોઘાવાડા તાબે રઘનાથપુરામાં આ દુર્ઘટના ઘટી છે. ટેરેસ પર કપડા સૂકવવા જતા મહિલાને વીજ કરંટ લાગ્યો હતો. કરંટ લાગતા બંને મહિલાઓને હોસ્પિટલે ખસેડાઈ હતી. જો કે, હોસ્પિટલમાં બંને મહિલાઓને તબીબ દ્વારા મૃત જાહેર કરાઈ હતી.

એક મૃતક મહિલાનું નામ સુધાબેન દિલીપભાઈ ભોઈ હતું જેની ઉંમર ૩૮ વર્ષની હતી. જ્યારે બીજા મહિલાનું નામ સુરેખાબેન વિક્રમભાઈ ભોઈ હતું અને તેમની ઉંમર ૩૩ વર્ષની હતી. સગપણમાં બંને મહિલા દેરાણી જેઠાણી હોવાનું સામે આવ્યું છે. ઘટનાને લઈ પરિવાર અને ગામમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. હાલમાં બન્ને મૃતકોના મૃતદેહને પીએમ માટે કઠલાલ સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે.

## પલસાણાના બગુમરા ગામે વધુ એક યુવાનનું ગરબા રમતા રમતા મોત

| સુરત, તા.૩૦ |

પલસાણાના બગુમરા ગામે આમલી ફળિયામાં મિત્રો સાથે ૨૧ વર્ષીય યુવક ગરબાની પ્રેક્ટિસ કરી રહ્યો હતો. આ દરમિયાન કોઈ કંઇ સમજે તે પહેલા જ યુવક અચાનક ઢળી પડ્યો હતો. તેથી યુવકને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો હતો જ્યાં તબીબોએ યુવકને મૃત જાહેર કર્યો હતો. યુવાન દીકરાના મોતથી પરિવારમાં શોકનો માહોલ છે. છેલ્લા કેટલાક દિવસોથી ગરબે રમતા રમતા યુવકોના મોત થવાની ઘટનાઓ વધી છે, ત્યારે વધુ એક ઘટના સુરતમાં સામે આવી છે. પલસાણાના બગુમરા ગામે આમલી ફળિયામાં મિત્રો સાથે ૨૧ વર્ષીય યુવક ગરબાની પ્રેક્ટિસ કરી રહ્યો હતો. આ દરમિયાન યુવક અચાનક જ ઢળી પડ્યો હતો. તેથી યુવકને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો હતો. જ્યાં તબીબોએ યુવકને મૃત જાહેર કર્યો હતો. યુવાન દીકરાના મોતથી પરિવારમાં શોકનો માહોલ છે. માત્ર આઠ દિવસમાં ગરબા રમતા રમતા ત્રણ આશાસ્પદ યુવકોના મોત થયા છે. જામનગરમાં પણ ગરબા ક્લાસમાં યુવકને પ્રેક્ટિસ દરમિયાન હદય રોગનો હુમલો આવ્યો અને યુવકનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું.

### વિશેષ લેખ

### ૧ ઓક્ટોબર, સ્વૈચ્છિક રક્તદાતા દિવસ : તબીબી સારવારમાં સ્વૈચ્છિક રક્તદાતાનું વિશેષ મહત્વ

# ત્રિપુરા રાજ્યમાં સ્વૈચ્છિક રક્તદાતામાં ૯૩ ટકા સાથેનું દેશમાં પ્રથમ નંબરે



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

૧ ઓક્ટોબર રાષ્ટ્રીય સ્વૈચ્છિક રક્તદાન દિવસઉજવાય છે.કોઈપણ તાત્કાલિક અને ગંભીર જરૂરીયાત માટે લોહીને બ્લડબેંકમાં સ્ટોક રાખવો પડતો હોય છે ત્યારે યુવા સ્વૈચ્છિક રક્તદાતા જે તે ઘટપૂરી કરીને મહામૂલી સેવા કરી શકે છે. આજના દિવસનો સંકલ્પ એટલે રક્તદાન. એક માનવીની લોહીની જરૂરીયાત બીજો માનવી જ પૂરી પાડી શકે છે. રક્તદાતાની મહામૂલી સેવા થકી જ કોઇકનું જીવન બચાવી શકાય છે. પ્રત્યેક વ્યક્તિ નિયમિત સ્વૈચ્છિક રક્તદાન કરે તો જ તબીબી સારવારમાં માનવરક્તની વપરાતી ખોટ પૂરી થાય: રક્તદાતાની મહામૂલી સેવા થકી જ કોઇકની જીંદગી બચાવી શકાય છે

લોહી એક જીવંત પ્રવાહી છે, તેની સારવાર દ્વારા કરોડો લોકોને મૃત્યુના મુખમાંથી ઉગારી લેવાયા છે, તબીબી સારવારમાં સ્વૈચ્છિક રક્તદાતાનું વિશેષ મહત્વ છે. ભારતમાં ટ્રાન્સફ્યુઝન મેડિસીનના પિતા ગણાતા ડોક્ટર જય ગોપાલ જોલીએ આપેલા યોગદાનની યાદમાં દર વર્ષે આજના દિવસે સ્વૈચ્છિક રક્તદાન દિવસ તરીકે ઉજવાય છે. આજે સમગ્ર દેશમાં વિવિધ ઉજવણી થશે ત્યારે પુખ્ત વયના યુવાધન સ્વૈચ્છિક રક્તદાન કરીને ઉજવણી કરે તેવો શુભ હેતુ આજના દિવસનો છે. રક્ત તબદિલીના ક્ષેત્રમાં ડો.જોલીનું નામ વૈશ્વિક સ્તરે જાણીતું હતું અને તેને જ સ્વૈચ્છિક રક્તદાનની ચળવળ સૌથી પહેલા કરી હતી.

ભારત સરકારે પણ રાષ્ટ્રીય રક્ત નીતી બનાવીને આ પ્રયાસોને વેગ આપ્યો હતો. સૌના સહિયારા પ્રયાસો થકી આજે લોકો સામેથી બ્લડ બેંકમાં જઇને પોતાનું રક્તદાન કરે છે. રાજકોટની લાઈફ બ્લડ બેંકનાં છેલ્લા ૪ દાયકાના જન જાગૃતિના પ્રયાસો સાથે ચંદ્રકાંતભાઈ કોટિચાની સક્રિય કામગીરીથી સૌરાષ્ટ્રમાં રક્તદાનનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે. આજે લગભગ દરરોજ બ્લડ ડોનેશન કેમ્પો યોજાય રહ્યાં છે. રક્ત ચિકિત્સાના શૈક્ષણિક વિકાસને કારણે થેલેસેમીયા-હિમોફીલીયા જેવા દર્દોમાં દર્દી નિયમિત સ્વૈચ્છિક રક્તદાતાને કારણે સરળતાથી રક્ત મળી શકે છે.

વ્યક્તિના જીવનમાં લોહીની જરૂરીયાત અને મહત્વના પ્રચાર-પ્રસાર માટે દર વર્ષે આજના દિવસે ઉજવણી કરાય છે. આજના દિવસની ઉજવણી આપણાં દેશમાં ૧૯૭૫થી શરૂ કરાય હતી. સ્વૈચ્છિક રક્તદાતાની અનન્ય સેવાને કારણે જ કોરોના જેવી વૈશ્વિક મહામારીમાં પણ અખૂટ રક્ત સેવા કરી શક્યા હતાં. ૧૯૭૧માં બ્લડ ટ્રાન્સફ્યુઝન એન્ડ ઈમ્યૂનો હેમેટોલોજીની સ્થાપના કરવામાં આવી હતી. આજના દિવસે લોકોમાં રક્ત ઉપલબ્ધતા, બ્લડ બેંક, લોહીના ઘટકો , બ્લડ કમ્પોનન્ટ સેપરેશન યુનિટ, રક્તસંગ્રહ કેન્દ્રો-રક્તદાતા અને તેની વિવિધ સંસ્થા સાથે સરકારી-ખાનગી બ્લડ બેંકની વિવિધ માહિતી જાણવી જરૂરી છે. સમાજસેવી સંસ્થાની રક્તસેવા પ્રોજેક્ટ થકી પણ હજારો લોકોના આપણે જીવ બચાવી શક્યા છીએ. આજનો દિવસ જ તેના મહત્વની જાણકારી એકબીજાને આપવા માટેનો છે. ખાસ તો દેશનો યુવાધન આ બાબતે સક્રિય રીતે જોડાય તે ખૂબ જ જરૂરી છે.

આજના નેશનલ સ્વૈચ્છિક રક્તદાન દિવસનો મુખ્ય ઉદ્દેશ સ્વૈચ્છિક રક્તદાનના મહત્વ વિશે સમગ્ર દેશમાં લોકોમાં જાગૃતિ લાવવી અને જરૂરીયાતમંદ દર્દીઓની તાત્કાલીક જરૂરીયાત પૂરી કરવા માટે સ્વૈચ્છિક રક્તદાનનું લક્ષ્ય સફળતા પૂર્વક હાંસલ કરવાનો છે. આજના દિવસે સ્વૈચ્છિક રક્તદાતા તરફ આભારની લાગણી પણ પ્રગટ કરવાનો દિવસ છે. તંદુરસ્ત વ્યક્તિ




હોવા છતાં રક્તદાન કરવામાં રસ ન ધરાવતા લોકોને પ્રોત્સાહિત કરવા એ પણ ઉત્તમ સેવા છે. જરૂરીયાતમંદ વ્યક્તિને રક્ત અથવા તેના ઘટકોનું પરિવહન અથવા દાન આધુનિક સારવાર-આરોગ્ય સંભાળ પ્રણાલીમાં માનવતાનો મોટો ભાગ છે. બ્લડ ડોનર કે બ્લડ રિસીવર કોણ છે એ મહત્વનું નથી ભવિષ્યમાં રક્તદાન કરનારને પણ રક્ત ચડાવવાની જરૂર પડી શકે છે. સતત ત્રણ મહિને રક્તદાન કરનાર નિયમિત ડોનર સાથે તંદુરસ્ત ડોનર પણ છે. આજના દિવસે પરિવાર કે સગાસંબંધી માટે જ નહીં પણ કોઈપણ માણસ માટે રક્તદાન કરો.

રક્ત સંક્રમણ દ્વારા ફેલાના વિવિધ રોગોને રોકવા જેમકે એઈડ્સ, ગુપ્ત રોગોને રોકવા એકત્રિત લોહીના દરેક એકમની કાળજી પૂર્વકથી તપાસ પણ કરતી અતિ આવશ્યક છે. આજે તો ન્યુક્લિક એસીડ પરિક્ષણ જેવી અદ્યતન તકનીકો ઉપલબ્ધ છે. ડ્રગ્સ એન્ડ કોસ્મેટીક એક્ટ ૧૯૪૦ મુજબ રક્તદતાઓ માટે વિવિધ માપદંડ છે. રક્તદાતાની ઉંમર ૧૮ થી ૬૦ વચ્ચે હોવી જોઈએ તે વજન ૪૫ કિલોથી વધુ હોવુ જોઈએ. લોહી માનવ જીવનનો મહત્વનો ઘટક છે. કારણ કે તે શરીરની પેશીઓ અને અંગોને નિર્ણાયક પોષણ પુરૂ પાડે છે. આજના દિવસની ઉજવણી સમાજમાં મોટા ફેરફાર લાવવા માટે કરવામાં આવે છે, જેથી જીવન બચાવવાના પગલાઓ ઝડપી લઈ શકાય છે. હિંસા, ઈજા, બાળજન્મને લગતી મુશ્કેલીઓ માર્ગ ટ્રાફિક અકસ્માતો અને બીજી ઘણી પરિસ્થિતિઓને કારણે થતી ગંભીર બીમારીને રોકી શકાય છે. સુરક્ષિત રક્તદાન દર વર્ષે તમામ ઉંમરના અને જીવનનાં તમામ ક્ષેત્રોના ઘણા લોકોનું જીવન બચાવે છે. આપણા દેશમાં ત્રિપુરા રાજ્યમાં સ્વૈચ્છિક રક્તદાતાનું ૯૩ ટકા સાથેનું પ્રમાણ પ્રથમ નંબરે છે જ્યારે તામિલનાડું, બંગાળ, મહારાષ્ટ્ર જેવા રાજ્યો ટોપ-૫ માં આવે છે. મણીપૂર રાજ્યમાં દેશની સૌથી નીચી ટકાવારી રક્તદાતાની જોવા મળે છે. આજે સ્વૈચ્છિક રક્તદાન અભિયાન પ્રત્યે સામાન્ય લોકોની અજ્ઞાનતા, ભય અને ગેરસમજો દૂર કરવાનો શુભાશય છે.

આજે દરેક સવારથી સાંજ સુધીમાં ઇચ વન ટીચ વન નીતી અનુસાર મિત્ર સર્કલમાં આનો પ્રચાર-પ્રસાર કરે અને રક્તદાન અવશ્ય કરે. આજે બ્લડ કોમ્પનન્ટ સિસ્ટમને કારણે લોહીમાંથી વિવિધ ઘટકો છૂટા પાડીને દર્દીની જરૂરિયાત મુજબ તેજ ઘટક ચડાવવાથી રીકવરી ફાસ્ટ આવે છે તો સામે એક જ બ્લડમાંથી ત્રણ-ચાર લોકોની જીંદગી બચાવી શકીએ છીએ.

ઘણા લોકો રક્ત દાન (બ્લડ ડોનેટ) કરવાથી ખચકાય છે. પરંતુ જાણકારોનું કહેવું છે કે રક્તદાન કરવાથીઘણા ફાયદા થાય છે. હૃદયના સ્વાસ્થ્ય, વજન ઘટાડવા માટે અને શરીરનું સ્વાસ્થ્ય સુધારવા માટે બ્લડ ડોનેટ કરવું જરૂરી છે. રક્ત દાન કરવાથી દાતાના શરીર અને મન બંને પર સારો પ્રભાવ પડે છે. તમને આવુ કરવાથી કોઈને જીવન આપવાનું મહાન કામ કર્યાનો તો સંતોષ થાય જ છે .પણ સાથે સાથે તમારી હેલ્થને પણ ફાયદા થાય છે.

**રક્તદાન કોણ કરી શકે?**

૧૮થી ૬૦ વર્ષની વયની કોઈપણ વ્યક્તિ બ્લડ ડોનેટ કરી શકે છે. જો તમે કોઈ બીમારીથી પીડાતા હોવ કે પછી દવા લેતા હોવ તો બ્લડ ડોનેટ કરતા પહેલા પોતાના ડોક્ટરની સલાહ લઈ લો અને તેમને તપાસ સમયે પૂરેપૂરી જાણકારી આપો. હિમોગ્લોબિન લેવલ સારુ હોય તો મહિલાઓ પણ બ્લડ ડોનેટ કરી શકે છે. જો કે પીરિયડ્સ, ગર્ભાવસ્થા અને સ્તનપાન કરાવતી સ્ત્રીઓ બ્લડ ડોનેટ ન કરી શકે.

તમારા રક્ત દાનથી ત્રણ જીંદગી બચાવી શકો છો, જેમા સાવધાનીથી કરાયેલુ બ્લડ ડોનેશન સંપૂર્ણ પણે સુરક્ષિત હોય છે. કોઈ જરૂરિયાતમંદને આ તમારા તરફથી અપાયેલો બેસ્ટ ઉપહાર હોઈ શકે છે. તમારા બ્લડને પ્લાઝમા, પ્લેટલેટ અને રેડ બ્લડ સેલ એમ ત્રણ અલગ ઘટકોમાં તોડવામાં આવે છે અને સંગ્રહ કરવામાં આવે છે. આમ તમે એકવાર રક્તદાન કરીને ત્રણ જીવન બચાવી શકો છો. રક્તદાન થી તમારુ હૃદયનું સ્વાસ્થ્ય પા સુધરેછે .રક્ત દાન કરવાથી હાર્ટનું સ્વાસ્થ્ય સુધરે છે અને હૃદયને સંબંધિત બીમારીઓ, સ્ટ્રોકનું જોખમ ઘટે છે. હૃદયમાં આયર્ન વધી જાય તો હૃદયરોગનું જોખમ વધે છે. નિયમિત રક્તદાન કરવાથી તમારા લોહીમાં આયર્નની માત્રા નિયંત્રિત થાય છે જે તમારા હૃદયના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. ઉપરાંત રકતદાન પછી તમારુ શરીર લોહીની ઉણપ પૂરુ કરવાના કામમાં લાગી જાય છે. આનાથી શરીરના કોષો વધારે રેડ બ્લડ સેલ્સ બનાવવાના કામમાં લાગી જાય છે. આ કારણે તમારુ સ્વાસ્થ્ય સુધરી શકે છે અને તમારા શરીરને વધુ સારી રીતે કામ કરવામાં મદદ મળે છે. રક્તદાન કેલેરી બાળવામાં અને વજન ઘટાડવામાં મદદ કરે છે. રેડ બ્લડ સેલ્સનું સ્તર થોડા મહિનામાં બરાબર થઈ જાય છે. તમે રક્ત દાન સાથે સ્વસ્થ ડાયેટ અને નિયમિત વ્યાયામ કરો તો વજન કંટ્રોલમાં આવી શકે છે. રક્તદાન જો કે વજન ઘટાડવાની યોગ્ય રીત નથી. વધારે પડતું બ્લડ ડોનેટ કરવાથી બચવું અને એક્સપર્ટ્સની સલાહ પ્રમાણે જ બ્લડ ડોનેટ કરવુજોઈએ . ઉપરાંત નિયમિત રૂપે રક્તદાન કરવાથી શરીરમાં આયર્ન વધતુ નથી. આ કારણે અમુક પ્રકારના કેન્સરનો ખતરો પણ ઓછો થઈ જાય છે.





ભારતની ટેનિસ સનસનાટીભર્યા, રોહન બોપન્ના અને રૂતુજા ભોસલેની જોડીએ શનિવારે હંગઝોઉમાં યોજાયેલી ૧૯મી એશિયન ગેમ્સ ૨૦૨૩માં ટેનિસ મિશ્રિત ડબલ્સ કેટેગરીમાં પ્રતિષ્ઠિત ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

ન્યૂઝ બ્રિફ

## વર્લ્ડ કપમાં ભારતીય બેટર્સની સૌથી વધુ સદી



। નવી દિલ્હી, તા.૩૦ ।

વનડે વર્લ્ડ કપ ૨૦૨૩ ભારતની યજમાનીમાં ૫ ઓક્ટોબરથી શરુ થશે. વર્લ્ડ કપ પહેલા ભારતીય ક્રિકેટ ટીમ શાનદાર ફોર્મમાં દેખાઈ રહી છે. ક્રિકેટ ફેન્સ ભારતીય ટીમ પાસેથી વર્લ્ડ કપ ૨૦૨૩માં આવા જ પ્રદર્શનની આશા કરી રહ્યા છે. ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માએ વર્લ્ડ કપ ૨૦૧૯માં ૫ સદી ફટકારી હતી, જે એક સિઝનમાં સૌથી વધુ હતી. રસપ્રદ વાત તો એ છે કે વર્લ્ડ કપમાં અત્યાર સુધી ભારતીય બેટ્સમેનોએ સૌથી વધુ સદી ફટકારી છે. ભારતીય બેટ્સમેનો અત્યાર સુધી વનડે વર્લ્ડ કપમાં ૩૨ સદી ફટકારી ચુક્યા છે. જયારે ૫ વખતની ચેમ્પિયન ટીમ ઓસ્ટ્રેલિયા ૩૧ સદી સાથે બીજા નંબરે છે. શ્રીલંકાની ટીમ ૨૫ સદી સાથે લિસ્ટમાં ત્રીજા નંબરે છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડ ૧૮ સદી સાથે ચોથા અને ન્યુઝીલેન્ડ ૧૭ સદી સાથે પાંચમાં નંબરે છે. આ લિસ્ટમાં વર્લ્ડ કપ ૨૦૨૩માં ભાગ લેનારી ટીમોને જ સામેલ કરવામાં આવી છે.

## પાકિસ્તાન એજન્સીએ સાઉદી જતા ભિખારીના જૂથને પકડી પાડ્યું

। ઈસ્લામાબાદ, તા.૩૦ ।

આર્થિક મોરચે કંગાળ પાકિસ્તાનના નેતાઓ દરેક દેશ પાસે મદદની ભીખ માંગીને દેશની આબરુના ધજાગરા કરી રહ્યા છે. હવે બાકી હતુ તેમ પાકિસ્તાનના ભિખારીઓ પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાનને નીચુ દેખાડી રહ્યુ છે. તાજેતરમાં પાકિસ્તાની સેનેટમાં ખુલાસો થયો હતો કે, વિદેશમાં ભીખ માંગતા પકડાયેલાઓમાં ૯૦ ટકા પાકિસ્તાની હોય છે. હવે પાકિસ્તાની સત્તાધીશોએ આ વાતની નોંધ લઈને કડકાઈ દાખવવા માંડી છે. પાકિસ્તાનની કેન્દ્રીય એજન્સીએ શુક્રવારે સાઉદી અરબ જઈ રહેલા ભિખારીઓના એક જૂથને એરપોર્ટ પર જ પકડ્યુ હતુ. આ તમામ લોકો યાત્રાળુઓ બનીને જઈ રહ્યા હતા. જેમાં મહિલાઓ અને બાળકો પણ સામેલ હતા. પાકિસ્તાનના અખબારે અધિકારી ખાલિદ અનીસને ટાંકીને કહ્યુ હતુ કે, આ તમામની પાછળ નૂરો નામનો એજન્ટ છે. તે લોકોને સાઉદી અરબના પવિત્ર શહેરમાં લઈ જવામાં મદદ કરે છે અને ત્યાં આ લોકો ભીખ માંગે છે. કુલ મળીને આઠ મહિલા, ચાર પુરુષ અને ચાર બાળકોની ધરપકડ કરવામાં આવી છે. જેઓ પંજાબ પ્રાંતના રહેવાસી છે. રિપોર્ટ પ્રમાણે મુલતાન એરપોર્ટ પર પકડાયેલા લોકોની વધુ પૂછપરછ કરવામાં આવી રહી છે.

## જર્મન શેફર્ડ વ્હાઈટ હાઉસમાં સિક્રેટ સર્વિસ એજન્ટને કરડ્યું

। વોશિંગ્ટન, તા.૩૦ ।

અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડનનુ બે વર્ષનુ જર્મન શેફર્ડ ડોગ કમાન્ડર વ્હાઈટ હાઉસમાં વધુ એક સિક્રેટ સર્વિસ એજન્ટને કરડ્યુ છે. કમાન્ડર અત્યાર સુધીમાં ૧૧ વ્યક્તિઓને બચકા ભરી ચુકયુ છે.અમેરિકન ન્યૂઝ ચેનલે વ્હાઈટ હાઉસના અધિકારીને ટાંકીને કહ્યુ હતુ કે, સોમવારે રાત્રે લગભગ આઠ વાગ્યે સિક્રેટ સર્વિસના એક અધિકારી બાઈડન પરિવારના પાળેલા કુતરા સાથે સંપર્કમાં આવ્યા હતા અને કુતરુ તેમને કરડ્યુ હતુ. અધિકારીની વ્હાઈટ હાઉસમાં સારવાર કરવામાં આવી હતી. આ અધિકારીની તબીયત હવે સારી છે. બાઈડનના ડેલાવેર સ્થિત નિવાસ સ્થાન અને એ પછી વ્હાઈટ હાઉસમાં કમાન્ડરે અત્યાર સુધીમાં ૧૧ લોકો પર એટેક કરેલો છે. નવેમ્બર ૨૦૨૨માં પણ એક અધિકારીને કમાન્ડર એ હદે કરડ્યુ હતુ કે, તેમને હોસ્પિટલમાં ભરતી કરવાની જરુર પડી હતી. આ ઘટનાઓ બાદ બાઈડનના કૂતરાને નવેસરથી તાલીમ આપવાના પ્રોટોકોલ પણ કામ થઈ રહ્યુ છે. જોકે આ પહેલા પણ બાઈડનનુ એક કુતરુ મેજર વ્હાઈટ હાઉસમાં આક્રમક બન્યુ હતુ. વ્હાઈટ હાઉસમાં રાષ્ટ્રપતિના સ્ટાફના લોકો પર તે હુમલા કરવા માંડ્યુ હતુ અને કરડવા માંડ્યુ હતુ.

એશિયન ગેમ્સના સાતમા દિવસે ભારતનો સારો દેખાવ

## સ્કવોશમાં પાકિસ્તાનને ૨-૧થી હરાવીને ભારતે ગોલ્ડ હાંસિલ કર્યો

### ભારતના ખાતામાં ૧૦મો ગોલ્ડ મેડલ આવી ગયો છે હવે ભારતના ખાતામાં કુલ ૩૫ મેડલ થઇ ગયા છે

। હાંગઝોઉ, તા.૩૦ ।

એશિયન ગેમ્સ ૨૦૨૩ના સાતમાં દિવસે ભારતીય એથ્લીટોનું શાનદાર પ્રદર્શન યથાવત છે. સાતમાં દિવસની શરૂઆતમાં ભારતને શૂટિંગમાં સિલ્વર મળ્યો હતો. ત્યારબાદ ભારતીય ટેનિસ જોડી રોહન બોપન્ના અને રુતુજા ભોસલેએ ભારતને સાતમાં દિવસનો પ્રથમ ગોલ્ડ અપાવ્યો હતો. હવે ભારતીય મેન્સ ટીમે સ્કવોશમાં પાકિસ્તાનને ૨-૧થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. મેન્સ સ્કવોશ ઈવેન્ટમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે જબરદસ્ત ટક્કર જોવા મળી હતી. પાકિસ્તાને પ્રથમ મેચ જીતી હતી જો કે બીજી મેચમાં ભારતે



વાપસી કરી જીત નોંધાવી હતી. અભયે ત્રીજા સેટમાં પાછળ હોવા છતાં જબરદસ્ત વાપસી કરી અને ૪ પોઈન્ટ્સ લઈ સેટ પોતાના નામે કર્યો હતો. છેલ્લી મેચમાં અભય સિંહે પાકિસ્તાનના નૂરને હરાવીને ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. આ સાથે જ ભારતના ખાતામાં ૧૦મો ગોલ્ડ મેડલ આવી ગયો છે. હવે ભારતના ખાતામાં કુલ ૩૫ મેડલ થઈ ગયા છે.

ભારતના એક પછી એક કેનેડા પર આકરા પ્રહાર

## કેનેડા અને ભારતે એક બીજા સાથે વાત કરવી પડશે : વિદેશ મંત્રી એસ જયશંકર

### અમેરિકનો ભારતમાં કોઈને કહેશો કે કેનેડામાં કેટલાક લોકો હિંસા ભડકાવી રહ્યા છે તો ભારતમાં કોઈને આશ્ચર્ય નહીં થાય : વિદેશમંત્રી

। વોશિંગ્ટન, તા.૩૦ ।

અમેરિકાની મુલાકાતે ગયેલા વિદેશ મંત્રી એસ જયશંકર કેનેડા અને ભારત વચ્ચે ખાલિસ્તાની આંતકી નિજ્જરની હત્યાને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે એક પછી એક પ્રહારો કરીને કેનેડાને ખુલ્લુ પાડી રહ્યા છે.

વોશિંગ્ટનમાં શુક્રવારે એક પત્રકાર પરિષદમાં તેમણે કહ્યુ હતુ કે, ભારત અને કેનેડા વિવાદ પર અમેરિકનોનુ શું કહેવુ છે તે મેં સાંભળ્યુ છે પણ મને આશા છે કે, મેં શું કહ્યુ છે તે પણ તેમણે સાંભળ્યુ હતુ. મને લાગે છે કે, બંને પક્ષોએ પોતાનો વિચારો વ્યક્ત કરી દીધા



છે ત્યારે હવે આના સિવાય મારે શું કહેવાનુ બાકી છે તેની મને નથી ખબર. તેમણે કહ્યુ હતું કે, દરેક ઘટનાનો સંદર્ભ હોય છે. મને લાગે છે કે ,કેનેડા અને ભારતે એક બીજા સાથે વાત કરવી પડશે. તો ખબર પડશે કે આ મુદ્દો કેવી રીતે આગળ વધશે. જો તમે(અમેરિકનો)ભારતમાં કોઈને કહેશો કે કેનેડામાં કેટલાક લોકો હિંસા ભડકાવી રહ્યા છે તો ભારતમાં કોઈને આશ્ચર્ય નહીં થાય. કારણકે બધાને ત્યાંનો ઈતિહાસ ખબર છે. મને લાગે છે કે ,અમેરિકામાં બહુ ઓછા લોકોને આ વાતની જાણકારી છે અને આજે મેં બેઠકમાં જે વાત કરી છે તે અમેરિકાના લોકો માટે પણ નવી જાણકારી છે.

તેમણે કહ્યુ હતુ કે, અમેરિકા અને ભારત બંને દેશ કેનેડાને અલગ અલગ રીતે જુએ છે અને આ પણ સમસ્યાનો એક ભાગ છે. એટલે બહુ જરુરી છે કે, કેનેડા પર અમેરિકા અમારી સાથે વાત કરે. કારણકે અમેરિકા આખરે તો ભારતનુ સારું મિત્ર છે અને અમેરિકાએ કેનેડાના મુદ્દે ભારતનો દ્રષ્ટિકોણ જાણવો જોઈએ.

## ટેનિસ મિક્સ્ડ ડબલ્સમાં બોપન્ના-રુતુજાની જોડીએ ગોલ્ડ જીત્યો

। હાંગઝોઉ, તા.૩૦ ।

ભારતને રોહન બોપન્ના અને રુતુજા ભોસલેની જોડીએ એશિયન ગેમ્સ ૨૦૨૩ના ૭માં દિવસનો પ્રથમ ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. ટેનિસ મિક્સ ડબલ્સ ઈવેન્ટમાં આ ભારતીય જોડીએ ચાઈનીઝ તાઈપેઈની જોડીને ૨-૧થી હરાવી હતી. આ અગાઉ સરબજોત સિંહ અને દિવ્યા થડીગોલની જોડી ૧૦ મીટર એર પિસ્ટલ મિક્સ ટીમ ઈવેન્ટમાં ભારતને સિલ્વર મેડલ અપાવ્યો હતો. રોહન બોપન્ના અને રુતુજા ભોસલેએ ચાઈનીઝ તાઈપેઈના એન-શુઓ લિયાંગ અને ત્સુંગ-હાઓ હુઆંગ સામે ત્રીજો સેટ ટાઈ-બ્રેકર જીતીને એશિયન ગેમ્સ ૨૦૨૩માં મિક્સ્ડ ડબલ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. રોહન બોપન્ના અને રુતુજા ભોસલેએ મિક્સ ડબલ્સની ફાઈનલમાં શાનદાર પ્રદર્શન કરીને તાઈપેઈની જોડીને ૨-૬, ૬-૩ અને ૧૦-૪થી હરાવી હતી.



નવી દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારત મંડપમ ખાતે મુલાકાત લીધી હતી.

નાઝી અધિકારીના સન્માન બાદ વિશ્વમાં કેનેડાનો ફજેતો

## નાઝી અધિકારીના પ્રત્યાપર્ણની પોલેન્ડના મંત્રીની માંગણી

। ઓટાવા, તા.૩૦ ।

કેનેડાની સંસદમાં જર્મની વતી વિશ્વ યુધ્ધમાં લડનારા નાઝી અધિકારીના સન્માન બાદ આખી દુનિયામાં કેનેડાનો ફજેતો થયો છે. કેનેડાની સંસદના સ્પીકરને રાજીનામુ આપવુ પડ્યુ છે. વડાપ્રધાન જસ્ટિન ટૂડો પહેલા જ આ મુદ્દે માફી માંગી ચુકયા છે. જોકે એ પછી પણ યુરોપના દેશ પોલેન્ડનો ગુસ્સો શાંત થયો નથી. પોલેન્ડના શિક્ષણ મંત્રીએ માંગ કરી છે. કેનેડાની સંસદમાં સન્માનિત નાઝી યારોસ્લાવ હુંકાના પ્રત્યાપર્ણ માટે પોલેન્ડની સરકારે કેનેડા સાથે વાતચીત કરવી જોઈએ. ભારત સાથે ખાલિસ્તાનીઓના મુદ્દે પંગો લઈ ચુકેલા ટૂડો માટે પોલેન્ડ નવી મુસિબત બને તો નવાઈ નહી. કારણકે જો પોલેન્ડે પોતાના મંત્રીની વાત માનીને પ્રત્યાર્પણ માટે માંગણી કરી તો ટૂડો માટે આ અધિકારીના પ્રત્યાર્પણનો ઈનકાર મુશ્કેલી સર્જી શકે છે. પોલેન્ડના શિક્ષણ મંત્રીએ પોતાના રાષ્ટ્રપતિને લખેલા પત્રની જાણકારી આપતા કહ્યુ હતુ કે, સન્માનિત નાજી અધિકારી હુંકાને યુક્રેની-કેનેડિયન મૂળના સૈન્ય અધિકારી તરીકે રજૂ કરવામાં આવ્યો હતો.

મણિપુરના આદિવાસી જૂથના નેતાનું ઉશ્કેરણીજનક ભાષણ

## કુકી આદિવાસી નેતાએ કેનેડામાં મણિપુરની હિંસા પર ભાષણ આપ્યું

। નવી દિલ્હી, તા.૩૦ ।

કેનેડામાં હાજર મણિપુરના કુકી-જે આદિવાસી જૂથના એક નેતા છે તેમણે ઉત્તર-પૂર્વ રાજ્યમાં થઈ રહેલી હિંસા પર ભાષણ આપ્યું હતું. તેના કારણે હવે એક નવો વળાંક આવ્યો છે. ઓગષ્ટ મહિનાની શરૂઆતમાં કેનેડાના સર્રે શહેરના ગુરુદ્વારામાં આયોજિત એક ઈવેન્ટમાં મણિપુર હિંસા પર ભાષણ આપવામાં આવ્યું હતું. જેનો ચીફ ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જર હતો. આવી સ્થિતિમાં હવે મણિપુર હિંસા અને ખાલિસ્તાની ગતિવિધિઓ વચ્ચે લિંક હોવાની વાત થઈ રહી છે.

'નોર્થ અમેરિકન મણિપુર ટ્રાઈબલ એસોસિએશન' (એનએએમટીએ)ના કેનેડા ચીફ લીન ગાંગટેએ પોતાના ભાષણમાં ભારતમાં લઘુમતીઓ પર થઈ રહેલા હુમલાની નિંદા કરી હતી. તેમણે કેનેડાથી શક્ય તમામ મદદ કરવાની વિનંતી પણ કરી હતી. એનએએમટીએએ ફેસબુક અને એક્સ પર ૭ ઓગષ્ટના રોજ વીડિયો પોસ્ટ કર્યો હતો. જોકે, જ્યારે ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરની હત્યાનો આરોપ ભારત પર લગાવ્યા બાદ ભારત અને કેનેડા વચ્ચે વિવાદ વધતા આ સંગઠને આ વીડિયો ડિલીટ કરી દીધો છે.

લીન ગાંગટેએ મણિપુરમાં થઈ રહેલી હિંસા અને મૈતેઈ સમુદાયને લઈને નિવેદન આપ્યું હતું. ગાંગટેએ કહ્યું કે, ૪ મેં ના રોજ ભીડે મારા પર ઘર પર હુમલો કર્યો હતો અને મારા પિતાને જાનથી મારી નાખવાનો પ્રયત્ન કર્યો હતો. તેઓ ૮૦ વર્ષના છે. તેમણે અમારું ઘર લૂંટીને આગ ચાંપી દીધી. મારા મોટા ભાઈ અને તેમના પરિવારે ઘર છોડીને ભાગવું પડ્યું. મણિપુર ૩ મેં થી સળગી રહ્યું છે. અત્યાર સુધીમાં ૧૨૦થી વધુ લોકોના મોત થઈ ચૂક્યા છે. ૭૦૦૦થી વધુ લોકોના ઘર લૂંટી લેવામાં આવ્યા છે અને સળગાવી દેવામાં આવ્યા છે.

દિલ્હીમાં ISISના આતંકીઓ છુપાયાની શંકા

## ફરાર આતંકીઓને શોધવા NIAના દિલ્હીમાં અનેક જગ્યાએ દરોડા કર્યા

### આ વોન્ટેડ આતંકવાદીઓ પર ૩ લાખ રૂપિયાનું ઈનામ

। નવી દિલ્હી, તા.૩૦ ।

આઈએસઆઈએસના આતંકવાદીઓ દિલ્હીની અંદર છુપાયા હોવાની આશંકા છે. એનઆઈએ દ્વારા ફરાર આતંકવાદીઓની શોધમાં અનેક જગ્યાએ દિલ્હીમાં દરોડા પાડવામાં આવ્યા છે. આ વોન્ટેડ આતંકવાદીઓ પર એનઆઈએએ ૩ લાખ રૂપિયાનું ઈનામ રાખ્યું છે. જેમાં મોહમ્મદ શાહનવાઝ આલમ ઉર્ફે શફી ઉઝામા ઉર્ફે



અબ્દુલ્લા, રિઝવાન અબ્દુલ હાજી અલી અને અબ્દુલ્લા ફયાઝ શેખનો સમાવેશ થાય છે. પુણે પોલીસ અને એનઆઈએની સંયુક્ત ટીમ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. એનઆઈએની આ કાર્યવાહી ખાલિસ્તાનીઓ વિરુદ્ધ એજન્સીની કાર્યવાહી વચ્ચે થઈ રહી છે. થોડા દિવસ પહેલા જ એનઆઈએએ ગેંગસ્ટરો અને ખાલિસ્તાની આતંકવાદીઓ સામે મોટી કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં દેશના ઘણા રાજ્યોમાં દરોડા પાડ્યા હતા. ગેંગસ્ટર્સની શોધમાં એનઆઈએએ દિલ્હી એનસીઆર, ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, પંજાબ અને ઉત્તરાખંડના ૫૦ થી વધુ વિસ્તારોમાં દરોડા પાડ્યા હતા.

## વિરાટ અને અનુષ્કા બીજી વખત પેરેન્ટ્સ બનવાની અટકળો

। મુંબઈ, તા.૩૦ ।

એક્ટ્રેસ અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે જે સાંભળીને તેમના ચાહકો ખૂબ જ ખુશ થઈ જશે. ભારતીય સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી અને બોલીવુડ એક્ટ્રેસ અનુષ્કા શર્મા બીજી વખત પેરેન્ટ્સ બનવા જઈ રહ્યા હોવાની અટકળોએ જોર પકડ્યું છે. બંનેની ફેમિલી ૩ માંથી ૪ થવા જઈ રહી છે. .

એક અહેવાલ પ્રમાણે અનુષ્કા શર્મા પ્રેગ્નેન્ટ છે. બંનેનું બીજું બેબી આવવાનું છે. અહેવાલ પ્રમાણે અનુષ્કાનો સેકેન્ડ ટ્રાઈમેસ્ટર ચાલી રહ્યો છે. બંને ટાઈમ આવતા ઓફિશિયલી આ ન્યૂઝને ચાહકો સાથે શેર કરશે.

અહેવાલ પ્રમાણે અનુષ્કા શર્મા લાંબા સમયથી કોઈ પબ્લિક ઈવેન્ટમાં નજર નથી આવી રહી. આ એટલા માટે કે તે નથી ઈચ્છતી કે, અટકળો ચાલુ થઈ જાય.



પ્રાપ્ત અહેવાલ પ્રમાણે અનુષ્કા અને વિરાટ તાજેતરમાં જ મેટરનિટી ક્લિનિકમાં પણ નજર આવ્યા હતા. પરંતુ તેમણે પાપારાઝીને રિકવેસ્ટ કરી કે તેઓ આ ફોટો શેર ના કરે અને પ્રોમિસ કરી હતી કે, તેઓ ટૂંક સમયમાં અનાઉન્સમેન્ટ કરશે. અનુષ્કા અને વિરાટે હજુ સુધી તેમની દીકરી વામિકનો ચહેરો નથી બતાવ્યો. બંનેએ પહેલેથી જ મીડિયાને રિકવેસ્ટ કરી હતી કે, તેમની દીકરીનો ચહેરો ન બતાવવામાં આવે. વિરાટે પોતે એક ઈન્ટરવ્યુમાં આ વિશે કહ્યું હતું કે, અમે નક્કી કર્યું છે કે અમે અમારી દીકરીનો ચહેરો ત્યાં સુધી નહીં બતાવીએ જ્યાં સુધી તે પોતે સમજતી ના થાય અને સોશિયલ મીડિયા પર આવવાનો નિર્ણય ન લે. ઘણી વખત જ્યારે ત્રણેય એક સાથે સ્પોટ થાય છે ત્યારે પાપારાઝી પુત્રીને કેપ્ચર નથી કરતા અને જો તેઓ ક્લિક કરે તો પણ તેઓ પુત્રીનો ચહેરો નથી બતાવતા. અનુષ્કાનો સેકેન્ડ ટ્રાઈમેસ્ટર ચાલી રહ્યો છે તથા સ્ટાર કપલ સમય આવ્યે ઓફિશિયલી આ ન્યૂઝને ચાહકો સાથે શેર કરશે.

## તંત્રી લેખ...

# જાણો પરિવાર નું મહત્વ

પરિવારનુ મહત્વ આજના સમયમાં પરિવારનુ મહત્વ અને તેનુ બદલાતુ સ્વરૂપ પરિવાર એટલે કે કુટુંબ એ એક સામાજિક સંસ્થા છે જે પરસ્પર સહયોગ અને સમન્વય સાથે અમલમાં મુકાય છે અને તે બધા સભ્યો પરસ્પર પ્રેમ , સ્નેહ અને ભાઈચારા સાથે જીવન જીવે છે . સંસ્કાર , ગૌરવ , માન , સમર્પણ , માન , શિસ્ત વગેરે કોઈપણ સુખી અને સમૃદ્ધ પરિવારના ગુણ હોય છે. કોઈપણ વ્યક્તિ કુટુંબમાં જ જન્મ લે છે તેનાથી જ તેની ઓળખ બને છે અને તે કુટુંબમાંથી સારા અને ખરાબ લક્ષણો શીખે છે . કુટુંબ બધા લોકોને સાથે બાંધી રાખે છે અને દુ : ખ સુખમાં બધા એક બીજાને સાથ આપે છે . એવું કહેવામાં આવે છે કે પરિવાર કરતાં મોટી કોઈ સંપત્તિ હોતી નથી , પિતાથી મોટા કોઈ સલાહકાર નથી , માતાના આંચલથી મોટી કોઈ દુનિયા નથી કુટુંબ કરતાં કોઈ મોટુ વિશ્વ નથી , ભાઈથી સારો કોઈ ભાગીદાર નથી, બહેનથી મોટુ કોઈ શુભ ચિંતક નથી , તેથી પરિવાર વિના જીવનની કલ્પના કરવી મુશ્કેલ છે . બાળકના ચરિત્ર નિર્માણથી લઈને વ્યક્તિની સફળતામાં કુટુંબ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કોઈપણ મજબૂત દેશની રચનામાં , કુટુંબ એક મૂળભૂત સંસ્થા જેવું છે, જે તેના વિકાસ કાર્યક્રમોથી પ્રગતિના નવા પગલાઓ સુયોજિત કરે છે. એમ કહેવા માટે કે કુટુંબ એ પ્રાણી વિશ્વમાં એક નાનું એન્ટિટી છે , પરંતુ તેની શક્તિ આપણને દરેક મોટી સમસ્યાથી બચાવવામાં અસરકારક છે. વ્યક્તિ પરિવારની બહાર અસ્તિત્વમાં નથી , તેથી અસ્તિત્વ વિના પરિવારની કલ્પના ક્યારેય કરી શકાતી નથી. લોકો પરિવારો બનાવે છે અને પરિવારો રાષ્ટ્રો બનાવે છે અને રાષ્ટ્રો વિશ્વ બનાવે છે . તેથી જ એવું પણ કહેવામાં આવે છે કે 'વસુધૈવ કુટુંબકમ્' એટલે આખી પૃથ્વી એ આપણો પરિવાર છે . આવી લાગણી પાછળ પરસ્પર અણબનાવ, કડવાશ , દુશ્મનાવટ અને દ્વેષ ઘટાડવાનો છે પરિવારના મહત્વ અને ઉપયોગીતાને ઉજાગર કરવાના લક્ષ્ય સાથે, 'આંતરરાષ્ટ્રીય કૌટુંબિક દિવસ ' દર વર્ષે ૧૫ મેના રોજ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે. આ દિવસ ૧૯૯૪ ના યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા આંતરરાષ્ટ્રીય કૌટુંબિક વર્ષ તરીકે જાહેર કરાયો હતો. ત્યારબાદથી આ દિવસની ઉજવણીની પ્રક્રિયા ચાલુ જ છે . પરિવારો બે પ્રકારના હોય છે. એક સિંગલ પરિવાર અને સંયુક્ત કુટુંબ. ભારતમાં પ્રાચીન કાળથી સંયુક્ત કુટુંબનો વિચાર રહ્યો છે . સંયુક્ત કુટુંબમાં , વૃદ્ધોને ટેકો આપવામાં આવતો રહ્યો છે અને તેમના અનુભવ અને જ્ઞાનથી યુવાન અને બાળ પેઢી લાભ લેતી રહી છે . સંયુક્ત મૂડી , સંયુક્ત નિવાસ અને સંયુક્ત જવાબદારીને કારણે , વૃદ્ધોના વર્ચસ્વને લીધે હંમેશા પરિવારમાં શિસ્ત અને આદરનું વાતાવરણ હંમેશા બન્યુ રહે છે . પણ પરંતુ બદલાતા સમયમાં ઝડપી ઔદ્યોગિકરણ , શહેરીકરણ , આધુનિકરણ અને ઉદારીકરણને કારણે સંયુક્ત કુટુંબની પરંપરા ક્ષીણ થવા માંડી છે . હકીકતમાં, સંયુક્ત પરિવારો વિખેરવા લાગ્યા છે . એકલતાવાળા પરિવારોની જીવનશૈલીએ દાદા - દાદી અને નાના - નાનીના ખોળામાં રમતા અને લોરી સાંભળનારા બાળકોનું બાળપણ છીનવી તેમને મોબાઈલના આદિ બનાવી દીધા છે .

# દુનિયાના બધા માણસો પુણ્યના ફળ ઇચ્છે છે, પણ જાતે પુણ્ય કરતા નથી, એટલે કે સુખી થવું છે, પણ સુખની શરત પાળવી નથી



**વિશેષ**

**યશપાલસિંહ ટી. વાઘેલા**

માનવ જીવનમાં પૃથ્વી લોક પરના વ્યવહાર વર્તનથી અન્ય જીવોના રક્ષક બનો મોક્ષ મુક્તિની શોધમાં ભટકવું નહી પડે. ભગવદ્ જ્ઞાન કંઈક આવું જ સુચન કરે છે. વ્યવહારમાં તો તમે બરાબર સમજો છો કે, સરકારની તિજોરી માં ધન હોય તેથી શું. આ હાથમાં હોય તે સાચું. તેમ ધર્મમાં પણ સમજો. કેવળ કથા સાંભળવાથી કાંઈ લાભ નથી કે સાંભળી, મનન કરી જીવનમાં ઉતારો તો લાભ છે. ભગવાને માણસને સુખી થવા જન્મ આ છે, ને સુખની સામગ્રી પણ તૈયારી રાખી છે. માત્ર પ્રયત્ન કરવો એને સોંપ્યો છે. ધર્મ-કર્મન મર્યાદામાં રહે તો એને સુખ છે. બાકી મર્યાદા વગરનો ભોગ મનુષ્યને રોગી બનાવે છે. ઈન્દ્રિય રાજી રાખવા માટે નહીં પણ સાજી રાખવા માટે ભોગ છે. સુખ-સંપત્તિ મળે એટલે માણસ માને છે કે, હું લાયક એટલે મને મળ્યું છે એ ભૂલ છે. જે મળ્યું છે તે કેવળ મારા જ માટે છે એમ માની ચાલવું એ અસદભાવના છે. મને જે પરમાત્મા આપ્યું છે તે સર્વના માટે છે એમ માનો એ સદભાવના છે. પ્રહલાદની ગણના સદ્વાસનાને કારણે દેવોમાં થઈ. હિરણ્યકશિપુની ગણના અસાસ નાને કારણે રાક્ષસમાં થઈ.

હિરણ્યકશિપુ એ ભોગવૃત્તિ છે, લોભ છે, અહંકાર છે. દેવ થવું કે દૈત્ય થવું તે તમારા હાથમાં છે. દુનિયાના બધા માણસો પુણ્યના ફળ ઈચ્છે છે, પણ જાતે પુણ્ય કરતા નથી. એટલે કે સુખી થવું છે, પણ સુખની શરત પાળવી નથી. તમારા કર્મનાં ફળ તમારે ભોગવવાનાં છે. એમાં દોષ કોને દેવાનો? દાંત તળે જીભ કચડાય તો કોને દંડ આપશો? તે તો સહન કરવાનું જ રહ્યું. દાઝો તમે, ને ફોલ્લો બીજાના હાથે થાય તેવું કદી બનવાનું નથી. ભાગવતનું ફળ છે રાસલીલા, શ્રીકૃષ્ણનું મિલન. શ્રીકૃષ્ણમાં મળી ગયા પછી



જીવ તેનાથી અલગ થઈ શકતો નથી. જે વાસનાનો વિનાશ કરે છે, તેને રાસમાં પ્રવેશ મળે છે. તે કૃપાને પામે છે. માટે વારંવાર મનથી એવો સંકલ્પ કરો કે, મારે પરમાત્માને મળવું છે. વ્યવહારમાં બે પ્રાણોના મિલનથી આનંદ મળે છે. તો બધા પ્રાણો જે ઈશ્વરમાં સૂક્ષ્મ રીતે રહેલા છે તેને મળતાં કેટલો આનંદ થાય? મારે ઈશ્વરને મળવું છે તેવી વાસના કરો અને એમ તમારો વાસનાને અલૌકિક બનાવો. વારંવાર મનુષ્ય જે બોલે છે, જેવા વિચારો કરે છે તેવો તે થાય છે. માટે હંમેશ ઈશ્વરના જ વિચાર કરો. સતત ઈશ્વરનું ચિંતન કરવાથી વાસના માટે વખત જ રહેતો નથી, એટલે વાસના થાકીને પાછી પડે છે. એનું જોર તો અજમાવે જ છે,નેજીવને કાબૂમાં લેવા અનેક કોશિશોને ઢોંગ પણ કરે છે. પણ હરિસ્મરણ એવું સાધન છે, વાસનાને દૂર કરી દે છે.

આ બધું ઈશ્વરનું છે, અને મારું એકલાનું નહીં પણ સર્વના માટે છે એવું સમજે તો વાસનાનો વિનાશ થાય છે. શરણાગતિ વાસનાને દૂર કરે છે ને તેનો નાશ કરે છે, કારણ કે જીવ શરણાગતિ લે એટલે પોતાની શક્તિ છોડી દઈ પ્રભુની શક્તિ પર આધાર રાખતો થાય છે. જીવ ભાગવતશરણ અને સ્મરણ ન કરે, તો વાસનાનો વિનાશ કરી શકતો નથી. વાસનાનો ક્ષય કરી પછી રાસલીલામાં જવાનું છે. ઉપનિષદમાં કહ્યું છે કે, ત્યાગ કરીને તું ભોગવ, એટલે કે સર્વ ઈશ્વરને અર્પણ કર્યા પછી અનાસક્તપણે તું ભોગવ અને બીજાના ધનની લાલચ કે સ્પૃહા રાખીશ નહીં. જ્યાં તારું જ કશું નથી ત્યાં તું માલિક બની ભોગવ વાનું કહી જ કેમ શકે ?આ સારું ય જગત ઈશ્વરથી વ્યાપ્ત છે એમ જો મનુષ્ય માને, તો તે કોઈનો દ્રોહ નહીં કરે. કારણ કોણ કોનો દ્રોહ કરે? કોણ કોને છેતરે? દ્રોહ કરે તો પોતાની જાતનો જ દ્રોહ કર્યો એમ મનાય. કર્મ કરવાનો પ્રતિબંધ નથી. કર્મ વગર માણસ રહી શકતો નથી. ઋષિઓ પણ મોક્ષ મળ્યા પહેલા કર્મ કરે છે. કર્મ કરનારો મનુષ્ય જ નિષ્કર્મભાવને પામે છે. પ્રભુ પોતે પણ કર્માધીન છે, એમ ગીતામાં કહે છે. એટલે કે ઈશ્વરને પણ કર્મો કરવું પડે છે, પરંતુ ભગવાન કોઈ કર્મમાં આસક્ત થતા નથી. કર્મ કર્યા વગર તો ચાલવાનું નથી. એક ક્ષણ પણ કર્મ કર્યા વગર રહી શકાતું નથી,માટે અના સક્તપણે કર્મ કરો. શુકદેવજી રાજાને આ ગજેન્દ્ર મોક્ષની કથા સંભળાવે છે. ત્રિકૂટ પર્વત ઉપર એક બળવાન હાથી હેતો હતો. ઉનાળાના દિવસ હતા. ગરમી બહુ હતી. ગજેન્દ્ર હાથણી ઓ અને બચ્ચા સાથે સરોવરમાં જળક્રીડા કરવા ગયો. તે આગ જળક્રીડામાં તન્મય છે એવામાં મગરે આવી અન પગ પકડ્યો. મગરના પંજામાંથી છૂટવા હાથીએ ઘણો પ્રયત્ન કર્યો, પણ મગર હાથીને છોડતો નથી. હાથી સ્થળચર અને મગર જળચર છે. એટલે હાથીનું જળમાં કંઈ ચાલતું નથી. સમજો તો આ ગજેન્દ્ર મોક્ષની કથા આપ ણી કથા છે. આ સંસાર તે સરોવર. તે સરોવરમાં જીવ તે ગજેન્દ્ર અને કાળ તે મગર. વાસના ઓ,સંસારના વિષયો તે હરણીઓ ને એનાં બચ્ચાં. સંસારના વિષયો માં આસક્ત થયેલા જીવને કાળનું ભાન રહેતું નથી અને કાળ આવી તેને પકડે છે આ જીવાત્મા ગજેન્દ્ર ત્રિકૂટાચલ પર્વતમાં રહે છે. ત્રિકૂટાચલ એટલે ત્રણ શિખર વાળો પૂર્વ આપણું શરીર કામ, ક્રોધ, લોભએ એનાં ત્રણ શિખરો. સંસાર સરોવરમાં જીવાત્મા તથા, બાળકો સાથે ક્રીડા કરે છે. જે સંસારમાં જીવ રમે છે તે સંસાર સરોવરમાં તેનો કાળ નક્કી કરવામાં આવ્યો હોય છે. સંસારસમુદ્રમાં જે વાસનામાં રમે છે તેને મગર-કાળ પકડે છે. જે કામનો માર ખાય તેને કામનો માર ખાવો જ પડે છે. મનુષ્ય કહે છે, હું કામને ભોગવું છું, પણ તે ખોટી વાત છે. કામ મનુષ્યને ભોગવી તેને ક્ષીણ કરે છે. આપણે ભોગ નથી ભોગવતા, ભોગ આપણને ભોગવે છે. અનેક જન્મથી જીવને કાળ મારતો આવ્યો છે. એટલે મગર અને સર્પને કાળની ઉપમા આપવામાં આવી છે. જે સંસાર સરોવરમાં મનુષ્ય ક્રીડા કરે છે ત્યાં જ કાળ રહે છે.

જન્મની સાથે જ માણસ કાળને લઈને આવેલો છે. કાળ આવે છે ત્યારે પગને પહેલાં પકડે છે. પગની શક્તિ ક્ષીણ થાય ત્યારે માનજો કે કાળે પકડ્યા છે. પરંતુ ગભરાશો નહીં. એનો પણ ઉપાય છે. ગજેન્દ્રે બતાવ્યો છે તે ભાગવત-સ્મરણમાં લાગી જવું. કાળ જ્યારે પકડે ત્યારે કાળની પકડમાંથી સ્ત્રી કે પુત્ર કોઈ છોડાવી શકે નહીં. સ્ત્રી- પુત્રની સાથે સંસાર સમુદ્રમાં રમવા રહ્યાને ભાન ભૂલ્યા એટલે તો કાળ - મગરે પગ પકડ્યો.હવે એ સ્ત્રી- પુત્ર કેમ કરી છોડાવી શકે? એ તો ઊલટા દૂર ભાગી જાય છે. હાથીનું સંકટ જોઈ હાથણીઓ ભયથી આથી ખસી ગઈ. હાથી એકલપંડે લડે છે. હાથી-મગરનું આ યુદ્ધ કેવું ચાલ્યું! એટલે કે ખૂબ લાંબું ચાલ્યું. આ બતાવે છે કે,વાસના જીતવી બહુ અઘરી છે. તે એકદમ હરિના શરણે મનને જવા દેતી નથી. પોતાના જોરે તે જીતવા માગે છે, પણ તે તો હવે ગજેન્દ્ર એકલો પડ્યો એકલો પડે ત્યારે જ્ઞાન જાગ્રત થાય છે હવે એને ભાન થયું કે વાસના કેવળ ફસાવે છે તેના ટેકે રહેવાય નહીં જીવ નિર્બળ બને છે ત્યારે તે ઈશ્વરને શરણે જાય છે નિર્બળ કે બળ રામ છે.ભગવાને ગજેન્દ્રનો ઉદ્ધાર કર્યો, તેમ જે જીવ ભગવાનને શરણે જશે તેનો ઉદ્ધાર થશે. પૂર્વજન્મમાં આ ગજેન્દ્ર ઈન્દ્રદ્યુમ્ન નામનો રાજા હતો. રાજા ધ્યાનમાં બેઠો હતો.ત્યાં અગસ્ત્ય મુનિ આવ્યા.ઊભા થઈ રાજાએ મુનિ નો સત્કાર કર્યો નહીં. તેથી મુનિને લાગ્યું કે,રાજા મારું અપમાન કરે છે. ભગવાન કરતાં પણ ભગવાનના ભક્તોનું વધારે માન રાખજો.પથ્થરની મૂર્તિમાં સદભાવ રાખવાથી ચેતન થાય છે તો ચેતનમાં સદભાવ રાખવાથી ઈશ્વરની પ્રાપ્તિ કેમ થાય ?અગસ્ત્ય મહારાજને ખોટું લાગ્યું. તેમણે શ્રાપ આપ્યો કે,તું જડ જેમ બેસી રહ્યો તેથી તને પશુનો જડ અવતાર મળો! પૂર્વજન્મમાં ગજેન્દ્રે ખૂબ ભજન કરેલું એટલે ગજેન્દ્ર યોનિમાં તેને પ્રભુ યાદ આવ્યા.

## વિશેષ લેખ

**શીર્ષક- સમાજ દર્શન**

# આ બેલ મુઝે માર, જેવી કેનેડાની હાલત થઈ ગઈ છે, કારણકે ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા દર વર્ષે પૂરા ૬૮ હજાર કરોડ રૂપિયા કેનેડાને મળે છે



**સદગુરુ વચનામૃત**

**સંકલન - ફાલ્ગુની વસાવડા**

હાલના સમયમાં ચર્ચાનો મુખ્ય કોઈ વિષય હોય તો એ છે ભારત કેનેડા વિવાદ! હમણાં જ ત્યાંના વડાપ્રધાન જસ્ટિન ટુડો એ ત્યાંની સંસદમાં નિવેદન આપ્યું છે કે ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરની હત્યામાં ભારતનો હાથ છે, અને એમના આ નિવેદનથી સંબંધોમાં તિરાડ પડી ગઈ. એમણે ત્યાંના રાજદૂતને હાંકી કાઢયાં, અને ભારતે પણ અહીંથી એનાં રાજદૂતને હાંકી કાઢી મુહતોડ જવાબ આપ્યો. આ ઉપરાંત વિઝા પ્રોસેસ પણ બંધ કરી દીધી. આમ જુવો તો ''આ બેલ મુઝે માર '' જેવી કેનેડા ની હાલત થઈ ગઈ છે. કારણ કે ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા દર વર્ષે પૂરા ૬૮ હજાર કરોડ રૂપિયા કેનેડા સરકારને મળે છે, જે હવે નહીં મળે. ઘણીવાર વિચાર આવે કે આટલા અધધધ નાણાં બીજા દેશને આપી અને આપણે એનું અર્થ તંત્ર મજબૂત કરીએ છીએ, જોકે શિક્ષણ સિવાય પણ ઈન્ટરનેશનલ માર્કેટમાં ભારત અધધધ રુપિયા નાખે છે, પણ આજે આપણે એ વિશે વાત નથી કરવી. ટૂંકમાં ભારત આજે પુરા વિશ્વમાં જુદી જુદી રીતે પ્રસિદ્ધિ મેળવી રહ્યું છે, વૈજ્ઞાનિક સફળતામાં તો તે આગળ ચાલે જ છે. પરંતુ દુનિયાના બધા જ દેશોની નજર ભારત પર અમુક કારણોસર ટકી રહી છે, અને એમાંના ત્રણ ચાર મુદ્દા ખરેખર બહુ દુર્લભ છે. પ્રથમ તો વિશ્વભરમાં ભારત પાસે સૌથી વધુ યુવા ધન છે, અને જો એનો યોગ્ય રીતે ઉપયોગ થાય તો ભારત મહાસત્તા પર બહુ ઝડપથી આવી શકે. બીજું અન્ય દેશની સરખામણીમાં ભારત બુદ્ધિ પ્રતિભાનો ઉંચો અંક ધરાવતો દેશ છે, અને એટલે જ અત્યારે વિશ્વમાં અન્ય જગ્યાએ વસેલા ભારતીયો ત્યાના નાગરિકોની આડે આવે છે એવો એક વિખવાદ પણ શરૂ થયો છે અને ક્યાંક ક્યાંક તો ભારતીય વિરોધી ઝુંબેશ પણ ચાલે છે.ઉપર જોયું તેમ તાજેતરમાં જ કેનેડામાં ભારતીયો ઉપર વગર કારણે હુમલાઓ થયા, ત્યાંની સરકાર આની માટે જવાબદાર છે, અને એ બધા કારણોમાં આપણે જવું નથી. પરંતુ મૂળ વાત ભારતીયની બુદ્ધિ પ્રતિભાને કારણે એ લોકો બહુ ઝડપથી સફળતા પ્રાપ્ત કરે છે, એ હવે સૌ કોઈને નજરે ચડી ગયું છે.આ ઉપરાંત ભારતીય સંસ્કૃતિના મૂળિયા બહુ મજબૂત છે, અને એમાં ઉછરેલા યુવાનો સંબંધોની ગરિમા અન્ય દેશ કરતા વધુ જાળવી શકે છે, અને એને કારણે પારિવારિક સંબંધો ટકી રહે છે. ભારતમાં કુટુંબ કે પરિવાર પ્રથાને કારણે શારીરિક અને માનસિક તંદુરસ્તી અન્ય દેશની સરખામણીમાં વધુ છે, અને એને કારણે પરિવાર ગમે તેવી વિકટ પરિસ્થિતિમાંથી પણ બહાર આવે છે. સેવાનો એક અમુલ્ય સંસ્કાર પણ અહીં હજી સુધી જોવા મળે છે, અને સમાજનું દાયિત્વ પણ પ્રમાણમાં સ્વીકારે છે, જેનો દાખલો આપણને કોરોના કાળનો ઈતિહાસ જોતાં સમજાઈ જશે. આ એક સામાન્ય સર્વે છે, અને દરેકનો પોતપોતાનો દ્રષ્ટિકોણ હોય એટલે, કોઈને ખોટું પણ લાગે. વિખવાદ વિવાદ તો દરેક જગ્યાએ હોય, પણ અંતે સંબંધની



જીત થતી હોય, એવું આપણે ત્યાં બને છે. આપણી પરિવાર પ્રથા અન્યની સરખામણીમાં વધુ મજબૂત છે, પરંતુ ઉપર કહ્યું તેમ છેલ્લા ચાર પાંચ દાયકામાં તેનું સ્તર નીચું ઊતર્યું છે, અને એના પણ કારણો છે. હમણાં હમણાં એકાદ ગ્રુપમાં બે વિડિયો એવા જોયા કે જે કંઈક અંશે આ સત્યને પુરવાર કરે છે, એક તો કાજલ હિન્દુસ્તાનીનો હતો, કે જે પોતાની તેજાબી વાણી માટે પ્રખ્યાત છે. રાજસ્થાનના સિરોહી ગામમાં પિતાની છત્રછાયા નાનપણમાં જ ગુમાવી દીધેલી આ સ્ત્રીના મૂળિયા રાષ્ટ્રીય સેવા સંઘ સાથે જોડાયેલા છે, અને એને કારણે એના મનમાં હિંદુત્વવાદી વિચારધારા વહે છે. પરંતુ ગુજરાતના જામનગર ખાતે જ્વલંત શિંગાળા સાથે તેના લગ્ન થયા બાદ એ પરિવારમાં મસ્ત હતી. એના કહેવા પ્રમાણે દિલ્હીની યુનિવર્સિટીમાં ''હિન્દુ તેરા કટકે હોંગે'' એવા નારા લાગ્યા અને એને થયું કે દેશ તૂટી રહ્યો છે મારે કંઈક કરવું જોઈએ. એણે પોતાની વિચારધારા સોશિયલ મીડિયા પર લખવાનું શરૂ કર્યું, પછી તો પોતાની તેજાબી વાણીથી અમેરીકા સહિત ઘણા દેશોમાં પ્રવચનો પણ કર્યા.

એ વિડિયોની શરૂઆતમાં તો એણે દેશને વિધર્મીઓ દ્વારા તોડવામાં આવી રહ્યો છે, અને આપણા સમાજની બેન દીકરીઓ આ તરફ દુર્લક્ષ સેવે છે, એને સચેત કરી. પરંતુ બીજું એક કારણ કહ્યું જે થોડી ઘણે અંશે સાચું પણ છે, એણે કહ્યું કે આપણા મનોરંજનના માધ્યમ તરીકે સ્વીકારાયેલા ટેલિવિઝનમાં દેખાડાતી એકતા કપૂરની સિરિયલોમાં પરિવાર પ્રથાને એટલી હદે નીચે લઈ જવામાં આવે છે કે, જે ખરેખર નિંદનીય છે. પરંતુ આપણે તેને ઉત્સુકતાથી જોઈએ છીએ, તેનો ટીઆરપી વધારીએ છીએ, અને ક્યાંક ને ક્યાંક વારંવાર જોવાથી આપણે પણ આવું અનુકરણ કરીએ છીએ. પરિવારના મુખિયા ને પોતાની પત્ની સિવાય ત્રણ ચાર આડા સંબંધો હોય, અને બહુ સ્વાભાવિક રીતે જ એ આડા સંબંધમાં સ્ત્રી પણ આવે જ કે, જે પોતે પણ કોઈની પત્ની છે, મા છે, અને છતાં આવું કંઈ કરતા અચકાતી નથી. એના ભૂતકાળમાં એને અન્યાય થયો એવો વિદ્રોહ પરણ્યાના ૧૫ વર્ષ પછી એકા એક ફાટી નીકળે, અને એમાંથી આવા બધા સંબંધો વકરે! શું ખરેખર ભારતીય મહિલા આટલી નીચે સ્તરે ગઈ છે!; એણે તો બહુ ગંદા શબ્દોનો ઉપયોગ કર્યો, આપણી મર્યાદા છે. પરંતુ વાત વિચારવા જેવી અવશ્ય છે, કારણ કે આપણે જે જોઈએ છીએ એ જ આપણે ક્યાંક ને ક્યાંક અનુસરતા હોઈએ છીએ! તો મનોરંજનને નામે પીરસાતું જે કોઈ કન્ટેન હોય એમાં આપણી સંસ્કૃતિ અને ચરિત્રની શુદ્ધતા હોવી બહુ જરૂરી છે. આ ઉપરાંત દરેક સિરિયલોમાં સ્ત્રીઓ હવે એક હાથમાં દારૂનો ગ્લાસ અને બીજા હાથમાં સિગરેટ લઈને ફરતી જોવા મળે છે! શું ખરેખર આ આપણું કલ્ચર છે! અને માત્ર દારૂ કે સિગરેટ પીવી એ હાનિકારક છે, એટલું લખી દેવાથી આપણી જવાબદારી પૂરી થાય છે? આ બધું કાજલ હિન્દુસ્તાની એ કહ્યું ન્હોતું આ આપણે વિચારવા જેવા પ્રશ્નો છે. બીજો વિડીયો હતો તથ્ય પટેલના એકસીડન્ટનો. જ્યારે એક્સિડન્ટ થયો ત્યારે એ ગાડીમાં ત્રણ યુવતીઓ પણ હતી, અને ન્યૂઝ ચેનલની પત્રકાર દ્વારા આપણી આજકાલની આ યુવતીઓ પર પ્રશ્નોનો પ્રહાર થયો હતો. કે ગામડા ગામથી પોતાના માબાપ મજૂરી કરીને શું આ કારણે તમને ભણવા મોકલે છે? તમારી સ્વતંત્રતા પર કોઈ રોકટોક નથી, પરંતુ આવું બેબાક વર્તન કરતાં પહેલા શું તમને એ ઓશિયાળા મોઢા દેખાતા નથી? અમદાવાદ શહેરની હોસ્ટેલોમાં અને એમાં પણ ખાસ કરીને લેડી હોસ્ટેલમાં દારૂ અને સિગરેટ બંને સાવ કોમન થઈ ગયું છે. ગુજરાતમાં દારૂબંધીને તો જાણે સૌ કોઈ ભૂલી જ ગયા છે, અને આરામથી ગમે તેટલી માત્રામાં જોઈતો હોય, એટલો દારૂ અને ડ્રગ્સ બંને ત્યાં આગળ ઉપલબ્ધ થાય છે, અને આ બધું કંઈ નવું નથી, સૌ કોઈ જાણે છે. મોટાભાગના તો ઘરમાં જ રાખતા હોય છે. પણ આપણે એમાં જવું નથી આપણે એ પત્રકારની વાત ને સમર્થન આપવું પડે, કારણ કે કેવી કેવી પરિસ્થિતિનો સામનો કરીને માતા-પિતા પોતાના સંતાનોનું ભવિષ્ય સુધરે એ માટે થઈને એને બહાર હોસ્ટેલમાં ભણવા મૂકતા હોય છે એક યુવતીનો અંદાજે સાવ સામાન્ય પીજી વગેરેનો ખર્ચ અત્યારે ૨૦ થી ૨૫ હજારનો છે, તો આટલી રકમ ઘણા માતા પિતાને પરવડતી પણ નથી, છતાં એ મજૂરી કરી કરીને પોતાની દીકરીનું ભવિષ્ય સુધારવા માંગે છે. એને ક્યાંક સીએ બનાવવા માંગે છે, કોઈને ડોકટર, કોઈને એન્જિનિયર, તો કોઈને સાઈન્ટિસ્ટ, બનાવી એને પણ આ મજૂરી વાળી જિંદગી માંથી એક ખુશહાલ જિંદગી આપવાનું એમનું સ્વપ્ન હોય છે, અને એટલે જ તે ઋતુ પ્રમાણે ટાઢ, તડકો, અને વરસાદ, બધું સહન કરી આકરી મહેનત પણ કરતા હોય છે! શું આ બધું જ એ યુવતીઓ શહેરમાં આવતા જ ભૂલી જાય છે? અને તથ્ય જેવા આવા યુવાનોને પડખે ચડી ડ્રગ્સ અને દારૂ જેવા પોતાનું જીવન અસ્તવ્યસ્ત કરી નાખતા વ્યસનો તરફ ઢળી જાય છે, અને ભણવાનું તો સાવ ભૂલી જ જાય છે. નો ડાઉટ !બધા આવા નથી હોતા, પરંતુ માત્રા ભેદે હોય છે તો ખરા જ!: આ બધું જ આપણી સમાજ વ્યવસ્થા ને તોડનારું છે, અને ખાસ કરીને પરિવાર પ્રથા કે જે આપણી આંતરિક શક્તિનું એક બહુ મોટું માધ્યમ છે, એને તોડનાર છે. તો આ બધાથી બચીએ, અને ભારતને મહાસત્તા તરીકે સ્થાપિત કરવા માટે આપણી સંસ્કૃતિ જ આપણને કામ આવશે, આપણા શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે પણ આપણી સંસ્કૃતિ જ આપણને મદદગાર થશે, એ બધું જ યાદ રાખીને આવા હલકા મનોરંજન કે અન્ય શહેરી વાત કે વ્યસનને અનુસરવાનું બંધ કરીએ.

# કાશ્મીર કોયડાનું વાસ્તવિક મૂલ્યાંકન

'કાશ્મીર કોયડો : સરદાર-નેહરુ' પુસ્તકના લેખક રમેશ ગાનાકર આણંદના નિવૃત્ત અધ્યાપક છે અને હાલ અમેરિકામાં વસે છે. દંભી રાજનેતાઓને તે અર્પણ કરાયું છે. 'લેખકીય' શીર્ષક હેઠળ પાંચ પૃષ્ઠ ઉપર તારણો અને નિષ્કર્ષ સંક્ષેપમાં રજૂ કર્યા છે. ૭૩ પૃષ્ઠ ઉપર દસ પ્રકરણોમાં પુસ્તકને વિભાજિત કર્યું છે. પ્રથમ પ્રકરણ 'ઈતિહાસ : રાષ્ટ્રના અનુભવની કથા'માં ઈતિહાસની વ્યાખ્યા ખૂબ જ સુંદર રીતે પ્રતિપાદિત કરી છે. ઈતિહાસકારની અભિવ્યક્તિના બે પ્રકાર સરસ રીતે સમજાવ્યા છે. ઈતિહાસનું અંતિમ ધ્યેય માનવમૂલ્યની શોધ કરવી તે છે. દ્વિતીય પ્રકરણ 'કાશ્મીર : ભૌગોલિકને રાજકીય પૃષ્ઠભૂમિ' છે. છસો દેશી રજવાડાના વિલીનીકરણમાં જૂનાગઢ હૈદરાબાદ ભારે જહેમત પછી ઉકલી ગયા. પરંતુ કાશ્મીરનો કોયડો ભારત માટે શિરદર્દ સમાન હતો. શેખ અબ્દુલ્લાએ કાશ્મીરી મુસ્લિમોને એકત્રિત કરીને રાજા હરિસિંહ સામે આંદોલન છેડ્યું હતું. રાજાએ તેમને ત્રણ વર્ષ માટે જેલભેગા કર્યા હતા. ત્રીજા પ્રકરણ 'કેબિનેટ મિશન અને મુસ્લિમ લીગ'માં આઝાદી બાદ આ કોયડો ઉકળતા ચરૂ જેવો બન્યો છે. ભાગલાનાં બીજ લોર્ડ વેવેલની યોજના દ્વારા રાપાયા. મુસ્લિમ લીગ પણ જવાબદાર છે. નેહરુ જવાબદાર નથી. ઝીણાના અક્કડ મનોવલણ પણ તેમાં આવે છે. ચતુર્થ પ્રકરણમાં ભારતના ભાગલાને ઈતિહાસના કાળા કલંકરૂપ ગણાવ્યા છે. ગાંધીજી તો દેશ વિભાજન તેમના દેહના બે ટુકડા પર કરીને કરવા માંગતા હતા. નેહરુનું મંતવ્ય હતું કે બે મુખ્ય ધર્મોના અનુયાયીઓને બે અલગ ભાગોમાં વહેંચી શકાય તેમ નથી. જ્યારે સરદારે નેહરુના નિવાસ સ્થાને જઈને કહ્યું હતું, 'હવે વિભાજનને બચાવવાની જરૂર નથી, વિભાજનનો સ્વીકાર કરીને દેશને બચાવવાની જરૂર છે.' 'જૂનાગઢ : આરઝી હકૂમતને લોકપ્રિય આંદોલન' એ પાંચમું પ્રકરણ છે. જૂનાગઢ, હૈદરાબાદ અને કાશ્મીરના વિલીનીકરણમાં તકલીફ હતી. બહુમતીને શાસક વચ્ચે જૂદી સ્તિતિ હતી. નવાબે જૂનાગઢ તથા નજીકના કાઠી રજવાડાને પાકિસ્તાનમાં ભેળવવા સેના સાબદી કરી. શામળદાસ ગાંધીએ 'આરઝી હકૂમત'નો પ્રારંભ કર્યો. અહીં થયેલા લોકસેનાના ભીષણ જંગની સરસ વાત છે. છઠ્ઠું પ્રકરણ 'અડિયલ હૈદરાબાદ : જટિલ પોલો ઓપરેશન'માં નિઝામની કુટિલ રાજનીતિના સીધા દર્શન થાય છે. લોર્ડ માઉન્ટબેટન ગવર્નર જનરલનો હોદ્દો છોડી ઈંગ્લેન્ડ ચાલ્યા ગયા હતા. પરંતુ સરદારની ચાલાકીને કારણે ઝીણાની કુટિલબાજી નિષ્ફળ ગઈ. સપ્તમ પ્રકરણમાં કાશ્મીરના મહારાજા હરિસિંહની ઢચુપચુ મનોદશાની વાત છે. સરહદ આંકણીનો અહેવાલ આવ્યો ન હતો. કાશ્મીર સાથેના જોડાણ મામલે સરદારની ઉદાસીનતા પણ નોંધનીય છે. અંતે મહારાજને મુંબઈ વસવા માટે મોકલ્યા. તેમના પુત્ર કરણસિંહને રિજન્ટ બનાવી અંકુશ સોંપ્યો. કાશ્મીર કોયડાની મૂળ જડ મહારાજની વિલંબનીતિ હતી. 'કાશ્મીર કોયડો : કમનસીબ ઘટના' એ પ્રકરણમાં પ્રશ્ન સંયુક્ત રાષ્ટ્રમાં લઈ જવા બાબતે નેહરુની ભૂલ અને માઉન્ટબેટનની સલાહની ભૂમિકાની ચર્ચા છે. 'કાશ્મીર પ્રશ્ન : રાષ્ટ્રસંઘને બારણે' એ નવમું પ્રકરણ છે. નેહરુએ લડાઈ બંધ કરી દેવાનો હુકમ કર્યો તેથી સરદાર ગુસ્સે થયા. નેહરુ ઉપર લોર્ડ માઉન્ટબેટનનું દબાણ હતું. બ્રિટિશ મુત્સદ્દીઓ નવા દાવ ખેલી રહ્યા હતા. લોકમતનો પ્રશ્ન વિવાદાસ્પદ હતો. એક તરફ લાભ તો બીજી તરફ નુક્સાન પણ હતું. દસમું પ્રકરણ 'કાળ/નિયતિ : જવાબદાર પરિબળ' છે. જવાહરલાલ નેહરુ, લોર્ડ માઉન્ટબેટન, સરદાર પટેલ, ગાંધીજી, મહંમદ અલી ઝીણા, મહારાજા હરિસિંહની કાશ્મીર કોયડા પરત્વે સરસ નોંધ છે. ગાંધી, નેહરુ અને પટેલની નિયત પર શક પેદા કરવા કરતાં તેઓની 'ભૂલ' હતી તેમ સ્વીકારવું પડે. સમગ્ર કાશ્મીર પ્રશ્ને ગાંધીનો નીતિવાદ, નેહરુનો આદર્શવાદ અને સરદારનો યથાર્થવાદ - આ ત્રિવેણી સંગમ જ મુખ્ય પરિબળ તરીકે હતો. પરિશિષ્ટ અંતર્ગત વિશેષાધિકાર : અનુચ્છેદ ૩૦૬/એ ત્યારબાદ હવે અનુચ્છેદ ૩૭૦ની વશદ ચર્ચા છે. તે પછી ચર્ચા : અનુચ્છેદ-૩૭૦ અને ૩૫-એ અંતર્ગત કૌશિક અમીનનું સરસ માર્ગદર્શન છે. પછીના બે પ્રકરણો ભારત-પાક : તાશ્કંદ, શિમલાને આગ્રા મંત્રણાઓ અને અનુચ્છેદ ૩૭૦, ૩૫-એ : નાબૂદીકરણમાં કોયડાની વિગતો સરસ છે. પાંચ પ્રકરણોમાં લેખકનું વાંચન તથા ચિંતન પ્રગટ થાય છે. તે પછી ગ્રંથ સંદર્ભ સૂચિ આપવામાં આવી છે. ત્યારબાદ કાશ્મીરઃ સંઘર્ષને અસ્તિત્વની સમયરેખાની સમયસૂચિ છે. જેનું સંકલન કૌશિક અમીન દ્વારા થયું છે. તૃતિય મુખપૃષ્ઠ પર રમેશ ગાનાકરના વિવેચનાના નવ તથા ઈતિહાસના ચાર પુસ્તકો પ્રગટ થયાની નોંધ છે.

# લવસ્ટોરીઓ કેવી કેવી? રોમાંચ અને રહસ્યનું કોકટેલ



એક અમીર અને વયસ્ક પુરુષે અતિ સુંદર એવી યુવાન સ્ત્રી સાથે લગ્ન કર્યા. એના મિત્રો, સગાવહાલા, બધાંને નવાઈ લાગી કે આને આટલી સુંદર છોકરી આવાને મળી કઇ રીતે? પછી એક વખત પેલા અમીર પરુષે પણ પત્નીને પૂછી જ નાખ્યું, સાચું કહે, કે તેં મારી સાથે મારા આટલા બધાં પૈસાને લીધે જ લગ્ન કર્યા છે ને? ના હવેપ હમણાં જેટલાં છે એના કરતાં ૧૦૦-૨૦૦ રૂ. ઓછા હોત તો પણ કરત જ ને?! જુવાન પત્નીને પતિને ઠંડકથી કહ્યું. રમૂજ હોય કે રોમાંસ હોય કે રાજકારણ, એમાં જાત જાતના ટિવસ્ટ આવતા હોય છે. આજકાલ તો એવી એવી લવસ્ટોરીઝ જાણવા મળે છે કે જેની આપણે કલ્પનામાં યે કલ્પના પણ ના કરી હોય. હમણાં ઉત્તરાખંડમાં એક પ્રેમિકાએ એના પ્રેમીની હત્યાનું એવું પ્લાનિંગ કર્યું હતું કે ક્રાઈમ સિરિયલના લેખકો રાજીનામા આપી દેશે. ૩૨ વર્ષના યુવાન અંકિતની લાશ હલ્દવાની પોલીસને એની કારમાંથી મળી. જ્યારે પોલીસે અંકિતની કાર ખોલી તો કારનાં એ.સી.માંથી કાર્બન મોનોક્સાઈડ લીક થઈ રહ્યો હતો. પહેલા તો પોલીસને લાગ્યું કે અંકિતનું મોત આ ગેસના કારણે શ્ર્વાસ રૂંધાવાથી થયું છે. પણ પોલીસે જ્યારે પોસ્ટમોર્ટમ કરાવ્યું તો અંકિતના પગમાં સાપના ડંખના નિશાન હતા અને શરીરમાંથી ઝેરના પુરાવા પણ મળ્યા હતા. પોલીસે વધારે તપાસ કરી ત્યારે અંકિતના ફોન કોલમાં એની પ્રેમિકા માહીની જાણકારી મળી. માહી અને અંકિત એકબીજાને પ્રેમ કરતા હતા, પણ અંકિત માહીના જીવનમાં બહુ દખલગીરી કરતો હતો એટલે કંટાળીને માહીએ અંકિતની હત્યાનું કાવતરું ઘડ્યું. માહીએ અંકિતને મારવા એક મદારીની મદદ લીધી. માહીએ મદારીને ૧૦૦૦૦ રૂ. આપી અંકિતને ઝેરી સાપથી કરડાવ્યો. જેથી અંકિતની હત્યા એક નેચરલ ડેથ લાગે. ત્યાર બાદ અંકિતની લાશને કારમાં મૂકી એ.સી.નો ગેસ લીક કર્યો જેથી અંકિતની હત્યા થઈ એવું લાગે નહીં. પોલીસને વધારે અંતે ખબર પડી કે માહી, કોઈ નવા બોયફ્રેન્ડ સાથે નેપાળ ભાગી ગઈ છે. આ 'ચાલુ' પાત્રો અંગે 'પોલીસ તપાસ ચાલુ' છે. ફિલ્મો નાટકોમાં ઘણી પ્રેમકથાઓ હોય છે જેનો અંત સુખદ નથી હોતો, જીવનમાં પણ દુઃખદ તો હોય જ છે સાથે આંચકો જ આપનારો પણ હોય છે.

# એસિડિટી કેમ થાય છે? આ તકલીફ કોને વધારે થાય છે? જાણો અને આ ઉપાયોથી રાહત મેળવો

એસિડિટીની સમસ્યા થવા પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. એસિડિટીની તકલીફ થાય ત્યારે વ્યક્તિ અનેક રીતે હેરાન થઈ જાય છે. આમ, તમને એસિડિટી વારંવાર થઈ જાય છે તો આ ઉપાયો તમારા માટે બેસ્ટ છે. એસિડિટી અનેક લોકોને થતી હોય છે. એસિડિટીની સમસ્યા વ્યક્તિને હેરાન કરીને મુકી દે છે. ઘણી પરિસ્થિતિમાં તો વ્યક્તિને આખી રાત જાગવું પડતુ હોય છે. પરંતુ શું તમે જાણો છો એસિડિટી કેમ થાય છે? તો તમને જણાવી દઈએ કે પેટની ગેસ્ટ્રિક ગંથિનું ઉત્પાદન વધારવાનું શરૂ કરે ત્યારે આ સ્થિતિને એસિડિટી કહેવામાં આવે છે. એસિડિટીને કારણે પેટમાં અપચો, સોજો, હાર્ટબર્નથી લઈને બીજી અનેક તકલીફો થતી હોય છે. આમ, તમને પણ એસિડિટીની સમસ્યા છે તો આ ઉપાયો તમારા માટે અસરકારક છે. આ ઉપાયોથી તમે સરળતાથી પેટમાં ઠંડક થઈને રાહત થઈ જશે. એસિડિટી દરેક લોકોને થતી હોય એવું નથી. ઘણાં બધા ઉંમર વાળા લોકો એવા પણ હોય છે જેમને એસિડિટીની સમસ્યા થતી હોતી નથી. આમ, તમને જણાવી દઈએ કે જે લોકો સ્ટ્રેસમાં રહે છે, દારૂનું સેવન કરે છે, સ્મોકિંગ કરે છે તેમજ જે લોકોની લાઈફ સ્ટાઈલ ખરાબ છે એમને વધારે એસિડિટીની સમસ્યા થાય છે. એસિડિટીની સમસ્યામાંથી



રાહત મેળવવી ખૂબ જરૂરી છે. કેટલાક ઘરેલુ ઉપાયોની મદદથી તમે સરળતાથી એસિડિટીની સમસ્યામાંથી રાહત મેળવી શકો છો. આ માટે તમારે કોઈ દવા લેવાની જરૂર નથી. તમને એસિડિટીની સમસ્યા વધારે થાય છે તો તમે તૈલી ખોરાક અને લાઈફ સ્ટાઈલમાં બદલો. નોન વેજ ખોરાક ખાવાનું ટાળો. નોન વેજ ખાવાથી એસિડિટી વધારે થઈ શકે છે.

દરરોજ સવારમાં જીરાનું પાણી પીવાનું રાખો. જીરું પેટમાં ઠંડક કરવાનું કામ કરે છે. આ માટે રાત્રે એક ગ્લાસ પાણીમાં એક ચમચી જીરું નાખી દો. ત્યારબાદ આ પાણી સવારમાં ખાલી પેટે પીઓ. બ્રશ કરીને તમે તરત આ પાણી પીઓ છો તો એસિડિટીની સમસ્યામાંથી રાહત મળી જાય છે. હેલ્ધી અને પૌષ્ટિક ખોરાકના અભાવે ક્યારેક એસિડિટી જેવી સમસ્યા સર્જાય છે. જો કોઈને એસિડિટીની સમસ્યા હોય તો સમજી લેવું જોઈએ કે પાચનતંત્ર બરાબર કામ નથી કરી રહ્યું. વરિયાળી પાચનતંત્રને ઠીક કરે છે, તેથી દરરોજ જમ્યા પછી વરિયાળીનું સેવન કરવું જોઈએ અને જેમને વારંવાર ગેસની સમસ્યા રહેતી હોય તેમના માટે વરિયાળી ફાયદાકારક છે.

અનિયમિત જીવનશૈલી અને આહારમાં બેદરકારીના કારણે ઘણા લોકોને પેટમાં ગડબડ થઈ જતી હોય છે. થોડી કેટલાક લોકો એવા હોય છે જેમને વારંવાર ગેસ અને એસિડિટી થઈ જાય છે. ગેસ અને એસિડિટી થઈ જાય ત્યારે વ્યક્તિ બીમાર ન હોય તો પણ હાલ બેહાલ થઈ જાય છે. જે લોકોને વારંવાર ગેસ અને એસિડિટી થતા હોય તેમણે કેટલીક દાળનું સેવન કરવાનું ઘટાડવું જોઈએ. દરેક ઘરમાં દાળ રોજ બને છે કારણ કે દાળથી શરીરને પ્રોટીન મળે છે. પરંતુ કેટલીક દાળ એવી હોય છે જે ગેસ એસીડીટી અને બ્લોટીંગની સમસ્યાને વધારી શકે છે. જે લોકોને પેટ સંબંધિત સમસ્યા હોય તેમણે આ દાળનું સેવન કરવાનું ટાળવું જોઈએ અથવા તો ઓછા પ્રમાણમાં કરવું જોઈએ. આ એ પેશી છે જે પેટ અને અન્નનળી વચ્ચેના ભાગમાં આવેલી હોય છે. જ્યારે આ પેશી સંપૂર્ણપણે બંધ નથી થતી ત્યારે જઠરમાં રહેલું ઍસિડ અને અન્નના કણો અન્નનળીમાં ફરી પાછા આવી શકે છે.

# જીવનમાં અકલ્પ્ય દુઃખ આવી પડે ત્યારે શું કરી શકાય?

એક પરિચિતને થોડા સમય અગાઉ મળવાનું થયું ત્યારે તેમણે તેમની હૈયાવરાળ મારા સમક્ષ ઠાલવી. તે પરિચિતે મને કહ્યું કે "મારા કુટુંબે મને પડતો મૂકી દીધો છે. મારા ભાઈ-બહેનો એક થઈ ગયા છે અને એકલો પાડી દીધો છે. મારા સગાં ભત્રીજાનાં લગ્ન હતાં, પણ મારા મોટા ભાઈએ મને આમંત્રણ મોકલાવ્યું નહીં. મેં સગાંવહાલાંઓ દ્વારા તેમને કહેવડાવ્યું કે તમે મને લગ્નમાં નહીં બોલાવો તો મારું પણ ખરાબ લાગશે અને તમારું પણ ખરાબ લાગશે, પરંતુ એમ છતાં તેમણે મને આમંત્રણ મોકલાવ્યું નહીં અને સમાજમાં મારું ખૂબ જ ખરાબ દેખાયું. મને ડર લાગે છે કે કાલે સવારે મારે મારાં દીકરા-દીકરીનાં લગ્ન કરવાં પડશે એ વખતે મને એ વાત નડશે કે મારાં ભાઈ-બહેનો મારી સાથે નથી બોલતાં, પણ હવે હું મારા ભાઈ-બહેનોને મારા સંતાનોના લગ્નમાં નહીં બોલાવું. અત્યારે મને આત્મહત્યાના



વિચારો આવી રહ્યા છે કે મારી સાથે મારા ભાઈ-બહેનોએ આવું કર્યું. તે પરિચિત વ્યક્તિને તેના ભાઈબહેનો સાથે શું તકલીફ થઈ હશે, તેમનાં સંબંધોમાં શા માટે કડવાશ આવી હશે એ વિશે મને કશી ખબર નહોતી, પરંતુ મેં તેમને કહ્યું કે "ભાઈબહેનો પડતા મૂકી દે તો દુનિયાનો અંત નથી આવી જતો. માત્ર એ વાતને કારણે આત્મહત્યાના વિચારો કરવા એ બહુ ખરાબ કહેવાય. તે પરિચિત થોડા અકળાઈ "ઉઠ્યા તેમણે કહ્યું કે તમે મારી જગ્યાએ હો તો તમને ખબર પડે કે મારા પર કેવું દુખ આવી પડ્યું છે. તે મિત્રની વાતો સાંભળીને મને તેમના પર દયા આવી ગઈ. આપણે નાની-નાની વાતોને બહુ મોટી બનાવી દેતા હોઈએ છીએ. વર્ષો અગાઉ મેં એક આઈએએસ ઓફિસર વિશે આ કોલમમાં જ લખ્યું હતું. તેના કુટુંબે કારમો સંઘર્ષ કરવો પડ્યો હતો. ગરીબીને કારણે તેના પિતાએ નાછૂટકે પોતાની પત્ની અને દીકરી (એટલે કે તે આઈએએસ યુવાનની માતા અને બહેનને) મોસાળમાં મોકલી દેવાં પડ્યાં હતાં. એ પછી તે બાપ-દીકરો તેમના નાનકડા ખેતરમાં એક નાનકડું કાચું મકાન બનાવીને એમાં રહેતા હતા અને જાતે રસોઈ બનાવીને ખાતા હતા. તેમણે શૌચક્રિયા માટે પણ ખેતરોમાં જવું પડતું હતું. તે આઈએએસ ઓફિસરે કહ્યું હતું કે "ઘણી વાર મને એવા શબ્દો સાંભળવા મળે છે કે તમારે તો ઘણા દુઃખ સહન કરવા પડ્યા છે. ત્યારે હું કહું છું કે મારે દુઃખ સહન નથી કરવા પડ્યા.

# ગૂગલનું એઆઈ: જૂની સર્વિસની નવી યાત્રા




ગૂગલે જાહેરાત કરી છે કે તે જીમેલ, ડોકયુમેન્ટ્સ, ડ્રાઈવ, ગૂગલ મેપ, યુટ્યૂબઅને ગૂગલ ફ્લાઈટ સહિત ગૂગલ એપ્સ અને સર્વિસમાં સમાન પ્લેટફોર્મ રજૂ કરી રહ્યું છે. આ માટે ગૂગલે બાર્ડ એક્સટેન્શન લોન્ચ કર્યું છે. જેથી હવે કંપની એક લેવલ પર ટેકનોલોજીથી અપગ્રેડ અને અપ થઈ ગઈ છે. જોકે, છેલ્લાં ઘણા સમયથી એવી ચર્ચા હતી કે, કંપની કંઈક મોટું કરી રહી છે. પણ હવે આ મામલે ચોખવટ જગજાહેર થઈ ચૂકી છે. ટેક જાયન્ટ કંપની ગૂગલે જાહેરાત કરી છે કે કંપની તેની જનરેટિવ એઆઈ કેપેસિટિવ સર્વિસનો ઉપયોગ કરી શકે છે. એટલે કે ચેટબોટ બાર્ડ તેની એપ્સ અને સેવાઓ સાથે. કંપનીએ તાજેતરમાં શોધમાં જનરેટિવ એઆઈ પર્ફોર્મ કરી રહી છે, આ માટે ગૂગલે બાર્ડ એક્સટેન્શન લોન્ચ કર્યું છે. ગૂગલે થોડા મહિના પહેલા જ તેનું એઆઈ ચેટબોટ બાર્ડ રજૂ કર્યું છે. બાર્ડ એ ગૂગલનું અત્યાર સુધીનું સૌથી શક્તિશાળી એ આઈનું જ એક મૉડલ છે, જેને કંપની તમામ સેવાઓ સાથે એકીકૃત કરવાની તૈયારી કરી રહી છે. કંપનીનું કહેવું છે કે બાર્ડ ઈન્ટિગ્રેટેડની ઈનપુટ ટેક્સ્ટ ક્વેરી પર આધારિત, જ્યારે જરૂર પડે ત્યારે તેમની પાસેથી ડેટા લઈ શકાય છે. કંપનીએ કહ્યું કે બાર્ડ તેના પ્રતિસાદોને કસ્ટમાઈઝ કરવામાં વધુ સારું બની રહ્યું છે.કંપનીની અત્યાર સુધીની તમામ અપડેટ આ પગલું સૌથી મોટું અને મહત્ત્વનું માનવામાં આવે છે. ક્યુરિયોસિટી અંત કરીને નવું કામ શરૂ કરીને કંપનીએ એક મોટી છલાંગ મારી છે. જેનો ફાયદો કંપનીને આગામી દિવસોમાં થશે. ગૂગલે કહ્યું, આજે અમે બાર્ડનું સૌથી સક્ષમ મૉડલ રજૂ કરી રહ્યા છીએ. વધુ ઉપયોગી પ્રતિસાદો માટે હવે બાર્ડને ગૂગલ એપ્સ અને સેવાઓ સાથે સંકલિત કરવામાં આવ્યું છે. કંપનીએ કહ્યું, અમે બાર્ડના જવાબોને બે વાર તપાસવાનું સારું કામ કર્યું છે. તેમાં પણ સુધારો કર્યો છે. 'ગૂગલ ઈટ' ફીચરને વધુ લોકેશન પર વિસ્તરણ કરવા માટે કામ કરી રહ્યા છીએ. કંપનીએ નવી જાહેરાત વિશે વિગતવાર માહિતી આપી છે. ઉદાહરણ તરીકે, જો તમે લાસ વેગાસની ટ્રિપનું આયોજન કરી રહ્યાં છો, તો તમારે મુસાફરીની તારીખો, નકશા અને વીડિયોની જરૂર પડી શકે છે. આવી સ્થિતિમાં, 'અપડેટેડ' બાર્ડ આ તમામ સેવાઓમાં આ મહત્ત્વપૂર્ણ ડેટાને શોધશે, જવાબ શોધી કાઢશે અને તેને પ્રદર્શિત કરશે. તે યુઝર્સની જરૂરિયાતો અનુસાર પ્રતિભાવ આપશે. બીજો વધારાનો ડેટા ખેંચી શકશે અને હોટલ અને ફ્લાઈટ્સ વિશેની માહિતી પણ આપી શકશે.

BOLLYWOOD NEWS FLASH

## અભિનેતા વિકી કૌશલે કર્યો મોટો ખુલાસો, હજુ સુધી તેને કોઈપણ ઓફર સ્વીકારી નથી : વિકી કૌશલ



તેને કેટરિના સાથે ફિલ્મો કરવાની ઘણી ઓફર મળી છે : કૌશલે

। મુંબઈ, તા.૩૦ ।

બોલિવૂડનું લોકપ્રિય કપલ વિકી કૌશલ અને કેટરિના કેફ અવારનવાર સમાચારોમાં રહે છે. તેમના લગ્ન ડિસેમ્બર ૨૦૨૧માં થયા હતા. વિકી અને કેટરીનાની જોડી ચાહકોને ઘણી પસંદ છે. વિકી અને કેટરીનાના લગ્ન પછી ચાહકો તેમની કેમેસ્ટ્રીને પડદા પર જોવા માંગે છે. હવે વિક્કી કૌશલે કહ્યું કે તેને કેટરિના સાથે ફિલ્મો કરવાની ઘણી ઓફર મળી છે, પરંતુ તેણે હજુ સુધી કોઈ ઓફર સ્વીકારી નથી. એક ઈન્ટરવ્યુમાં વિકી કૌશલે કહ્યું હતું કે અમને સાથે ફિલ્મો કરવાની ઑફર મળી છે. પરંતુ સાચી વાત એ છે કે જ્યારે તમે એ રોલમાં ફિટ બેસો ત્યારે તમને ફિલ્મમાં કાસ્ટ કરવામાં આવે છે. એટલા માટે નહીં કે ચાહકો તે બે લોકોને સાથે જોવા માંગે છે. વિકીના વર્ક ફ્રન્ટની વાત કરીએ તો તે ફિલ્મ ધ ગ્રેટ ઈન્ડિયન ફેમિલીમાં જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં તે માનુષી છિલ્લરની સામેની ભૂમિકામાં હતો. હવે તે સામ બહાદુરમાં જોવા મળશે. આ ફિલ્મમાં ફાતિમા સના શેખ, શનાયા મલ્હોત્રા જેવા સ્ટાર્સ જોવા મળશે. કેટરિના કૈફની વાત કરીએ તો તે ફિલ્મ ટાઈગર ૩માં જોવા મળવાની છે. હાલમાં જ આ ફિલ્મનું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં સલમાન ખાન લીડ રોલમાં છે. 'ટાઈગર ૩'ના ટીઝરમાં ફરી એકવાર કેટરિના અને સલમાન ખાનને સ્ક્રીન શેર કરતા જોઈને ચાહકોની ખુશીની કોઈ સીમા નથી. ટાઈગર ૩ની સ્ટાર કાસ્ટની વાત કરીએ તો સલમાન ખાન અને કેટરિના કૈફ ઉપરાંત ઈમરાન હાશમી પણ આ ફિલ્મમાં જોરદાર એક્ટિંગ કરતા જોવા મળશે. ઈરમાન આ ફિલ્મમાં વિલનની ભૂમિકામાં જોવા મળશે.

## વિવેક અગ્નિહોત્રીની ફિલ્મ છે વેક્સિનવોર, ફિલ્મની પહેલા દિવસની કમાણી ફક્ત રૂપિયા ૨ કરોડ થઇ

# ફિલ્મ વેક્સિનવોરને બોક્સ ઓફિસ પર નબળો પ્રતિસાદ

। મુંબઈ, તા.૩૦ ।

વિવેક અગ્નિહોત્રીના દિગ્દર્શનમાં બનેલી ફિલ્મ ધ વેક્સીન વોર ૨૮ સપ્ટેમ્બરના રોજ રિલીઝ થઈ ગઈ છે. પરંતુ આ ફિલ્મની પહેલા દિવસની કમાણી ફક્ત રૂપિયા ૨ કરોડ જ થઈ છે. હવે સપ્તાહના અંત પર લોકોની નજર છે. આ ફિલ્મને ફુકરે ટુ અને ચંદ્રમુખી ટુને ટક્કર આપવી પડી રહી છે. જો કલેકશન આ । મ જ ચાલશે તો પછી ફિલ્મસર્જકને મોટી ખોટ જાય તેવી પૂરી શક્યતા છે. નાના પાટેકર અભિનિત આ ફિલ્મમાં વેક્સિન વોરે પ્રથમ દિવસે ફક્ત ૧ થી ૨ કરોડ રૂપિયાનું જ કલેકશન કર્યું છે, જે આશા કરતાં ઘણું ઓછું છે. જો વીકએન્ડમાં કલેકશનમાં વધારો નહીં થાય તો ફિલ્મસર્જકને ભારી નુકસાન ઉઠાવવું પડશે. આ ફિલ્મને ફુકરે ટુ અને ચંદ્રમુખી ટુને ટક્કર આપવી પડી રહી છે. વેક્સિન વોર ફિલ્મમાં નાના પાટેકર અને અનુપમ ખેર જેવા માંધાતા કલાકારો હોવા છતાં ફિલ્મ બોક્સ ઓફિસ પર જોર પકડી શકી નથી. ફિલ્મની વાર્તા કોરોનાકાળ દરમિયાનની છે. જેમાં વૈજ્ઞાનિકોના એંગલને લેવામાં આવ્યો છે. આ દરમિયાન




# વહીદા રહેમાને ક્યારેય પણ ફિલ્મોમાં નથી પહેરી બિકીની

। મુંબઈ, તા.૩૦ ।


કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે આપી છે. તેમણે કહ્યું છે કે વહીદા રહેમાનને આ વર્ષે 'દાદા સાહેબ ફાળકે લાઈફ ટાઈમ અચીવમેન્ટ' એનાયત કરવામાં આવશે. તેણે બ્લેક એન્ડ વ્હાઈટથી લઈને કલર સુધીની ફિલ્મોમાં પોતાનું અભિનય કૌશલ્ય બતાવ્યું છે. તમિલનાડુના ચેંગલપટ્ટુમાં ૩ ફેબ્રુઆરી ૧૯૩૮ના રોજ જન્મેલી વહીદા રહેમાન આજે ખુબ ચર્ચામાં છે. ૬૦ અને ૭૦ના દાયકામાં તેણે પોતાની શાનદાર અભિનય, નૃત્ય-અભિનય અને સુંદરતાથી લાખો દિલો પર રાજ કર્યું છે.વહીદા રહેમાને ૫૦ના દાયકામાં તેલુગુ ફિલ્મોથી કારકિર્દીની શરૂઆત કરી હતી. તે સમયે તે મોટાભાગે આઈટમ નંબર કરતી હતી. પોતાની કારકિર્દીના શરૂઆતના દિવસોનો ઉલ્લેખ કરતાં વહીદાએ કહ્યું, "મારી કારકિર્દીની શરૂઆતમાં મેં ગુરુ દત્તજી સાથે ત્રણ વર્ષનો કરાર કર્યો હતો. પરંતુ મેં એક શરત રાખી હતી કે હું મારી ઈચ્છા મુજબ જ કપડાં પહેરીશ. જો મને ડ્રેસ ગમશે નહિ, તો મને તે પહેરવાની ફરજ પાડવામાં આવશે નહીં." અભિનેત્રીએ કહ્યું ફિલ્મોમાં મેં ક્યારેય બિકીની નથી પહેરી, મારી લાઈફમાં મેં ક્યારેય સ્લીવલેસ બ્લાઉઝ નથી પહેર્યું. બિકીની તો બહુ દૂરની વાત છે. તમને જણાવી દઈએ કે વહીદા રહેમાન કાગઝ કે ફૂલ. પ્યાસા જેવી ઘણી સુપરહિટ ફિલ્મોમાં કામ કર્યું. આજે પણ લોકો તેમની ફિલ્મો જોવાનું પસંદ કરે છે.

## અત્યાર સુધીમાં કદી આવી પરિસ્થિતિનો સામનો કર્યો નથી. વિશાલે આ ઉપરાંત પણ ઘણી સ્પષ્ટતાઓ કરી છે

# તમિલ અભિનેતા-નિર્માતા વિશાલનો સીબીએફસી પર ભ્રષ્ટાચારનો આરોપ

। મુંબઈ, તા.૩૦ ।

તમિલ એકટર-નિર્માતા વિશાલ કૃષ્ણ રેડ્ડી જે વિશાલ નામે પણ ઓળખાય છે. તેણે પોતાની લેટેસ્ટ ફિલ્મ માર્ક એન્ટાનીની રિલીઝ પછી એક વિવાદ સર્જ્યો છે. એકટરે કેન્દ્રીય ફિલ્મ પ્રમાણન બોર્ડ (સીબીએફસી)પર ગંભીર આરોપ લગાડતી એક પોસ્ટ સોશયલ મીડિયા પર શેર કરી છે. જે ચર્ચાને પાત્ર બની ગઈ છે. વિશાલે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, ભ્રષ્ટાચારને સિલ્વર સ્ક્રીન પર દેખાડવું એ ઠીક છે. પરંતુ વાસ્તવિક જીવનમાં, ભ્રષ્ટાચારનો ભોગ બનવાનો કડવો અનુભવ થાય છે, જે યોગ્ય નથી લાગતો. ખાસ કરીને સરકારી ઓફિસોમાં અને સીબીએફસીના મુંબઈ કાર્યાલયમાં તો સ્થિતિ બહુ ગંભીર છે. બિનધાસ્ત થઈને લોકો લોકો લાંચ લઈ રહ્યા છે. મારી ફિલ્મ માર્ક એન્ટોનીની હિંદી આવૃત્તિ માટે મારે ૬.૫ લાખ ચુકવવા પડયા છે. સ્ક્રીનિંગ માટે રૂપિયા ૩ લાખ અને સર્ટિફિકેટ માટે રૂપિયા ૩. ૫ લાખ આપવા પડયા. મારી કારકિર્દી દરમિયાનનો આ સૌથી ખરાબ અને કડવો અનુભવ મને થયો છે.



# તારક મહેતા, ફેમ મુનમુન દત્તાએ જન્મ દિવસ ઉજવ્યો

## આજે તે ઘરેઘરે ફેમસ બની ગઈ છે મુનમુન દત્તા એક એવી અભિનેત્રી છે જેણે ટીવીના નાનકડા પડદાથી પોતાની સફરની શરૂઆત કરી હતી



। મુંબઈ, તા.૩૦ ।

તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા ફૅમ મુનમુન દત્તાનો ૨૮ સપ્ટેમ્બરના રોજ ૩૪મો જન્મદિવસ હતો. મુનમુન દત્તાએ પોતાનો જન્મદિવસ માતા તથા પાલતુ બિલાડી સાથે સેલિબ્રેટ કર્યો હતો. મુનમુને સો.મીડિયામાં બર્થડે સેલિબ્રેશનની તસવીરો શૅર કરી હતી. હાલમાં જ ટપુ સાથેના સંબંધોને કારણે ચર્ચામાં આવી. 'એક ખાનગીના અહેવાલ પ્રમાણે, મુનમુન તથા રાજ એકબીજાના ગાઢ પ્રેમમાં છે. ઉલ્લેખનીય છે કે બંને સો.મીડિયામાં એકબીજાની પોસ્ટ પર કમેન્ટ કરવાનું ક્યારેય ભૂલતાં નથી. આ વાત પર ઘણીવાર બંનેને સો.મીડિયા યુઝર્સે ટ્રોલ પણ કર્યા છે. કામની સાથે, મુનમુન વિવાદોને કારણે પણ હેડલાઈન્સમાં રહી છે, એક સમયે તે જેલ જવાની અણી પર હતી.

બબીતાજી બનીને તે બધાનું દિલ ચોરી લે છે, પરંતુ રિયલ લાઈફમાં તે ઘણા વિવાદોથી ઘેરાયેલી છે.

અમે વાત કરી રહ્યા છીએ મુનમુન દત્તાની, જેનો આજે જન્મદિવસ છે. સિરિયલ હમ સબ બારાતીથી ટીવીની દુનિયામાં પહેલું પગલું ભર્યું હતું. વાસ્તવમાં મુનમુને અરમાન પર મારપીટનો આરોપ લગાવ્યો હતો.મુનમુન દત્તાનું નામ તેના કરતા ૧૫ વર્ષ નાના રાજ અનડકટ સાથે પણ જોડવામાં આવ્યું છે. MeToo અભિયાન દરમિયાન મુનમુન દત્તાએ ખુલાસો કર્યો હતો કે બાળપણમાં તેનું યૌન શોષણ થયું હતું. પિતરાઈ ભાઈથી લઈને તેના ટ્યુશન શિક્ષક અને હોસ્પિટલના ડૉક્ટરે પર અયોગ્ય સ્પર્શનો આરોપ મુક્યો હતો.

તમને જણાવી દઈએ કે મુનમુન દત્તાએ એક વીડિયો દરમિયાન જાતિ શબ્દનો ઉપયોગ કર્યો હતો. એક દલિત અધિકાર કાર્યકર્તાએ મુનમુન વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો, જેમાં તે જેલ પણ ગઈ હતી.

### વ્યારા ટાઉન હોલ ખાતે

# ૨ અને ૩ ઓક્ટોબરના રોજ વાયબ્રન્ટ ગુજરાત -વાયબ્રન્ટ તાપી વિશેષ કાર્યક્રમનું આયોજન

### આંટ્રપ્રોનોરશીપ અંગે વિવિધ વિષયો ઉપર એક્ષપર્ટ સેમિનાર, પેનલ ડિસ્કશન અને ભવ્ય પ્રદર્શનનું આયોજન



। સુરત, તા.૩૦ ।

રાજ્ય સરકારશ્રી દ્વારા આગામી જાન્યુઆરી માસ-વર્ષ ૨૦૨૪ દરમિયાન આયોજિત 'વાયબ્રન્ટ ગુજરાત સમિટ' ના ભાગરૂપે દરેક જિલ્લામાં જિલ્લા કક્ષાએ વાયબ્રન્ટ કાર્યકમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેને અનુલક્ષીને આગામી ૦૨ થી ૧૨ ઓક્ટોબર સુધી વિવિધ જિલ્લાઓમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તાપી જિલ્લામાં આગામી તા. ૨જી ઓક્ટોબરના રોજ ડો.શ્યામા પ્રસાદ મુખર્જી ટાઉન હોલ વ્યારા ખાતે ''વાયબ્રન્ટ ગુજરાત- વાયબ્રન્ટ તાપી'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમના સુચારૂ આયોજન માટે નિવાસી અધિક કલેકટરશ્રી આર.જે.વલવીના અધ્યક્ષસ્થાને ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી.

''વાયબ્રન્ટ ગુજરાત-વાયબ્રન્ટ તાપી'' કાર્યક્રમમાં, આંટ્રપ્રોનોરશીપ અંગે વિવિધ વિષયો ઉપર એક્ષપર્ટ સેમિનાર, પેનલ ડિસ્કશન અને ભવ્ય પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત 'વન ડિસ્ટ્રીકટ વન પ્રોડક્ટ' બ્રાન્ડિંગ અંગે, હસ્તકલા કારીગરીના તેમજ નાના મોટા ઉદ્યોગોને વિવિધ બેંકો તરફથી તથા વિવિધ સરકારી કચેરીઓ મારફત અમલીકૃત યોજનાઓની માહિતી પૂરી પાડતાં આનુષંગિક સ્ટોલ પ્રદર્શનનું આગામી તા.૦૨ અને ૦૩ ઓક્ટોબર સુધી ડો.શ્યામાપ્રસાદ ટાઉન હોલ ખાતે મુલાકાત લઈ શકશે. આ બેઠકમાં વ્યારા પ્રાંત અધિકારીશ્રી આર.સી.પટેલ, માર્ગ અને મકાન વિભાગના કા.પા.ઈ. મનીષ પટેલ, લીડ ડિસ્ટ્રીક્ટ મેનેજર રસીક જેઠવા, સહિતના સંબંધિત અમલીકરણ અધિકારીશ્રીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ''દેશની અર્થવ્યવસ્થાને વિશ્વમાં ત્રીજા ક્રમે લઇ જવા, 'પી.એમ. સ્વ નિધિ' સહિતની યોજના મહત્વપૂર્ણ પુરવાર થશે'' : ડો. ભાગવત કરાડ




। રાજકોટ, તા.૩૦ ।

રાજકોટના ઢેબર રોડ સ્થિત મ્યુનિસિપલ કોર્પોરેશન સેન્ટ્રલ ઝોન કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી ડો. ભાગવત કરાડની ઉપ સ્થિતિમાં પી. એમ. સ્વ નિધિ યોજનાની સમીક્ષા બેઠક યોજાઇ હતી, જેમાં સરકારી યોજનાને વધુમાં વધુ લોન આપવા બેંકના અધિકારીઓને કેન્દ્રીય મંત્રી ડો. ભાગવત કરાડે તાકીદ કરી હતી.

કેન્દ્રિય નાણા રાજ્ય મંત્રીશ્રી ડૉ. ભાગવત કરાડે કહ્યું હતું કે, ભારત સરકારશ્રી દ્વારા શેરી ફેરિયાઓ માટે અમલી બનાવાયેલી **PMSVANidhi (PM Stre[a] Vendors Atma Nirbhar Nidhi)** યોજનાનો હેતુ શેરી ફેરિયાઓની આજીવિકા પુનઃસ્થાપિત કરી તેમને આત્મનિર્ભર બનાવવાનો છે. આ યોજનાનો લાભ રાજકોટ મહાનગર પાલિકા વિસ્તારના વધુને વધુ ફેરિયાઓ લે તે જરૂરી છે. દેશભરમાં શહેરી ફેરીયાઓને આર્થિક રીતે સશકત બનાવવા તથા વ્યાજના વિષચક્રમાંથી બચાવવા પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનામાં રૂ. ૧૦ હજાર, જે ભરાઈ ગયા પછી રૂ. ૨૦ હજાર, જે ભરાઈ ગયા પછી રૂ. ૫૦ હજારની લોન અપાય છે. આ માટે સાત ટકા લોનનું વ્યાજ સરકાર ભોગવે છે. કેન્દ્રીય નાણામંત્રી (રાજ્ય કક્ષા) ડો. ભાગવત કરાડે વધુમાં કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની અર્થવ્યવસ્થા વિશ્વમાં દશમાં નંબર ઉપરથી પાંચમા નંબર ઉપર આવી ગઇ છે. પરંતુ વડાપ્રધાન હજુ તેને ત્રીજા નંબર ઉપર લઈ જવા પ્રયત્નશીલ છે. કેન્દ્રીય નાણા રાજ્યમંત્રીએ કહ્યું હતું કે, ઈન્ટરનેશનલ મોનીટરીંગ કમિટીના અહેવાલ મુજબ ભારતના ઘણા નાગરિકો ગરીબી રેખામાંથી બહાર નીકળી શક્યા છે, જે મુદ્રા યોજના જેવી અનેક મહત્વપૂર્ણ યોજનાના કારણે શક્ય બન્યું છે. આ માટે સરકાર વિવિધ રાજ્યના, વિવિધ શહેરોની ભારત સરકારની વિવિધ યોજનાઓની સમીક્ષા કરે છે. નાણા વિભાગ અને શહેરી વિકાસ વિભાગ દ્વારા અંત્યોદય એવા ફેરિયાની પી.એમ. સ્વનિધિ યોજનાની આજે સમીક્ષા થઈ રહી છે. ગરીબ માણસને સમૃદ્ધ બનાવવા માટેની આ યોજના પ્રધાનમંત્રીશ્રીની સૌથી પ્રિય યોજના છે. આ યોજનાનો લાભ મેળવનારાઓને ''વન રાશન વન નેશન'', ''પી.એમ. માતૃ વંદના'', ''પી.એમ. જનની સુરક્ષા'' યોજનાનો સહિતની યોજનાનો લાભ આપોઆપ મળે છે. મ્યુનિ. કમિશનરશ્રી આનંદ પટેલ દ્વારા પી.પી.ટી.ના માધ્યમથી પી.એમ. સ્વનિધિની વિગતોથી મંત્રીશ્રીને અવગત કરાયા હતા. આ યોજનાના પ્રારંભથી અત્યાર સુધીમાં કુલ ૩૬,૩૧૬ ફેરિયાઓની અરજીઓ આવી હતી. જેમાં બેક્રોએ મંજુર કરેલી અરજીઓ, ના મંજુર કરેલી અરજી તથા તેના કારણો, સહાય માટે ફેરિયાની મિટિંગ તથા માસ મેગા કેમ્પ, બેંકવાઈઝ લોનની વિગતો વગેરે થી મંત્રીશ્રી કરાડ વાકેફ થયા હતા. આ તકે સાસંદશ્રી રામભાઈ મોકરીયા, મેયરશ્રી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયરશ્રી શ્રી નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકર, શાસક પક્ષનિ નેતા શ્રી લીલુબેન જાદવ, દંડક શ્રી મનિષભાઈ રાડીયા, કલેકટર શ્રી પ્રભવ જોશી, ના. મ્યુ.કમિશ્નર ચેતન નંદાણી, સહાયક કમિશનર વી.એસ.પ્રજાપતિ, શિશુ કલ્યાણ ચેરમેન શ્રી દિલીપભાઈ લુણાગરિયા, ચીફ ઓફિસર્સ સહિતના અધિકારીઓ, મહાનુભાવો, એસ.બી.આઈ.ના ઉપમહાપ્રબંધક આશુતોષ શર્મા, એસ.બી.આઈ.ના રીજીયોનલ મેનેજર નીરજ જોશી અને એસ. એમ. ઐયર, એલ.ડી.એમ. નરેન્દ્રસિંહ સોલંકી, વિવિધ બેંકોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રેકોર્ડિંગ વિના જ પરંપરાગત રીતે

# સાજીંદાઓ અને ગરબે ઘુમનાર બહેનો જ ગરબા રમતા રમતા ગીતો પણ જાતે જ ગાયા



। રાજકોટ, તા.૩૦ ।

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર આયોજીત જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કરોરી, રાજકોટ સંચાલિત એચ.જે ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી ના આર્થિક સહયોગથી ''આઝાદી કા અમૃત મહોત્સવ'' અંતર્ગત ''રાજકોટ શહેર કક્ષા નવરાત્રિ રાસ-ગરબા સ્પર્ધા ૨૦૨૩''નું હેમુ ગઢવી નાટયગૃહ, રાજકોટ ખાતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી હિતેષ દિહોરાએ કહ્યું હતું કે, ગુજરાતનાં સાંસ્કૃતિક વારસાનું જતન કરવાના ઉદ્દેશ્યને પરિપુર્ણ કરવા છેવાડાનાં ગામડાથી માંડીને શહેરો સુધી સર્જનાત્મક વાતાવરણનું નિર્માણ કરીને પ્રતિભાશાળી કલાકારોને આગળ આવવાની તકો અને કલાકારોની કળાને જાળવી રાખીને પુરસ્કૃત કરવાના અભિગમ સાથે પ્રતિવર્ષ શહેરી અને જિલ્લા કક્ષાનો રાસ ગરબાનો કાર્યક્રમ રાજ્ય સરકારશ્રી દ્વારા યોજવામાં આવે છે. આવા કાર્યક્રમ થકી કલા-કારો પોતાની કલાને ઉજાગર કરી શકે તે માટે પ્લેટકોર્મ મળી રહે છે. આ તકે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી બી.એસ.કૈલાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.

રાસગરબા એ ગુજરાતની લોકસંસ્કૃતિનું આગવું અંગ છે. રાસ અને ગરબાની પરંપરાની બાબતમાં ઉજળો ઈતિહાસ અને સંસ્કૃતિની ભવ્યતા સહેજે ઉડીને આંખે વળગે તેવી છે. રાસ પરથી ભગવાન શ્રીકૃષ્ણ, રાધાજી અને ગોપીઓ આપણને સહેજે યાદ આવી જ જાય. આમ રાસ દ્વાપરયુગથી પ્રચલિત જોવા મળે છે.

# વિશ્વ હૃદય દિવસે એકતાનગરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટિ પરીવારનું નિઃશુલ્ક હૃદય નિદાન, બેન્કર્સ ગ્રુપ ઓફ હોસ્પિટલ્સ દ્વારા આયોજન



દીપક જગતાપ

। રાજપીપળા, તા.૩૦ ।

વિશ્વ હૃદય દિવસના ઉપક્રમે, બેક્રર્સ ગ્રુપ ઓફ હોસ્પિટલ્સ દ્વારા એકતાનગર ખાતે એક ખાસ હૃદય નિદાન માટેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સ્ટેચ્યુ ઓફ યુનિટિ પરીવારના સભ્યોનું નિઃશુલ્ક હૃદય નિદાન કરીને તેમને જરૂરી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં યુનિટિ પરીવારના ૧૫૦થી વધુ સભ્યોએ ભાગ લીધો હતો. આ નિદાન અંતર્ગત ઈલેક્ટ્રોકાર્ડિયોગ્રાફી **(ECG)**, રેન્ડમ બ્લડ સુગર **(RBS)** અને બોડી માસ ઈન્ડેક્સ **(BMI)** મૂલ્યાંકન કરીને અનુભવી તબીબોએ યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. સમાજની સુખા-કારી અને આરોગ્ય સંભાળ પ્રત્યે પ્રતિબદ્ધ વ્યકત કરીને હોસ્પીટલ દ્વારા આ પહેલ કરવામાં આવી હતી. સમયાંતરે આરોગ્ય તપાસ અને હૃદયના સ્વાસ્થ્ય અંગે જાગૃતિના મહત્વને તે દર્શાવે છે. સમાજના આર-ોગ્ય અને સુખાકારી તરફની આ પહેલમાં સક્રિય ભાગીદારી બદલ, હોસ્પિટલે સ્ટેચ્યુ ઓફ યુનિટિ-ના સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમનું આયોજન, સીઈઓ ઉદિત અગ્રવાલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું, જેઓ સ્વાસ્થ્ય સંબંધિત પહેલના મહત્વ પર હંમેશા ભાર મુકે છે. આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટુરિઝમ ગવર્નન્સ ઓથોરિટી **(SOUADTGA)** તરફથી અધિક કલેક્ટર ગોપાલ બામણીયા નાયબ કલેકટર સર્વ દર્શક વિઠલાણી, શિવમ બારીયા, અભિષેક સિન્હા, અને એકાઉન્ટ ઓફીસર ઋષિ-કેશ દવે સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા દ્વારા

# આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ અને રાષ્ટ્રિય પોષણ માસની ઉજવણી અંતર્ગત શ્રીઅન્ન (મિલેટ) વાનગી સ્પર્ધા યોજાઇ

### વિજેતા મહિલાઓને ઇનામ તરીકે નોવેલ ઓર્ગેનિક ન્યુટ્રીઅન્ટ, સ્યુડોમોનાસ, શાકભાજીના ધરૂ આપવામાં આવ્યા

। સુરત, તા.૩૦ ।

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વ્યારા, જિ. તાપી દ્વારા આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ અને રાષ્ટ્રીય પોષણ માસ-૨૦૨૩ની ઉજવણી અંતર્ગત ઉચ્છલ તાલુકાના ચિતપુર ગામે શ્રીઅન્ન (પોષક અનાજ) વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિતપુર ગામની કુલ ૪૩ આદિવાસી મહિલાઓએ ઉમંગભેર ભાગ લીધો હતો. વાનગી સ્પર્ધામાં કુલ ૨૫ આદિવાસી મહિલાઓએ ભાગ લઈ વિવિધ મિલેટનો ઉપયોગ કરી પૌષ્ટિક વાનગીઓ બનાવી પ્રદર્શિત કરી હતી. જેમાં આદિવાસી મહિલાઓ દ્વારા જુવાર, નાગલી, બાજરી, કોદરી, ભગર અને સાથે વિવિધ પ્રકારની ભાજી, સીંગદાણા, તલ, મશરૂમ, વાંસ, લીલી શાકભાજી, કઠોળનો ઉપયોગ કરી ટ્રેડિશનલ ડીશ, સુખડી, શીરો, કાંજી, પાતરા, મુઠિયા, હલવો,, વિવિધ ડિઝાઈનના રોટલા, કઠોળ, ભાજીનું શાક, મશરૂમનું શાક, વાંસનું શાક, દેશી ચટણી વગેરે પૌષ્ટિક વાનગી બનાવવામાં આવી હતી.

કાર્યક્રમનાં અધ્યક્ષ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. સી. ડી. પંડયાએ વાનગી સ્પર્ધામાં ભાગ લીધેલ સર્વે મહિલાઓને અભિનંદન પાઠવી વિવિધ પ્રકારના મિલેટ જેમાં જુવાર, નાગલી, વરીની વિવિધ જાત વિષે માહિતી આપી તેનું ઉત્પાદન વધારવા માટે ભાર મુક્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન શ્રીમતી કલ્યાણીબેન પંડ્યા, તાપી જિલ્લા કાર્યવાહિકા, રાષ્ટ્ર સેવિકા સમિતિએ ઉપસ્થિત મહિલાઓને મિલેટની વિવિધ વાનગીઓનો રોજિંદા આહારમાં ઉપયોગ કરવા માટે હાંકલ કરી સૌની શ્રીઅન્ન વાનગી બનાવવાની અદભુત કામગીરીને બિરદાવી હતી.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારાના ગૃહવિજ્ઞાન વિભાગના વૈજ્ઞાનિક પ્રો.આરતી સોનીએ આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ અને રાષ્ટ્રીય પોષણ માસનું મહત્વ સમજાવી મિલેટમાં રહેલ વિવિધ પોષકતત્વો વિશે માર્ગદર્શન આપી કાર્યક્રમમાં



ઉપસ્થિત સર્વેને આહારમાં વધુમાં વધુ મિલેટનો ઉપયોગ કરી પોતાના કુટુંબના દરેક સભ્યોની તંદુરસ્તી માટે મહત્વનું યોગદાન આપવા જણાવેલ હતું અને સાથે તેમણે સૌને પોષણ શપથ પણ લેવડાવી હતી. વધુમાં તેમણે સજીવ ખેતી પર ભાર મુકતા નોવેલ ઓર્ગેનિક ન્યુટ્રીઅન્ટ, સ્યુડોમોનાસના ઉપયોગ વિશે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં કેન્દ્રના પશુપાલન વિભાગના વૈજ્ઞાનિક ડૉ. જે.બી. બુટાણી અને વિશ્વ હિન્દુ પરિષદના દક્ષિણ ગુજરાતના પ્રમુખ શ્રી અનિતાદીદીએ ઉપસ્થિત રહી સર્વે મહિલાઓને પ્રોત્સાહિત કર્યા હતા. મિલેટ વાનગી સ્પર્ધામાં વિજેતા મહિલાઓને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ઈનામ તરીકે નોવેલ ઓર્ગેનિક ન્યુટ્રીઅન્ટ, સ્યુડોમોનાસ, શાકભાજીના ધરૂ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનાં અંતે, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારાના ગૃહવિજ્ઞાન વિભાગના વૈજ્ઞાનિક પ્રો.આરતી સોનીએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કેવિકેના રીસોર્સ પર્સન શ્રીમતિ અન્સુયાબેન, ગામના શ્રીમતિ નિશાબેન, અને પુષ્પાબેનએ ભારે જહેમત ઉઠાવી હતી.

# સિંચાઈ, સૌની યોજના, પાણી પુરવઠાના કામો વહેલાસર પૂર્ણ કરવા જળસંપત્તિ મંત્રી કુંવરજીભાઈની સૂચના



। રાજકોટ, તા.૩૦ ।

રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાના અધ્યક્ષસ્થાને રાજકોટમાં બહુમાળી ભવન જીત સિંચાઈ વિભાગની કચેરી ખાતે સિંચાઈ, ''સૌની'' યોજના તેમજ પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં પ્રગતિ હેઠળના કામોને વેગવાન બનાવવા તથા બાકી કામો વહેલાસર પૂર્ણ કરવા સૂચના અપાઈ હતી. રાજકોટ, સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લાના સિંચાઈ (પંચાયત) અને સિંચાઈ (રાજ્ય)ના અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં, મંત્રીશ્રી કુંવરજીભાઈએ ચેકડેમ તથા તળાવના રિપેરિંગના કામો, ''સૌની'' યોજના સાથે જોડવાના તળાવો, સિંચાઈ વિભાગની મિલકતોની જાળવણી, તથા હાલ ચાલી રહેલા કામોની ગુણવત્તાની સમીક્ષા કરી આ કામોમાં ગતિ લાવવા સૂચના આપી હતી. અને વિવિધ વિસ્તારમાં સિંચાઈ ખાતાને લગતા પ્રશ્નોની વિગતો મેળવી તેના ઉકેલ માટે માર્ગદર્શન આપ્યું હતું. મંત્રીશ્રીએ વિવિધ વિસ્તારોમાં આવેલા ચેકડેમ કે મોટા ડેમ સહિતના સિંચાઈ વિભાગના માળખાને નુકસાન કરતી વિવિધ પ્રવૃત્તિઓ સામે કડક હાથે કામ લેવા સૂચના આપી હતી. ''સૌની'' યોજનાના અધિકારીઓ સાથેની બેઠકમાં મંત્રીશ્રીએ લિક્ર-૪ના પેકેજ-૫ની સ્થિતિ જાણી હતી તેમજ ''સૌની'' યોજના અંતર્ગત હાલ થતાં પાણી વિતરણની વિગતો મેળવી હતી. અને પ્રગતિ હેઠળના કામો વેગવાન બનાવવા અને આગામી સમયમાં હાથ ધરાનાર કામોને વહેલાસર શરૂ કરવા પણ અધિકારીને જણાવ્યું હતું. જ્યારે પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સાથેની બેઠકમાં મંત્રીશ્રી કુંવરજીભાઈએ મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગરના વિવિધ તાલુકામાં પાઈપ લાઈન નાંખવાની કામગીરીનો પ્રગતિ અહેવાલ જાણ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તેમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. આજે પૈસા અંગે પ રિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમતગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તબિયતની ધ્યાન રાખવાની ચોક્કસ જરૂર છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે. આંખો કદી જૂઠું બોલતી નથી અને તમારા સાથીની આંખો તમને આજે કશું બહુ ખાસ કહી જશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? કોઈક તમને નુકસાન પહોંચાડવાની કોશિષ કરશે-કેટલીક મજબૂત શક્તિઓ તમારી વિરૂદ્ધ કામ કરી રહી છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? મહેમાનો તમારા ઘરની મુલાકાત લેશે જેને કારણે તમારો દિવસ સુંદર અને અદભુત બની જશે. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે. તમારા સંતાનને તમારી અપેક્ષાઓ પર પાર ઉતરતા જોઈ તમારૂં સપનું સાકાર થઈ રહ્યું હોવાનું લાગશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારી ખરાબ આદતો તમારી માટે મુશ્કેલીઓ સર્જશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો. તમારા પ્રિયપાત્ર સાથે કૅન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે. અન્યોની દખલ ઘર્ષણ પેદા કરશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે મિત્રના ઠંડા પ્રતિભાવથી તમે વ?યથિત થશો.પણ મગજ શાંત રાખવાની કોશિષ કરજો. આ બાબત તમને છિન્નભિન્ન ન કરી નાખે તેની તકેદારી રાખો અને વ્યથા ટાળવાનો પ્રયાસ કરો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી સૌથી મોટી મૂડી છે તમારી રમૂજવૃત્તિ, તમારી બીમારીને સાજી કરવા તેનો ઉપયોગ કરો. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

# રાજનીતિની મજબૂરીઓથી કેનેડા આતંકીઓને છૂટ આપે છે

## કેનેડિયન વડાપ્રધાને પહેલા ખાનગી રીતે કેટલાક આરોપ લગાવ્યા અને અમે તેમને બંને રીતે પ્રતિક્રિયા આપી : ભારતીય વિદેશ પ્રધાન

। વોશિંગ્ટન, તા.૩૦ ।

ભારત અને કેનેડા વિવાદ પર વિદેશ મંત્રી એસ. જયશંકરે ફરી એકવાર પ્રતિક્રિયા આપી છે. વોશિંગ્ટન ડીસીમાં હડસન ઈન્સ્ટીટ્યૂટમાં વાત કરતા વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું કે, કેનેડિયન પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોએ જે આરોપ લગાવ્યા છે, તે પાયાવિહોણા છે. તેમણે એમ પણ કહ્યું કે, 'અમે અમેરિકન નેતાઓ જેક સુલિવન અને એન્ટની બ્લિંકનને કહ્યું કે, કેનેડા ઉગ્રવાદી તત્વોને આશરો આપે છે અને અમારા રાજદૂતો અસુરક્ષિત છે. કેનેડાની રાજનીતિની મજબૂરીઓના કારણે તેમને કેનેડામાં સંચાલનની જગ્યા આપવામાં આવી છે.'

જયશંકરે ભારત-કેનેડા વિવાદ પર કહ્યું કે, કેનેડિયન વડાપ્રધાને પહેલા ખાનગી રીતે કેટલાક આરોપ લગાવ્યા અને અમે તેમને બંને રીતે ખાનગી અને જાહેર રીતે પ્રતિક્રિયા આપી. તેઓ જે આરોપ લગાવી રહ્યા હતા તે અમારી નીતિને અનુરુપ ન હતા. અમે કેનેડાની ધરતી પર આતંકવાદી ગતિવિધિઓ અંગે માહિતી આપી. પરંતુ કેનેડાએ કોઈ વિશેષ માહિતી ભારતની સાથે શેર ન કરી. કેનેડા આતંકવાદી ગતિવિધિઓ માટે સુરક્ષિત આશરો આપનારું બની ગયું છે. તેમણે પોતાની ઈન્ટરનેશનલ છાપ અંગે વિચારવાની જરૂર છે. સૌથી મોટો મુદ્દો કેનેડા અને પાકિસ્તાન દ્વારા નાણાકીય સહાય અને સમર્થિત આતંકવાદ છે. ટ્રુડોનું કહેવું છે કે, નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટનો હાથ હોવાના પુરાવા છે. જોકે, ટ્રુડોનો આ દાવો હવા સાબિત થઈ રહ્યો છે, કારણ કે હજુ સુધી કેનેડા તરફથી ભારતને એવા કોઈ પુરાવા સોંપવામાં નથી આવ્યા.

જયશંકરે કહ્યું કે, કેનેડા સાથે ઘણા વર્ષોથી વિખવાદ રહ્યો છે. જોકે, છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન તેમાં વધારો થયો છે. તેમણે ભારત-રશિયાના સંબંધોને ખુબ અસાધારણ કરાર આપતા કહ્યું કે, બંને દેશો વચ્ચે સંબંધ ખુબ જ સ્થિર રહ્યા છે. તેમણે કહ્યું કે, છેલ્લા ૭૦ વર્ષ દરમિયાન કેટલાક દેશોના ઈન્ટરનેશનલ સંબંધોમાં ઘણો ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે.

તેમણે કહ્યું કે, ટ્રુડોએ બ્રિટિશ કોલંબિયામાં ૧૮ જૂને થયેલી નિજ્જર હત્યામાં ભારતીય એજન્ટોની સંભવિત સંડોવણીના આરોપ લગાવ્યા છે, જેના કારણે ભારત અને કેનેડા વચ્ચે તણાવ વધી ગયો છે.

ભારતે ૨૦૨૦માં નિજ્જરને આતંકવાદી જાહેર કર્યો હતો. ભારતે ટ્રુડોના આરોપોને પાયાવિહોણા અને અંગત સ્વાર્થોથી પ્રેરિત બતાવીને ફગાવી દીધા છે. તેમણે આ મામલે એક ભારતીય અધિકારીને કેનેડાથી સસ્પેન્ડ કરાયા બાદ જવાબી કાર્યવાહી કરતા એક વરિષ્ઠ કેનેડિયન રાજદૂતને ભારતથી સસ્પેન્ડ કરી દેવાયા.

## જળ સંરક્ષણના પાઠ શીખવવામાં આવશે

# બુંદેલખંડમાં દેશની પહેલી વોટર યુનિવર્સિટી બનશે

### યુનિવર્સિટીમાં પાણીની અછતથી ઉત્પન્ન થતી સમસ્યા માટે પ્રાચીન તેમજ આધુનિક ટેકનીકની મદદથી સમાધાન શોધવામાં આવશે

। બુંદેલખંડ, તા.૩૦ ।

યુપીના બુંદેલખંડને દેશની પહેલી વોટર યુનિવર્સીટીની ભેટ મળવા જઈ રહી છે. આ વિસ્તારના હમીરપુર જીલ્લામાં ૨૫ એકર જમીન વિસ્તારમાં દુનિયાની પહેલી વોટર યુનિવર્સીટી બનવા જઈ રહી છે. જેમાં દેશ અને દુનિયાના લોકો અહીં જળ સંરક્ષણના પાઠ શીખવા માટે આવશે. આ યુનિવર્સીટીમાં વિદ્યાર્થી અને રિસર્ચર પાણીની અછતથી ઉત્પન્ન થતી સમસ્યાઓ માટે પ્રાચીન તેમજ આધુનિક ટેકનીકની મદદથી સમાધાન શોધવામાં આવશે. અહીં, યુજીસીના ધોરણો અનુસાર અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસક્રમો હાથ ધરવામાં આવશે, જેમાં સંરક્ષણ અને જળ સંકટનો અભ્યાસક્રમો તરીકે સમાવેશ કરવામાં આવશે. આ વોટર યુનિવર્સીટીની પહેલ હમીરપુર જીલ્લામાં રહેનાર અને સ્વીડનમાં પર્યવરણ વૈજ્ઞાનિક પ્રો. રવિકાંત પાઠક અને પદ્મશ્રીથી સન્માનિત જળયોદ્ધા ઉમાશંકર પાંડે દ્વારા કરવામાં આવી હતી. ભવિષ્યમાં પાણીની સમસ્યાઓને ધ્યાનમાં રાખીને આ પ્રસ્તાવને પૂર્વ જીલ્લાધિકારી ડો. ચંદ્રભૂષણ દ્વારા ઉચ્ચ શિક્ષા વિભાગને આ મોકલવામાં આવ્યું હતું. આ ઉપરાંત પ્રો. પાઠકે આ યુનિવર્સીટી માટે ૨૫ એકાદ જમીન દાનમાં આપી હતી. પ્રો. આર. કે. પાઠક હમીરપુર જીલ્લાના રિરુઈ પર ગામના નિવાસી યુનિવર્સીટી ઓફ ગોવેનવર્ગ (સ્વીડન)માં પર્યાવરણ વિભાગના વૈજ્ઞાનિક છે. આ પ્રથમ યુનિવર્સિટી હશે, જ્યાં વિદ્યાર્થીઓ અને સંશોધકોને પ્રાચીન અને આધુનિક ટેક્નોલોજી દ્વારા પાણીની તંગીથી ઊભી થતી સમસ્યાઓનો ઉકેલ મેળવશે. આ યુનિવર્સીટીમાં યુજીસીના ધોરણો મુજબ અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ અભ્યાસક્રમો હાથ ધરવામાં આવશે, જેમાં સંરક્ષણ અને જળ સંકટને કોર્સમાં ઉમેરવામાં આવશે. આ ઉપ રાંત ૫ કોર્સ ચલાવવામાં આવશે. જેમાં હાઈડ્રોલૉજી, વોટર એન્જિનિયરિંગ અને ટેક્નોલોજી, વોટર મેનેજમેન્ટ, વોટર એન્ડ હ્યુમેનિટીઝ અને વોટર એન્ડ સ્પેસ હશે. પદ્મશ્રી ઉમાશંકર પાંડેએ જણાવ્યું હતું કે માત્ર બુંદેલખંડમાં જ નહિ પરંતુ ધીમે ધીમે પૂરી દુનિયામાં પાણીની સમસ્યા વધતી જશે. જેથી જળ સંરક્ષણ શીખવું અને તેનું સમાધાન શોધવું જરૂરી છે. જેથી દુનિયાની પ્રથમ વોટર યુનિવર્સીટીની પહેલ કરવામાં આવી છે.

### ચીનની દાદાગીરી સામે ન ઝૂકવાનું ફિલિપાઈન્સનું વલણ

## ચીન સાથે ઝઘડો નથી ઈચ્છતા, દરિયાઈ સીમાની રક્ષા કરવા મક્કમ : ફિલિપાઈન્સ

। મનીલા, તા.૩૦ ।

ભારતની જેમ ફિલિપ ાઈન્સે પણ ચીનની દાદાગીરી સામે નહીં ઝુકવાનુ વલણ અપનાવ્યું છે. સાઉથ ચાઈના સીમાં વિવાદિત વિસ્તારોમાં ચીન દ્વારા લગાવવામાં આવેલા બેરિયર ફિલિપાઈન્સ કોસ્ટ ગાર્ડ દ્વારા હટાવવામાં આવ્યા બાદ દેશના રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરે કહ્યુ હતુ કે, અમે ચીન સાથે કોઈ જાતનો ઝઘડો કરવા નથી માંગતા પણ અમારી દરિયાઈ સીમાની અને અમારા માછીમારોના અધિકારીઓની રક્ષા કરવા માટે અમે મક્કમ છે.

ચીન સામે ફિલિપાઈન્સે આ પ્રકારે જાહેરમાં વિરોધ કર્યો હતો તેવુ પહેલી વખત બન્યુ છે. આ નિવેદનના મૂળમાં ચીનની એક ઉશ્કેરણી જનક હરતક છે. ચીને સાઉથ ચાઈના સીમાં સ્કારબોરો શોલ નામના વિસ્તારની આગળ એક મોટુ બેરિયર ઉભુ કર્યુ હતુ અને માર્કોસના આદેશ બાદ તેને ફિલિપાઈન્સ કોસ્ટ ગાર્ડે હટાવી દીધુ હતું.

પત્રકારો સાથે વાતચીતમાં ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિએ કહ્યુ હતુ કે, વિવાદિત ગણાતા વિસ્તારમાં અમારા માછીમારો સો વર્ષ કરતા વધારે સમયથી માછલીઓ પકડી રહ્યા છે. ચીને લગાવેલા બેરિયર હટાવી દેવાયા બાદ ફિલિપાઈન્સની બોટ દ્વારા એક દિવસમાં ૧૬૪ ટન માછલીઓ પકડવામાં આવ્યા હતી. આ દરિયાઈ વિસ્તારમાં કોઈ જાતના અવરોધકો ચલાવી લેવામાં નહીં આવે. કારણકે આ વિસ્તાર ફિલિપાઈન્સની જળ સીમામાં આવે છે.

### જયશંકરે આપ્યો જડબાતોડ જવાબ

# અલ્પસંખ્યકો સાથે ભેદભાવના આરોપ પર જયશંકર ભડક્યા

## ધર્મના આધારે ભેદભાવની ચિંતાઓને ફગાવતા કહ્યું કે ભારતમાં બધુ નિષ્પક્ષ છે

। નવી દિલ્હી, તા.૩૦ ।



ભારતના વિદેશમંત્રી એસ જયશંક હાલ અમેરિકાના પ્રવાસે છે. એસ જયશંકરે ભારતમાં અલ્પસંખ્યકોની સ્થિતિ પર ભાર મૂકતા ધર્મના આધારે ભેદભાવની ચિંતાઓને ફગાવતા કહ્યું કે ભારતમાં બધુ નિષ્પક્ષ છે. જયશંકરે કહ્યું કે દુનિયામાં પહેલા કોઈએ એવું કર્યું નથી. આજે તમે તેના લાભોને આવાસ, સ્વાસ્થ્ય, ખાદ્ય, અને આર્થિક મામલાઓમાં જોઈ શકો છો. અહીં શિક્ષણ અને સ્વાસ્થ્યની સુવિધાઓ સુધી બધાની પહોંચ છે. હું તમે પડકાર ફેંકુ છું કે ભેદભાવ દેખાડી બતાવો. વાસ્તવમાં અમે જેટલા વધુ ડિજિટલ થયા છીએ, શાસન એટલું જ ફેસલેસ થયું છે. જેના કારણે તે વધુ નિષ્પક્ષ થયું છે. અમેરિકાની ધરતી પરથી વિદેશમંત્રી એસ જયશંકરે અમેરિકાને સલાહ આપી કે ભારતને પાઠ ભણાવવાની જરૂર નથી. જયશંકરે સવાલ કર્યો કે જે સ્થિતિ આજે ભારતની સાથે જે થાય છે તે આજે કોઈ બીજા દેશ સાથે હોય તો તેમનું શું વલણ હોત. અમેરિકાએ કદાચ વિચાર્યું નહીં હોય કે ભારતના વિદેશમંત્રી એસ જયશંકર તેમની જ ધરતી પરથી તેમને ફટકાર લગાવશે. પરંતુ જયશંકર તો જયશંકર છે અને જે રીતે સવાલ પૂછાય છે તેઓ જવાબ પણ તે જ રીતે આપે છે. કેનેડાના મુદ્દે બે નાવડીમાં સવારી કરી રહેલા અમેરિકાના ભારતે મોટી શિખામણ આપી છે. વોશિંગ્ટનમાં એક પ્રેસ કોન્ફરન્સમાં જયશંકરે કહ્યું કે અભિવ્યક્તિની આઝાદીની નામ પર કોઈ દેશ ભારતને જ્ઞાન ન આપે. તેમણે એક સવાલ દરમિયાન વળતો પ્રહાર કરીને પૂછી લીધુ કે ભારત સાથે જે થઈ રહ્યું છે તે જો બીજા દેશ સાથે થાત તો તેઓ શું કરત. તેમનો ઈશારો અમેરિકા સહિત પશ્ચિમી દેશો તરફ હતો જેઓ દરેક મામલે અભિવ્યક્તિની આઝાદીના નામે ન લેવા ન દેવા પણ કૂદી પડે છે.

## બ્રિટનમાં ભારતીય હાઈ કમિશનરને સ્કોટલેન્ડમાં ગુરુદ્વારામાં પ્રવેશતા અટકાવ્યા

। લંડન, તા.૩૦ ।

બ્રિટનમાં કટ્ટરપંથી ખાલિસ્તાની સમર્થકોએ ફરી એકવાર હંગામો મચાવ્યો છે. વાત જાણે એમ છે કે, બ્રિટિશ ખાલિસ્તાની સમર્થકોના એક જૂથે શુક્રવારે બ્રિટનમાં ભારતીય હાઈ કમિશનર વિક્રમ દોરાઈસ્વામીને સ્કોટલેન્ડમાં ગુરુદ્વારામાં પ્રવેશતા અટકાવ્યા હતા. ખાલિસ્તાની સમર્થકોએ ભારતીય હાઈ કમિશનરને કારમાંથી નીચે ઉતરવા દીધા ન હતા. ખાલિસ્તાન તરફી શીખ કાર્યકર્તાએ જણાવ્યું કે, તેમાંથી કેટલાકને ખબર પડી કે, દોરાઈસ્વામીએ આલ્બર્ટ ડ્રાઈવ પર ગ્લાસગો ગુરુદ્વારાની ગુરુદ્વારા કમિટી સાથે મીટિંગ કરવાની યોજના બનાવી છે. ખાલિસ્તાની સમર્થકે કહ્યું, કેટલાક લોકો આવ્યા અને તેમને કહ્યું કે તેમનું અહીં સ્વાગત નથી અને તેઓ ચાલ્યા ગયા. હળવો બોલાચાલી થઈ હતી. મને નથી લાગતું કે, ગુરુદ્વારા કમિટી જે બન્યું તેનાથી બહુ ખુશ છે.

### બિહારના પટનામાં પ્રસાસનની ઘોર બેદરકારી સામે આવી

## સીએમના કાફલા માટે રસ્તો બ્લોક કરતા એમ્બ્યુલન્સ કલાક ફસાઈ

। પટના, તા.૩૦ ।



બિહારના પટનામાં પ્રસાસનની ઘોર બેદરકારી સામે આવી છે. આજે મુખ્યમંત્રી નીતીશ કુમારનો કાફલો નીકળવાનો હતો જેને કારણે રસ્તો બ્લોક કરવામાં આવ્યો હતો. જેમાં એક દર્દનાક કિસ્સો સામે આવ્યો હતો. નીતીશ કુમારના કાફલાના કારણે મોત સામે લડી રહેલા માસૂમ બાળકની એમ્બ્યુલન્સ લગભગ એક કલાક સુધી ઉભી રખાય હતી. માસુમ બાળકના પરિવારજનોએ આજીજી કરી કે બાળક બેભાન છે અને જો તેને સમયસર સારવાર નહીં મળે તો તેનું મોત થશે. પરંતુ, પોલીસકર્મીઓએ તેમની વાત ન સાંભળી અને એમ્બ્યુલન્સને રોકી દીધી. માસૂમ બાળકના પરિવારજનોનું કહેવું છે કે તેઓ બાળકોને ફતુહાની ખાનગી હોસ્પિટલમાંથી પટનાની હોસ્પિટલમાં લઈ જઈ રહ્યા હતા, પરંતુ પોલીસે મુખ્યમંત્રીના કાફલાને રસ્તો આપવા માટે તમામ વાહનોને રોકી દીધા. આ ઘટના પટનાના ફતુહા પોલીસ સ્ટેશન વિસ્તારના રેલવે ઓવર બ્રિજ પાસે બની હતી. મુખ્યમંત્રી નીતિશ કુમાર તેમના ગૃ હ જિલ્લા નાલંદાથી ઈથેનોલ ફેક્ટરીનું ઉદ્‌ઘાટન કરીને રાજધાની પરત ફરી રહ્યા હતા. તેમનો કાફલો શાંતિપૂર્વક પસાર થાય તે માટે પોલીસકર્મીએ તમામ વાહનોને રોકી રાખ્યા હતા. જેમાં એક એમ્બ્યુલન્સ પણ ફસાઈ ગઈ હતી. જો કે, આ મામલે પટનાના ટ્રાફિક એસીપી કહ્યું કે, આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. તમામ પોલીસકર્મીઓને આવી ઘટનાઓ ફરી ન બને તેની તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે. આ મામલે ભાજપએ બિહારની નીતીશ કુમાર સરકાર પર સવાલો ઉઠાવ્યા છે.

## ચોમાસું વિદાય લઈ રહ્યું છે પણ વરસાદ નહીં!

। નવી દિલ્હી, તા.૩૦ ।

લગભગ ૩ મહિના સુધી દેશને પલાળ્યા બાદ હવે ધીરે ધીરે ચોમાસું જાણે વિદાય લઈ રહ્યું છે. આગામી ૧-૨ દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ અને પશ્ચિમ ભારતના કેટલાક ભાગોમાં ચોમાસાની વાપસીની સ્થિતિઓ અનુકૂળ થઈ રહી છે. જો કે છૂટાછવાયા ઝાપટાનો દોર દેશના વિવિધ ભાગોમાં હજુ પણ ચાલુ છે. ગુજરાત સહિત દેશમાં વરસાની સ્થિતિ અંગે શું આગાહી કરાઈ છે તે ખાસ જાણો. કર્ણાટકના ઉત્તર તટ, દક્ષિણ કોંકણ અને ગોવા પાસે પૂર્વ મધ્ય અરબ સાગરની ઉપર એક ઓછા દબાણનું ક્ષેત્ર બની ગયું છે. આ દબાણ આગામી ૨૪ કલાક દરમિયાન ધીરે ધીરે ઉત્તર પશ્ચિમ દિશામાં આગળ વધી શકે છે. મ્યાંમાર અને તેની નજીક પૂર્વ મધ્ય બંગાળની ખાડી ઉપર બનેલી ચક્રવાતી પરિસંચરણના કારણે પૂર્વ મધ્ય બંગાળની ખાડી ઉપર પણ ઓછા દબાણનું ક્ષેત્ર બની ગયું છે. તે ઉત્તરી ઓડિશા અને પશ્ચિમ બંગાળ તટ પર પશ્ચિમ દિશામાં આગળ વધે તેવી શક્યતા છે.

## વિશેષ

### જેના સુંદર પરિણામ NQAS માટે રાષ્ટ્રીય કક્ષાએથી ટીમની નિમણૂક કરવામાં આવે છે

# અડપોદરા, તાજપુર કેમ્પ અને નનાનપુર હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરને ગુણવત્તાયુક્ત સેવાઓ માટે રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર પ્રાપ્ત થયું

આરોગ્ય વિભાગ ભારત સરકાર દ્વારા દર વર્ષે સરકારી આરોગ્ય સેવાઓ આપતી જુદી- જુદી સંસ્થાઓને કવોલિટી એશ્યોરન્સ સર્ટિફિકેટ આપે છે. જે અંતર્ગત જિલ્લામાં અડપોદરા, તાજપુર કેમ્પ અને નનાનપુર હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરને ને **NQAS** અંતર્ગત ગુણવત્તાયુક્ત સેવાઓ માટે રાષ્ટ્રિયકક્ષાનુ પ્રમાણપત્ર મળવાથી જિલ્લાની યશકલગીમાં વધુ એક મોરપિચ્છનો ઉમેરો થયો છે.

જિલ્લામાં આરોગ્ય સેવાઓ ખુબ સારી મળી રહે તે માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી સાબરકાંઠા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી તથા જિલ્લા કવોલીટી એસ્યોરન્સ મેડીકલ ઓફિસરશ્રી દ્વારા સતત માર્ગદર્શન આપવામાં આવ્યું છે. જેના સુંદર પરિણામ **NQAS** માટે રાષ્ટ્રીય કક્ષાએથી ટીમની નિમણૂક કરવામાં આવે છે. આ અંતર્ગત નક્કી કરેલ સેન્ટરો ખાતે મુલાકાત લઈને ચેક લીસ્ટ મુજબ જરુરી મુદ્દાઓની ચકાસણી થાય છે. જેનો મુખ્ય આશય દર્દીઓને ગુણવત્તાસભર સેવાઓ આપવાનો છે.

આ માટેના નિયત માપદંડોમાં સગર્ભા માતાઓ, નવજાત શિશુ અને બાળકોને જરૂરી આરોગ્ય સંભાળ, રસીકરણ, કિશોર-કિશોરીઓ ને લગતી સેવાઓ, કુટુંબ કલ્યાણ સેવાઓ, વિવિધ આરોગ્ય સેવાઓ, તાત્કાલિક આરોગ્ય સારવાર, રોગચાળાને લગતી સેવાઓ, વિવિધ રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમ ના સઘન સંચાલન, નોન કોમ્યુનિકેબલ રોગોનું નિદાન-સારવાર, માનસિક આરોગ્ય ને લગતી સારવાર-







સેવાઓ, જનરલ એડમિનિસ્ટ્રેશન અને ફાયનાન્સ ને લગતી વિવિધ સુવિધાઓ સઘન તપાસ રાષ્ટ્રીય કક્ષાના નિષ્ણાતો દ્વારા કરવા આવી હતી.

નિરિક્ષકો દ્વારા દર્દીઓના અભિપ્રાયો મેળવવામાં આવ્યા હતા. જેમાં સાબરકાઠાં જિલ્લાના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર હિંમતનગર અડપોદરા ૮૮%, તલોદના તાજપુર કેમ્પ ૭૮%, પ્રાંતિજના નનાનપુર હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરને ૮૮% માર્કસ સાથે ગુણવતાયુકત સેવાઓ માટે રાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. આ પ્રમાણપત્ર મળવાના કારણે સ્થાનિક જન સામાન્ય ને મળતી આરોગ્ય સેવાઓ, સુવિધાઓમા ઉતરોતર વધારો થશે.

## ગુજરાત ડ્રગ્સની હેરાફેરી માટેનું એપી સેન્ટર બન્યું

# અમદાવાદમાંથી સાયબર ક્રાઈમ-કસ્ટમે ૪૬ લાખનું ડ્રગ્સ ઝડપ્યું



### આ કોકેઈનની પાછળ ખાલિસ્તાની કનેક્શન છે કે નહીં તેની પણ ઝીંણવટભરી તપાસ કરવામાં આવી રહી છે

। અમદાવાદ, તા.૩૦ ।

ગુજરાત ડ્રગ્સની હેરાફેરી માટેની એપિ સેન્ટર બની ગયું છે. બે દિવસ અગાઉ જ કચ્છમાંથી ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપાયો હતો. પૂર્વ કચ્છ પોલીસે દરિયાકિનારેથી ૮૦૦ કરોડની કિંમતનું ૮૦ કિલોથી વધુ ડ્રગ્સ જપ્ત કર્યું હતું. આ વખતે ડ્રગ્સનું કન્સાઈન્મેન્ટ કેનેડાથી અમદાવાદ એરપોર્ટ પર આવ્યું હતું. અમદાવાદ સાયબર ક્રાઈમ અને કસ્ટમના જોઈન્ટ ઓપરેશનમાં લાખોની કિંમતનું કોકેઈન તથા તેનું મટીરિયલ મળી આવ્યું છે. હવે કેનેડાથી આવેલા આ કોકેઈનની પાછળ ખાલિસ્તાની કનેક્શન છે કે નહીં તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. અન્ય એજન્સીઓ પણ આ તપાસમાં જોડાઈ છે. ગુજરાતમાં આ વખતે ડ્રગ્સ ઘૂસાડવાની મોડસ ઓપરેન્ડી પણ જબરદસ્ત હતી. ડ્રગ્સનું લિક્વિડ ફોર્મ બનાવીને પુસ્તકના પેજ ઉપર પલાળીને સૂકવી દેવામાં આવ્યું હતું, જેના કારણે કોઈને પુસ્તક પર શંકા ન જાય પરંતુ અમદાવાદ સાયબર ક્રાઈમ અને કસ્ટમને મળેલી એક બાતમીને આધારે આખું રેકેટ ઝડપાયુંછે. અમદાવાદ સાયબર ક્રાઈમ અને કસ્ટમ ડિપાર્ટમેન્ટના સંયુક્ત ઓપરેશનમાં ૪૬ લાખથી વધુના ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.આ સમગ્ર કૌભાંડમાં ડ્રગ્સને એક કુરિયર કંપની દ્વારા ટ્રાન્સફર કરાતું હતું. આ ડ્રગ્સને રમકડા અને પુસ્તકોમાં સપ્લાય કરવામા આવતું હતું.

## ન્યૂઝ બ્રિફ

### સુરતના જાણીતા બિલ્ડરે કર્યો આપઘાતનો પ્રયાસ

। સુરત, તા.૩૦ ।

સુરતના જાણીતા બિલ્ડરે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. વાયરલ ઓડિયોમાં બિઝનેસ એસોસિએટ્સ પર આરોપ લગાવ્યો હતો. શ્રી કુબેરજી બિલ્ડર્સના નરેશ અગ્રવાલે બિઝનેસ એસોસિએટ્સ દ્વારા માનસિક ત્રાસનો આક્ષેપ કર્યો છે. સુરતમાં ટેક્સટાઈલ માર્કેટ અને કોમર્શિયલ પ્રોજેક્ટના નિર્માણ માટે જાણીતી રિયલ એસ્ટેટ કંપની શ્રી કુબેરજી બિલ્ડર્સના ડિરેક્ટર નરેશ અગ્રવાલે શુક્રવારે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. અગ્રવાલને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા બાદ તેમની હાલત સ્થિર હોવાનું જાણવા મળે છે. તેના આત્મહત્યાના પ્રયાસ પહેલા, નરેશ અગ્રવાલે એક ઓડિયો સંદેશ રેકોર્ડ કર્યો હતો જેમાં તેમણે ઘણી વ્યક્તિઓના નામ લીધા હતા, તેમના પર આરોપ મૂક્યો હતો કે તે તેને ગંભીર માનસિક વેદનામાં મૂકે છે અને તેને આવું કડક પગલું ભરવા માટે પ્રેરિત કરે છે. વાયરલ ઓડિયો માંઅગ્રવાલે એવી વ્યક્તિઓ તરફ આંગળી ચીંધી હતી જે તેમની તકલીફ માટે જવાબદાર છે. નરેશ અગ્રવાલે રાજેશ પોદ્દાર, છગન મેવાડા, ઓઆર ગાંધી અને અફરોઝ ફટ્ટા પર માનસિક ત્રાસ હોવાનો આરોપ મૂક્યો હતો. અગ્રવાલે આરોપ લગાવ્યો હતો કે રાજેશ પોદ્દારે સિલ્ક માર્કેટને લગતા પ્રોપર્ટી ટ્રાન્ઝેક્શનમાં તેમની સાથે છેતરપિંડી કરી હતી.

### અમદાવાદ શહેરના ઘુમામાં નિર્માણાધીન બિલ્ડિંગમાં દુર્ઘટના

। અમદાવાદ, તા.૩૦ ।

અમદાવાદના ઘુમામાં નિર્માણાધીન બિલ્ડિંગમાં દુર્ઘટના ઘટી છે. ઈમારતની કામગીરી દરમિયાન પાલખ તૂટતા ત્રણ શ્રમિકના મોત થયા છે.ઝવેરી ગ્રીન્સ નામની કન્સ્ટ્રક્શન સાઈટમાં આ દુર્ઘટના સર્જાઈ હતી. ગઈકાલે મોડી રાત્રે આ ઘટના બની હતી. ઈમારતના ૧૩માં માળેથી પટકાતા શ્રમિકના મોત થયા છે. અમદાવાદના બોપલ-ઘુમા વિસ્તારમાં આવેલા શાંતિપુરા સર્કલ પાસે એક નિર્માણાધીન બિલ્ડિંગમાં મોટી દુર્ઘટના બની છે. જેમાં ત્રણ શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે. આ શ્રમિકો ગઈકાલે મોડી રાત્રે કામગીરી કરી રહ્યા હતા. ૧૩મા માળે લાકડાની પાલક પર શ્રમિકો ઉભા હતા. જે દરમિયાન અચાનક લાકડાનું સ્ટેન્ડ તૂટતા પાલખ સાથે ત્રણ શ્રમિકો નીચે પટકાયા હતા. જે પછી તમામ ત્રણેય શ્રમિકોના મોત થયા છે. અમદાવાદમાં બનેલી આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ત્રણેય શ્રમિક ઉત્તર પ્રદેશના હોવાનું સામે આવ્યુ છે. આ દુર્ઘટનામાં રાજેશ કુમાર, સંદીપ કુમાર, અમિત કુમાર નામના શ્રમિકોના મોત થયા છે. આ શ્રમિકો ઉત્તર પ્રદેશના બારાબંકી અને અમેઠીના રહેવાસી હોવાનું સામે આવ્યુ છે. આ ત્રણેય શ્રમિકો છેલ્લા બે વર્ષથી આ ઈમારત બનાવવાની કામગીરી કરી રહ્યા હોવાની માહિતી સામે આવી છે. સમગ્ર ઘટનાને લઈને ફાયરબ્રિગેડને જાણ કરાઈ નથી. જો કે ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવી છે. પોલીસે ઘટનાસ્થળને કોર્ટન કરીને ઈમારત બનાવવાની કામગીરી હાલ પુરતી અટકાવી છે અને સમગ્ર ઘટનાને લઈને તપાસ શરુ કરી છે.પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધીને વધુ તપાસ શરુ કરી છે.

# વડોદરામાં રૂપિયા ૮૮.૮૨ કરોડના ખર્ચે નિર્માણ પામેલ પ્રધાનમંત્રી આવાસોનું લોકાર્પણ કરાયું

**ભાયલી તેમજ બીલ વિસ્તારમાં 3 લાખથી ઓછી આવક ધરાવતા વ્યવસાયિક પરિવારોને ફાળવણી કરાઈ**



। વડોદરા, તા.૩૦ ।

વડોદરા શહેરના અકોટા સ્થિત સર સયાજી નગરગૃહ ખાતે ભાયલી અને બીલ ખાતે રૂ. ૮૮.૮૨ કરોડના ખર્ચે નિર્માણ પામેલ પ્રધાનમંત્રી આવાસોનું સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટ અને છોટા ઉદેપુરના સાંસદ શ્રીમતી ગીતાબેન રાઠવાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગરીબી રેખા નીચે જીવતા અને વ્યવસાય અર્થે પોતાના વતનથી દૂર રહી પોતાનું ગુજરાન ચલાવતા લોકો માટે કેન્દ્ર સરકારે સૌને માટે આવાસ યોજનાને ધ્યાને રાખી અ. જા., અ. જ. જા., ઓ. બી. સી., જનરલ કેટેગરી તેમજ વિકલાંગો માટે નિયત થયેલ ગાઈડ લાઈન મુજબ કુલ ૯૮૯ જેટલા આવાસોની ફાળવણી કરવા માટેનું સોફટવેર તૈયાર કરવામાં આવ્યું હતું જેને ગાંધીનગરની આઈ. ટી. એજન્સી દ્વારા તૈયાર કરવામાં આવ્યું હતું જેના થકી તટસ્થતા પૂર્વક આવાસોની ફાળવણી કરવામાં આવે તથા સંપૂર્ણ પણે પારદર્શકતા જળવાય તેની ખાસ તકેદારી રાખીને ડ્રો કરી નક્કી કરવામાં આવેલા લાભાર્થીઓને આવાસો ફાળવવામાં આવ્યાં છે. વડોદરા શહેરના ભાયલી તેમજ બીલ ખાતેના પ્રધાનમંત્રી આવાસ યોજનાના લોકાર્પણ નિમિતે વડોદરા શહેરના અકોટા વિસ્તારમાં આવેલા સર સયાજી નગરગૃહ હૉલ ખાતે તેનો લોકાર્પણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં વડોદરાના ભાયલી ટી.પી. સ્કીમ નં.- ૧ ના એફ.પી., ૧૨૨ ક્ષેત્રફળ અને ૧૧૫૯૫.૦૦ ચો.મી. જમીનને આવરી લેવામાં આવી છે, ત્યાં કુલ ૮ ટાવર, ૭ માળ તેમજ ફ્લોર દીઠ ૮ ફ્લેટ થઈને કુલ ૪૪૮ ફ્લેટ બનાવવામાં આવ્યા છે આ જ રીતે બીલ ટી.પી. સ્કીમ નં.- ૧ ના એફ.પી., ૩૮ ક્ષેત્રફળમાં ૧૨૪૩૧.૦૦ ચો.મી. વિસ્તારમાં કુલ ૧૧ ટાવર, ૭ માળ, ફ્લોર દીઠ ૪ તથા ૮ ફ્લેટ મળીને કુલ ૫૩૨ ફ્લેટ બનાવવામાં આવ્યા છે જેમાં ૩ લાખથી ઓછી આવક ધરાવતા નાના મોટા વ્યવસાય કરતા પરિવારોને નિયમોનુસાર આવાસોની ફાળવણી કરવામાં આવી છે. આ દરેક પ્રધાનમંત્રી આવાસમાં ૧ હૉલ, ૨ બેડરૂમ, રસોડું, ટોયલેટ, બાથરૂમ જેવી રોજ-બ-રોજની જરૂરી તેમજ આધુનિક લિફ્ટ જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે જેથી કરીને લોકોને વધુમાં વધુ સગવડ મળી રહે. અહીં દરેક બિલ્ડીંગને સ્ટાન્ડર્ડ ક્વોલિટી ધરાવતી ટાઈલ્સ, સ્લાઈડિંગ વિન્ડોઝ, સી. પી. ફિટિંગ, વોટર પ્રૂફ ધાબુ, અંડર ગ્રાઉન્ડ તેમજ ઓવર હેડ પાણીની ટાંકી, પાર્કિંગ વ્યવસ્થા, કમ્પાઉન્ડ વોલ, પ્રવેશદ્વાર સહિત અનેક પ્રકારની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરવાની સાથે ભૂકંપ પ્રતિકારક ક્ષમતા ધરાવતા આવાસો બનાવાયા છે.

કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજનાના પ્રોજેકટ અંતર્ગત ઈ. ડબ્લ્યું. એસ.- ૨ માં ઓથોરિટીની જમીન પર ૮.૫ લાખ પ્રતિ આવાસનો બાંધકામ ખર્ચ કરવામાં આવ્યો છે જેમાં પ્રોજેક્ટ કોસ્ટ એફ. પી. ૧૨૨ ના રૂ. ૪૫.૩૬ તેમજ એફ. પી. ના રૂ. ૪૩.૪૪ મળી કુલ રૂ. ૮૮.૮૧ કરોડનો ખર્ચ થયો હતો.

વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા કરવામાં આવેલા પ્રધાનમંત્રી આવાસ યોજનાના લોકાર્પણ કાર્યક્રમ અકોટા સ્થિત સર સયાજી નગરગૃહ ખાતે યોજવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી આવાસ યોજનાના પુર્ણ થયેલ પ્રોજેક્ટનું લોકાર્પણ સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટ તેમજ છોટાઉદેપુરના સાંસદ શ્રીમતી ગીતાબેન રાઠવાના હસ્તે કરવામાં આવ્યું હતુ. ડભોઈના ધારાસભ્ય શ્રી શૈલેષ મહેતા, વડોદરાના મેયર શ્રીમતી પિંકીબેન સોની તેમજ સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી ડૉ. શીતલ મિસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત મોટાભાગના લોકો અને લાભાર્થીઓ આ લોકાર્પણ કાર્યક્રમના સાક્ષી બન્યા હતા.

### વડોદરામાં મુળ નેપાળની પરિવારથી વિખૂટી પડી ગયેલ મહિલાનું “નારીસંરક્ષણ ગૃહ” દ્વારા પરિવાર સાથે મિલન કરાવ્યું




। વડોદરા, તા.૩૦ ।

“નારી સંરક્ષણગૃહ” એ જિલ્લા મહિલા અને બાળ કચેરીના માર્ગદર્શન તળે કાર્યરત છે, જ્યાં દરેક પીડિત મહિલાઓને એક જ છત નીચે તમામ મદદ પૂરી પાડવામાં આવે છે. તાજેતરમાં નારીસંરક્ષણ ગૃહ દ્વારા વડોદરામાં મુળ નેપાળના પરિવારથી વિખૂટી પડી ગયેલ મહિલાને વડોદરા “અભયમ ૧૮૧” અને “સખી વન સ્ટોપ સેન્ટર” ની મદદ થી “નારી સંરક્ષણગૃહ” ધ્વારા પરિવાર સાથે સફળતાપૂર્વક પુનઃ મિલન કરાવીને ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી છે. થોડા સમય પહેલા “૧૮૧” અભયમ ને આશરે ૫૦ વર્ષીય મહિલા મળી આવ્યાં હતાં. મહિલા માનસિક રીતે થોડા અસ્વસ્થ જણાતા હોવાથી તેઓ અહીંયા કેવી રીતે પહોંચી ગયા અને ક્યાંના છે તેની માહિતી સરળતાથી મળી શકે તેમ ન હતી. તે દરમિયાન આ મહીલાને સૌથી પહેલા “સખી વન સ્ટોપ સેન્ટર” ખાતે મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ તે મહિલાને ૫ થીં ૬ દિવસ બાદ “સખી વન સ્ટોપ સેન્ટર” દ્વારા સુરક્ષિત રીતે “નારી સંરક્ષણ ગૃહ” ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. જ્યાં તે મહિલાની માનસિક પરિસ્થિતિને ધ્યાને લેતા સતત મનોચિકિત્સકની દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા હતા. “નારી સંરક્ષણ ગૃહ”ની મદદથી આ મહિલાની સારવાર સહિત કાઉન્સેલીંગ કરતા તેઓ નેપાળના મહોતરી જીલ્લાના ગૌશાલા ગામ મૂળ વતની છે તથા તેમજ માનસિક રીતે અસ્થિર હોવાથી અજાણતા તેઓ નેપાળથી ટ્રેન દ્વારા વડોદરા સુધી આવી પહોચ્યા હતા, તેમ હોવાનું જાણવા મળ્યુ હતુ.

### જસદણમાં પાંચ વર્ષની બાળાને રૂમમાં પૂરી પિતરાઇ ભાઇએ અડપલાં કર્યા




હુસામુદીન કપાસી

। જસદણ, તા.૩૦ ।

જસદણ પંથકમાં ઘર પાસે બહેન સાથે રમવા ગયેલી પાંચ વર્ષની બાળકીને રૂમમાં પુરી છેડતી કર્યાની ઘટના પ્રકાશમાં આવતા સનસનાટી મચી જવા પામી છે. પોલીસે પોકસો એકટની કલમ હેઠળ ગુનો નોંધી ઢગને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ જસદણ પંથકમાં રહેતા પરિવારની પાંચ વર્ષની માસુમ બાળા પોતાના ઘર સામે જ રહેતી પિતરાઈ બહેનના ઘેર અવાર નવાર રમવા જતી હતી અને પિતરાઈ બહેન ઘરે નહીં હોવાની માસુમ બાળકીને ખબર ન હોવાથી રમવા માટે ગઈ હતી ત્યારે પિતરાઈ ભાઈની દાનત બગડતા બહેન સાથે ઘરે રમવા આવેલી પાંચ વર્ષની પિતરાઈ બહેનને રૂમમાં પૂરી શારીરિક અડપલા કર્યા હતા.

આ અંગે માસુમ બાળાએ પોતાની માતાને આપવીતી વર્ણવી હતી અને ઘર સામે જ રહેતા પિતરાય ભાઈએ રૂમમાં પુરી શારીરિક અડપલાં કર્યા હોવાની જાણ કરી હતી જાણ થતા જ ભોગ બનનાર પાંચ વર્ષની બાળકીની માતાએ જસદણ પોલીસ મથકમાં બાળકી સાથે શારીરિક અડપલાં કરનાર ઢગા સામે પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી હતી પોલીસે ભોગ બનનાર બાળકીની માતાની પોકસો એકટની કલમ હેઠળ ફરિયાદ નોંધી આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

**શ્રાદ્ધ પક્ષમાં હોય છે વિશેષ મહત્વ**

### પાંડવોએ પિતૃઓના મોક્ષ માટે પીંડારા ગામે કર્યું હતું પિતૃ તર્પણ

। દ્વારકા, તા.૩૦ ।

આમ તો તીર્થ સ્થાનોમાં સ્નાન અને દર્શનનું ખૂબ જ મહત્વ રહેલું છે. પરંતુ શ્રાદ્ધમાં દિવસોમાં ભગવાન વિષ્ણુના પૂજા સ્થાનકોનું મહત્વ અનેકગણુ વધી જાય છે. હાલ શ્રાદ્ધ પક્ષ ચાલી રહ્યું છે. જેમાં અનેક લોકો દ્વારકાધીશના ચરણોમાં આવે છે. ખાસ કરીને દ્વારકા પાસે આવેલ પિંડારા ગામનું મહત્વ મહાભારત કાળથી છે. અહીં પાંડવોએ પિતૃઓના મોક્ષ માટે પૂજા કરી હતી. ચારધામમાનું એક ધામ અને સાત પૂરી માંની એક પૂરી એટલે ભગવાન વિષ્ણુ એવા દ્વારકાધીશ ધામમાં દ્વારકાથી ૪૫ કિલોમીટર દૂર પીંડારા ગામ આવ્યું છે. કહેવાય છે કે મહાભારતનાં યુદ્ધ બાદ ગુરુકુળમાં કોઈ બચ્યું ન હતું અને પાંડવો પોતાના ભાઈઓ અને વડીલોનાં પિંડ તારવવા અહી આવ્યા હતા. ભગવાન વિષ્ણુ એટલે કે કૃષ્ણની હાજરીમાં અહી લોખંડનાં પિંડ તારવ્યા હતા. ૫૦૦૦ વર્ષ પહેલાં અહીં પિંડ તારવ્યા હોઈ આ ગામ પિંડારા તરીકે ઓળખાય છે. પાપથી મુકત અને પિતૃઓનાં મોક્ષ માટે ભીમ દ્વારા લોખંડનું પિંડ અહી તરી ગયું હતું. ત્યારથી આ સ્થાનનો મહિમા ગુજરાત અને દેશભરમાં પ્રખ્યાત છે. શ્રાદ્ધ માટે પિંડારાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. જેઓનાં સ્વજનનાં અપમૃત્યુ થયા હોય તેવા પિતૃઓનાં મોક્ષ માત્ર આ ક્ષેત્રમાં સંભવ છે. આમ તો જ્યાં જગતનો તાત બિરાજે તેવા દ્વારકા ધામનાં જગત મંદિરના ૫૬ પગથિયે પવિત્ર ગોમતી નદી આવેલી છે. ખળખળ વહેતી અને સમુદ્ર સાથે સંગમ કરતા આ ગોમતી ઘાટ પર ગુજરાત અને દેશવિદેશથી લોકો અહી પોતાના સ્વજનનાં મૃત્યુ બાદ અસ્થી વિસર્જન કરવા અહી આવે છે.

### પી.એમ.કેર્સ ફોર ચિલ્ડ્રન યોજના અંતર્ગત લાભ લઇ રહેલ બાળકીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરાયું સન્માન

। વડોદરા, તા.૩૦ ।

પ્રધાનમંત્રીશ્રી દ્વારા બાળકો માટે તા.૨૯ મે,૨૦૨૧ના રોજ પી.એમ, કેર્સ ફોર ચિલ્ડ્રન યોજના શરૂ કરવામાં આવી છે. જેમાં કોવિડ-૧૯ રોગચાળાના સમય દરમિયાન બંન્ને માતા-પિતા અથવા કાયદેસર વાલી અથવા દત્તક માતા-પિતા ગુમાવ્યા છે એવા બાળકોની પી.એમ.કેર્સ ફોર ચિલ્ડ્રન યોજના અંતર્ગત pmcaresforchildren.in પોર્ટલ પર ચાઈલ્ડ વેલ્ફેર કમીટી દ્વારા તેના લોગીન આઈડી પરથી એન્ટ્રી કરી હતી. જિલ્લા બાળ સુરક્ષા એકમ વડોદરા દ્વારા એન્ટ્રીની ચકાસણી કરીને જિલ્લા કલેક્ટરશ્રી વડોદરાના લોગીન આઈડીમાંથી ૧૭ બાળકોની અરજી મંજુર કરી છે. તાજેતરમાં



વડોદરામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં “નારી શક્તિ વંદના” કાર્યક્રમ નવલખી ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો. જેમાં પી.એમ.કેર્સ ફોર ચિલ્ડ્રન યોજના અંતર્ગત લાભ લઈ રહેલ બાળકીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સન્માનિત કરવામાં આવી હતી.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
CNN CHANNEL NINE NETWORK GUJARAT
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર “ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત” દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨